# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૦૩ એપ્રિલ ૨૦૨૪, બુધવાર
વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ વદ ૯

વર્ષ : ૧૫
અંક : ૨૪૨

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886




## અયોધ્યા એરપોર્ટ પરથી રોજ ઉડાન ભરશે ૪૮ ફ્લાઈટ

। (એજન્સી) અયોધ્યા,તા.૨ ।

અયોધ્યામાં ભગવાન શ્રી રામલલાના દર્શન કરવા રોજબરોજ શ્રદ્ધાળુઓનો ધસારો જોવા મળી રહ્યો છે, ત્યારે શ્રદ્ધાળુઓને સરળતાથી યાત્રા કરાવવા દેશની છ મુખ્ય એરલાઈન્સે અયોધ્યાના વાલ્મિકી એરપોર્ટથી ૪૮ ફ્લાઈટોનું સંચાલન કરવાની યોજના બનાવી છે. ડાયરેક્ટર જનરલ ઑફ સિવિલ એવિએશન એ પણ તેને મંજૂરી આપી દીધી છે.

## જ્યારે દેશનો વિકાસ થશે ત્યારે ઉત્તરાખંડના લોકોના જીવનમાં પણ મોટો સુધારો થશે

# ત્રીજી ટર્મમાં ભ્રષ્ટાચારીઓ પર વધુ આકરા પ્રહારો થશે : વડાપ્રધાન મોદી

### મફત વીજળીની યોજના અંગે ઉત્તરાખંડને વડાપ્રધાન મોદીનું વચન

। ઉત્તરાખંડ, તા.૨ ।

લોકસભાની આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને ઉત્તરાખંડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આજે પ્રથમ ચૂંટણી રેલી યોજાઈ હતી. આ દરમિયાન તેમણે ભ્રષ્ટાચારને લઈને વિરોધ પક્ષો પર જોરદાર પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે ભ્રષ્ટાચાર વિરુદ્ધ કાર્યવાહી ચાલુ રહેશે. ઉત્તરાખંડમાં આગામી ૧૯ એપ્રિલે પ્રથમ તબક્કામાં મતદાન યોજાવાનું છે. જંગી ભીડ એકઠી થયેલી જોઈને વડાપ્રધાન મોદીએ પહેલા પૂછ્યું કે આ જાહેરસભા છે કે વિજય સભા. લોકોમાં ઉત્સાહ જોઈને વડાપ્રધાને કહ્યું કે દેવભૂમિનું આ વરદાન અદ્ભુત છે. હું આ આશીર્વાદ માટે તમારા સૌનો હૃદયપૂર્વક આભારી છું.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે આપણે કોઈપણ ભોગે ઉત્તરાખંડને વિકસિત રાજ્ય બનાવવું છે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર આ માટે તમામ શક્ય પ્રયાસો કરી રહી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે ઉત્તરાખંડમાં જે ઝડપે વિકાસ થઈ રહ્યો છે તે આઝાદી પછી ક્યારેય થયો નથી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે ધામી સરકાર દરેક ક્ષેત્રમાં વિકાસ કાર્યોને આગળ લઈ જઈ રહી છે. આ સાથે વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ પર પણ નિશાન સાધ્યું છે.

### દેશની સરહદોનું રક્ષણ કરવું એ આપણી ફરજ છે : મોદી



વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે દેશના દરેક ક્ષેત્રમાં વિકાસના ઘણા કામો થઈ રહ્યા છે કારણ કે અમારી સરકારના ઈરાદા સાચા છે. આ સાથે તેણે એમ પણ કહ્યું કે જો ઈરાદા સાચા હોય તો પરિણામ પણ સાચા અને સારા જ હોય છે. આ સાથે વડાપ્રધાન મોદીએ એમ પણ કહ્યું કે અમારી સરકારે દેશને વિશ્વની ત્રીજી અર્થવ્યવસ્થા બનાવવાનું વચન આપ્યું છે. જ્યારે દેશનો વિકાસ થશે, ત્યારે ઉત્તરાખંડના લોકોના જીવનમાં પણ મોટો સુધારો થશે. પીએમ મોદીએ કહ્યું કે, અમારી પાર્ટીની સરકારે ઉત્તરાખંડના દરેક ઘરમાં લોકોને સ્વાભિમાન સાથે જીવવાનો અધિકાર આપ્યો છે. આ સાથે તેમણે એમ પણ કહ્યું કે હવે અમે ઉત્તરાખંડના લોકોને મફત વીજળી પૂરી પાડવાની યોજનાની મદદ આપવા જઈ રહ્યા છીએ. આનાથી લોકોના ઘરોમાં શૂન્ય વીજળી બિલ આવશે અને લોકો માટે આવક પણ થશે. વીજળી આજીવિકાનો આધાર બનશે. આ સાથે તેમણે એમ પણ કહ્યું કે ખેડૂતો અને મહિલા સ્વ-સહાય જૂથોને ડ્રોન યોજના સાથે જોડવામાં આવી રહ્યા છે. ઉત્તરાખંડની બહેનોને આનો ઘણો ફાયદો થશે. તેમણે જનસભામાં ઉપસ્થિત લોકોને કહ્યું કે તમારું સ્વપ્ન અમારી સરકારનો સંકલ્પ છે. આને પરિપૂર્ણ કરવું એ આપણી ફરજ છે.સરહદી રાજ્ય ઉત્તરાખંડમાં જાહેરસભાને સંબોધતા વડાપ્રધાન મોદીએ કચથીવુ ટાપુને લઈને ફરી એકવાર કોંગ્રેસની પૂર્વ સરકાર પર નિશાન સાધ્યું છે.

### લોકોને તેમના ઘરોથી દૂર રહેવા ચેતવણી

## ભૂકંપના આંચકાથી ધણધણ્યું જાપાન, રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૬.૧ની નોંધાઈ

### જાપાનની હવામાન એજન્સીના જણાવ્યાનુસાર, ભૂકંપનું કેન્દ્ર ઇવાતે પ્રાંતના ઉત્તરીય તટીયમાં હતું

। (એજન્સી) જાપાન,તા.૨ ।



જાપાનમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા છે. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૬.૧ નોંધવામાં આવી હતી. આજે ઉત્તરી જાપાનના ઈવાતે અને ઓમોરી (Iwate and Aomori) પ્રાંતમાં ભૂકંપ ના આંચકા અનુભવાયા હતા. અગાઉ, નવા વર્ષે પશ્ચિમ જાપ ાનમાં આવેલા ભૂંકપમાં ૫૦થી વધુ લોકોના મોત થયા હતા. ભૂકંપના જોખમને ધ્યાનમાં રાખીને અધિકારીઓએ ચેતવણી જાહેર કરીને કેટલાક વિસ્તારોમાં લોકોને તેમના ઘરોથી દૂર રહેવા જણાવ્યું હતું. જાપાની મીડિયાના અહેવાલો અનુસાર, હાલમાં આ ભૂકંપના કારણે કોઈ નુકસાનની કોઈ માહિતી નથી. હવામાન વિભાગે સુનામીને લઈને કોઈ એલર્ટ જાહેર કર્યું નથી, જેથી લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. જાપાનની હવામાન એજન્સીના જણાવ્યાનુસાર, ભૂકંપનું કેન્દ્ર ઈવાતે પ્રાંતના ઉત્તરીય તટીયમાં હતું. પૃથ્વીની અંદર સાત પ્લેટ્સ છે, જે સતત ફરતી રહે છે. આ પ્લેટો જ્યાં ટકરાય છે તે ઝોનને ફોલ્ટ લાઈન કહેવામાં આવે છે. વારંવાર ટકકરને કારણે પ્લેટોના ખૂણા વળાંક આવે છે. જ્યારે દબાણ વધે છે, ત્યારે પ્લેટો તૂટવા લાગે છે અને નીચેની ઊર્જા બહાર નીકળવાનો રસ્તો શોધે છે. આ દરમિયાન જે ડિસ્ટર્બન્સ થાય છે તે પછી ભૂકંપ આવે છે.

### ન્યૂઝ બ્રિફ

## ISIS-Kની અમેરિકામાં વિનાશક હુમલા કરે તેવી આશંકા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨ ।

અમેરિકાના ત્રાસવાદ વિરોધી સંરક્ષણ દળના એક વિશિષ્ટ અધિકારીએ એવી ચેતવણી ઉચ્ચારી છે કે મેક્સિકોમાંથી સરહદ ઓળંગી ઘુસી આવેલા ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સીરીયા (ખિલાફત)ની ખોરાસન વિભાગની ''અલ્ટ્રા વાયોલન્ટ બ્રાન્ચ'' (અત્યંત હિંસક શાળા)ના ત્રાસવાદીઓ સરળતાથી અમેરિકામાં ઘુસી શકે તેમ છે અને મોસ્કોમાં કરેલા વિનાશક હુમલા જેવા હુમલા કરી શકે તેમ છે. કસ્ટમ્સ એન્ડ બોર્ડર પેટ્રોલ (સીબીપી)ના અધિકારીઓ જણાવે છે કે તેમણે ૨૦૨૧માં ૧૫ સસ્પેકટેડ ટેરરિસ્ટસને પકડી પાડયા હતા.

## ચંબલમાં બ્રિટિશ શાસન કાળનો બ્રિજ ધરાશાયી થયો

। (એજન્સી) મુરેના,તા.૨ ।

મુરેના જિલ્લાના જૌરામાં બ્રિટિશ સમયનો નૈરોગેજ રેલ્વે બ્રિજ ધરાશાયી થયો છે. આ દુર્ઘટનામાં બ્રિજ પર કામ કરી રહેલા છ મજૂરો ઘાયલ થયા છે. નૈરોગેજ રેલ્વે લાઈનના આ જૂના પુલને કામદારો કાપી રહ્યા હતા. આ દરમિયાન અચાનક પુલ તૂટી ગયો અને તમામ કામદારો ૫૦ ફૂટ નીચે પડી ગયા. તમામ ઘાયલોને જૌરા હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જ્યારે બેની હાલત ગંભીર બનતા પ્રાથમિક સારવાર બાદ તેઓને મુરેના રીફર કરાયા હતા.

### પતંજલિની બોગસ એડવર્ટાઈઝમેન્ટના મામલો

# રામદેવે દવાઓની ભ્રામક જાહેરખબરો અંગે માફી માગી

### રામદેવની કંપનીએ તેનું પાલન ન કરતા અદાલતના તિરસ્કારની કાર્યવાહી થઈ શકે છે

। (એજન્સી) નવી દિલ્લી,તા.૨ ।



રામદેવે પોતાની કંપની પતંજલિ આયુર્વેદની દવાઓ વિશે જાત જાતના ભ્રામક દાવા કર્યા હતા. બાબાની દવાઓ કેટલી અસરકારક કે કેટલી જોખમી છે તેના કોઈ રિસર્ચ થયા ન હતા અને સીધો દાવો કરી દેવાયો હતો કે તેમની પાસે ગંભીર બીમારીઓના ઈલાજ છે. જોકે, આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે, સુપ્રીમ કોર્ટે રામદેવને ફટકાર આપી છે જેના કારણે આજે તેમણે બિનશરતી માફી માગી લીધી છે. પતંજલિની બોગસ એડવર્ટાઈઝમેન્ટના કેસ મામલે રામદેવ અને આચાર્ય બાલક્રિષ્ના આજે સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા. સુપ્રીમે અગાઉ રામદેવને ઝાટક્યા હતા અને બોગસ જાહેરાતોના મામલે શો કોઝ નોટિસ આપીને બીજી એપ્રિલે કોર્ટમાં હાજર રહેવા કહ્યું હતું. મેડિકલ પ્રોડક્ટ અંગે ભ્રામક જાહેરખબરો પ્રકાશિત કરવાની મનાઈ હોવા છતાં રામદેવની કંપનીએ તેનું પાલન ન કરતા તેમની સામે અદાલતના તિરસ્કારની કાર્યવાહી થઈ શકે છે. પતંજલિ આયુર્વેદના મેનેજિંગ ડિરેક્ટર બાલક્રિષ્નાએ કોર્ટ સમક્ષ બિનશરતી માફી માગી હતી અને કહ્યું હતું કે ભવિષ્યમાં આવી ભૂલ નહીં થાય.

## અમેરિકાએ રાતા સમુદ્રમાં રૌદ્ર સ્વરૂપ દર્શાવ્યું

। (એજન્સી) નવી દિલ્હી,તા.૨ ।

અમેરિકી દળોએ યુદ્ધગ્રસ્ત અમનના હુથી વિદ્રોહીઓના કબ્જા નીચેનાં ક્ષેત્રમાં એક ડ્રોન વિમાનનો નાશ કર્યો હતો. તેમજ રાતા સમુદ્રમાં રહેલા મહત્વના જળમાર્ગ ઉપર પણ એક ડ્રોન વિમાનનો નાશ કર્યો હતો. આ માહિતી આપતા અમેરિકાની સેનાએ જણાવ્યું હતું કે ઈરાન સમર્પિત વિદ્રોહીઓ અને અમેરિકા વચ્ચે મહિનાઓથી વધતી રહેલી તંગદિલી વચ્ચે આ તાજી ઘટના બની છે.હુથી વિદ્રોહીઓએ રાતા સમુદ્રમાંથી ઈઝરાયલ તરફ જ્યાં તમામ જહાજોને નિશાન બનાવવાની ચેતવણી આપી હતી.

### VVPAT એક સ્વતંત્ર વોટ વેરિફિકેશન સિસ્ટમ છે

# સુપ્રીમ કોર્ટે તમામ 'VVPAT' સ્લિપની ગણતરી કરવાની અરજી પર ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકાર પાસે જવાબ માંગ્યો

### અરજીમાં જણાવાયું છે કે સરકારે અંદાજે ૨૪ લાખ VVPAT ની ખરીદી પર અંદાજે રૂ. ૫,૦૦૦ કરોડનો ખર્ચ કર્યો છે, પરંતુ હાલમાં માત્ર ૨૦,૦૦૦ VVPAT સ્લિપની ચકાસણી થાય છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।



સુપ્રીમ કોર્ટે ચૂંટણીમાં તમામ 'VVPAT' સ્લિપની ગણતરીની માંગ કરતી અરજી પર ચૂંટણી પંચ અને કેન્દ્ર પાસેથી જવાબ માંગ્યો છે. હાલમાં, VVPAT સ્લિપ દ્વારા માત્ર પાંચ અવ્યવસ્થિત રીતે પસંદ કરાયેલ EVM (ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન) ની ચકાસણી કરવાનો નિયમ છે. 'વોટર વેરિફાયેબલ પેપર ઓડિટ ટ્રેઈલ' (VVPAT) એક સ્વતંત્ર વોટ વેરિફિકેશન સિસ્ટમ છે, જે મતદારને એ જોવાની મંજૂરી આપે છે કે તેનો મત તે ઉમેદવારને ગયો છે કે જેને તેણે મત આપ્યો છે. VVPAT દ્વારા, મશીનમાંથી કાગળની સ્લિપ બહાર આવે છે, જેને મતદાર જોઈ શકે છે અને આ સ્લિપને સીલબંધ બોક્સમાં રાખવામાં આવે છે અને વિવાદના કિસ્સામાં તેને ખોલી શકાય છે. જસ્ટિસ બી.આર. જસ્ટિસ ગવઈ અને સંદીપ મહેતાની બેન્ચે સામાજિક કાર્યકર્તા અરુણ કુમાર અગ્રવાલનું પ્રતિનિધિત્વ કરતા વકીલોની દલીલો ધ્યાનમાં લીધી જેમણે ચૂંટણીમાં તમામ VVPAT સ્લિપની ગણતરી કરવાની માંગ કરી હતી.

## ઇસ્લામ અને પયગંબરનું અપમાન કરનારા સલવાન મોમિકાનું શંકાસ્પદ મોત

। (એજન્સી) કોપનહેગન, તા.૨ ।

કુરાન સળગાવીને વારંવાર ઈસ્લામ અને પયગંબરનું અપમાન કરનાર સલવાન મોમિકાનું શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું છે. સલવાન મોમિકા એ વ્યક્તિ હતો જે સ્વીડનમાં વારંવાર કુરાન બાળી રહ્યો હતો, જેના કારણે સમગ્ર વિશ્વમાં પ્રદર્શનો થયા હતા. ઈરાકનો રહેવાસી સલવાન મોમિકા, જે અગાઉ ઈરાકી મિલિશિયામાં હતો, તે પછીથી ઈસ્લામનો કટ્ટર ટીકાકાર બન્યો અને સ્વતંત્ર વાણીના આધારે તેણે વારંવાર કુરાન સળગાવીને ઈસ્લામનું અપમાન કર્યું, જેના કારણે સમગ્ર વિશ્વમાં તેની ટીકા થઈ. સલવાન મોમિકા, એક ખ્રિસ્તી નાગરિક, પછીથી નાસ્તિક બન્યો અને તેની ગણતરી ઈસ્લામના કટ્ટર ટીકાકારોમાં કરવામાં આવી. ખાસ કરીને તેમના ભાષણોમાં, ઈરાકમાં ખ્રિસ્તીઓના નરસંહારનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને તેમને પણ પાછળથી ઈરાક છોડીને ભાગવું પડ્યું હતું. જૂન ૨૦૨૩માં ઈદના દિવસે, સાલ્વાન મોમિકાએ વિશ્વને ચોંકાવી દીધું જ્યારે તેણે મુસ્લિમોના પવિત્ર પુસ્તક કુરાનની નકલને સ્ટોકહોમની સૌથી મોટી મસ્જિદની સામે સળગાવી દીધી. તેના એક મિત્રએ આ આખો સીન ફિલ્માવ્યો હતો. સલવાન મોમિકા મળી આવી છે.

## ભારત સાથેના સબંધો સુધરવાની આશા : પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી

। (એજન્સી) ઈસ્લામાબાદ,તા.૨ ।

પાકિસ્તાની રક્ષા મંત્રી ખ્વાજા આસિફે લોકસભા ચૂંટણી બાદ ભારત સાથેના સબંધો સુધરશે તેવી આશા વ્યક્ત કરી છે. ઈસ્લામાબાદ સંસદ ભવનની બહાર ખ્વાજા આસિફે ઉપરોક્ત નિવેદન આપતા કહ્યુ હતુ કે, ભારત અને પાકિસ્તાનના સબંધોનો પોતાનો એક ઈતિહાસ છે અને લોકસભા ચૂંટણી બાદ બંને દેશોના સબંધોમાં સુધારો જોવા મળશે તેવી અમને આશા છે. આસિફે અફઘાનિસ્તાન સાથેના સબંધો અંગે પણ કહ્યુ હતુ કે, પાકિસ્તાન પ્રત્યે અફઘાનિસ્તાનની સરકારના વલણમાં જોવા મળી રહેલા ઉતાર ચઢાવના કારણે પાડોશી દેશ માટે અમારી પાસેના વિકલ્પો ઘટી રહ્યા છે. પાકિસ્તાને હંમેશા અફઘાનિસ્તાનનો સાથ આપ્યો છે અને તેમના માટે પાકિસ્તાન યુધ્ધ પણ લડ્યુ છે. આમ છતા પાકિસ્તાન પર આતંકવાદી હુમલો કરી રહેલા સંગઠનોને અફઘાનિસ્તાનની ધરતી પર આશ્રય મળી રહ્યો છે. અમે તાલિબાન સરકારને મળીને આતંકવાદને રોકવા માટે પ્રભાવશાળી કાર્યવાહી કરવા માટે પણ અનુરોધ કર્યો છે. જોકે અફઘાનિસ્તાન જે પ્રકારનો પ્રસ્તાવ મુકી રહ્યુ છે તેનો અમલ વ્યવહારુ રીતે શક્ય નથી. પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીનુ ભારત માટેનુ નિવેદન અણધાર્યુ છે. આ પહેલા પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે પણ સ્વીકાર્યુ હતુ કે, પાકિસ્તાનમાં ત્રીજા દેશો થકી ભારતીય વસ્તુઓની આયાત કરવામાં આવી રહી છે.




### ઘરમાં ન કોઈ તાળા તૂટયા ન કોઈ વસ્તુ વેરવિખેર થઇ છતાય ચોરી થતા જાણભેદુ હોવાની શકયતા

# ઝાલોદ નગરમાં અનોખો ચોરીનો કિસ્સો નોંધાયો : અંદાજીત ૧૧ થી ૧૨ લાખના મુદ્દામાલની ચોરી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

ઝાલોદ નગરના મીઠાચોક વિસ્તારના વાવડી ફળિયામાં વણિક સમાજની જમણવાડીની સામે બિપીન.એન.શાહ નુ મકાન આવેલ છે. તેમના મકાન માથી આસરે ૧૧ થી ૧૨ લાખના મુદ્દામાલની ચોરીની ઘટના બનેલ છે. બીપીન શાહ તારીખ ૦૧-૦૪-૨૦૨૪ સોમવારના રોજ પોતાના પારિવારિક કામ અર્થે પોતાના પરિવાર સાથે બહારગામ ગયેલ હતા અને ઘરમાં ફક્ત તેમના પુત્રની ધર્મપત્ની રોકાયેલ હતી. પુત્રની ધર્મપત્ની ઘરમાં એકલા હોવાથી તેઓ ઘરના કામકાજ પતાવી નજીકમાં તેમના કાકા સસરા આનંદ શાહના ઘરે પોતાના મકાનને તાળુ મારીબપોરે અંદાજીત બે વાગે ગયેલ હતા. તેમજ તે દરમ્યાન ઘરના નાનામોટા કામકાજ માટે ઘરે એક બે વખત આવવાનું પણ થયેલ હતું. તે શિવાય તેઓ પોતાના કાકા સસરાને ત્યાં હતા. બિપીનભાઈ રાત્રે ઘરે આવી જતાં પોતાની પુત્રવધૂને બોલાવી લીધેલ હતી. તેમજ બહારથી થાકેલા આવેલ હોવાથી ઘરે આવીને સુઇ ગયેલ હતા. સવારે ઉઠ્યા પછી બિપીનભાઈની નજર તિજોરી પાસે સોનાનો મંગળસૂત્ર બહાર પડેલો નજર પડતાં તેઓએ તિજોરી ખોલી હતી. તિજોરી ખોલતા દરેક વસ્તુ જેમ હતી તેમ જ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ગોઠવેલ હતી તેમજ ઘરમાં કોઈ પણ વસ્તુ વેરવિખેર પડી હોય તેવું લાગ્યું ન હતું તેમજ ઘરમાં પ્રવેશવાના મુખ્ય રસ્તા પર પણ તાળું મારેલ હતું અને તેઓ રાત્રી દરમ્યાન આવ્યા ત્યારે તાળું ખોલીને ઘરમાં પ્રવેશ કર્યો હતો. ઘરમાં કોઈ પણ વસ્તુ વેરવિખેર કે અસ્તવ્યસ્ત ન હોવાથી ચોરી ક્યારે થઈ તેવી ખબર પડેલ ન હતી. ઘરમાં તિજોરીનો બહાર પડેલ સોનાની રકમ પરથી ચોરીની શંકા જતા તેઓએ તિજોરી ખોલતા અંદરથી તમામ સોનાની જ્વેલરી જેની અંદાજિત કિંમત ૬ થી ૭ લાખ છે તેમજ બે દિવસ પહેલા એક મકાન નું બાનાખત કર્યું હતું તે પેટે પાંચલાખ રૂપિયા તેમને મળ્યા હતા. તે પણ મળેલ ન હતા. આમ સોનાની રકમ અને રોકડા રૂપિયા મળી અંદાજીત અગિયાર થી બાર લાખની ચોરી થયેલ હતી. ચોરી થયા પછી તિજોરી કે ઘરમાં કોઈપણ અન્ય વસ્તુના તાળા તૂટયા હોય તેવું જોવા મળ્યું ન હતું આમ ચોરે બિન્દાસ ઘરમાં ભરાઈ શાંતિ પૂર્વક તિજોરી ખોલી ચોરી કરેલ હોવાનું જાણવા મળેલ છે. ચોરી થયાની જાણ બિપીનભાઈ દ્વારા ઝાલોદ પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલ હતી પોલીસ દ્વારા સ્થળ પર તપાસ તેમજ ઘરમાં રહેતા દરેક સભ્યોની પૂછપરછ કરવામાં આવેલ હતી. આ સમગ્ર ઘટનામાં કોઈ જાણભેદુ દ્વારા જ ચોરી કરવામાં આવેલ છે તેવી ચર્ચા એ જોર પકડયું છે. હાલ જાણવા મળેલ મુજબ પોલીસ દ્વારા ખાનગી રાહે તપાસ હાથ ધરેલ છે તેથી પોલીસ સ્ટેશનમાં કોઈ એફ.આઈ.આર નોંધાયેલ નથી. નગરમાં આવી વિચિત્ર ચોરીની ઘટના સર્જાતા સમગ્ર નગરમાં ચર્ચાનો વિષય બનેલ છે.

**ન્યૂઝ બ્રિફ**

## મિનરલ પાણીની બોટલમાં ફૂગ અને જીવાણુ જોવા મળ્યા

। (એજન્સી) પાલનપુર, તા.૨ ।

બનાસકાંઠાના પાલનપુરમાં મિનરલ પાણીની બોટલમાં ફૂગ અને જીવાણુ જોવા મળ્યા છે. શગુન બેવરેજીસમાં મિનરલ પાણીમાં ફૂગ અને જીવાણું હોવાનું સામે આવ્યુ છે. ફૂડ વિભાગે રેડ કરી મુદ્દામાલ સીઝ કર્યો છે. મિનરલ પાણીનો ૧.૧૩ લાખના મુદ્દા માલનો જથ્થો સીઝ કરી સેમ્પલ લેબમાં મોકલાયા છે.રાજ્યમાં અવારનવાર અખાદ્ય પદાર્થ ઝડપાતો હોય છે. પરંતુ બનાસકાંઠાના પાલનપુરમાં મિનરલ પાણીની બોટલમાં ફૂગ અને જીવાણુ જોવા મળ્યા છે. શગુન બેવરેજીસમાં મિનરલ પાણીમાં ફૂગ અને જીવાણું હોવાનું સામે આવ્યુ છે. ફૂડ વિભાગે રેડ કરી મુદ્દામાલ સીઝ કર્યો છે. મિનરલ પાણીનો ૧.૧૩ લાખના મુદ્દા માલનો જથ્થો સીઝ કરી સેમ્પલ લેબમાં મોકલાયા છે. બે માસ અગાઉ ફૂડ વિભાગે ૫૬૬૪ મિનરલ પાણીની બોટલ જપ્ત કરી હતી. એક લીટરની બોટલમાં મિનરલ વોટર સપ્લાય કરાતું હતું.

## ૬ કરોડના ખર્ચે ૧૦૦ સિગ્નલ પર ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ લગાવાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદીઓને ખુશી મળે તેવા સમાચાર સામે આવ્યા છે. વાત એવી છે કે, ટ્રાફિક સિગ્નલ પર થતો તમારો ટાઈમ વેસ્ટ હવે ઓછો થશે. કારણ કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એક એવી સિસ્ટમ લાવી રહ્યું છે કે જેનાથી લોકોનો સમય અને સાથે જ પેટ્રોલ પણ બચશે. કોર્પોરેશન ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ લાવી રહ્યું છે. જે સિસ્ટમની મદદથી લોકોને ટ્રાફિક સિગ્નલ પર વધુ સમય ઉભા રહેવામાંથી મુક્તિ મળશે. અમદાવાદ શહેરમાં અંદાજે ૬ કરોડના ખર્ચે ૧૦૦ સિગ્નલ પર આ સિસ્ટમ લગાવાશે. જેની મદદથી લોકોને ટ્રાફિકની સમસ્યાથી રાહત મળશે. આ સિસ્ટમ કોર્પોરેશન આગામી સમયમાં લાવવા જઈ રહ્યું છે. જેના કારણે લોકોને ટ્રાફિક સિગ્નલ પર વધુ સમય ઉભા રહેવુ નહી પડે. એટલે કે જો ચાર રસ્તા પર એક સિગ્નલ ખુલે જેનો દોઢ મિનિટ સમય હોય અને ત્યાથી ૬૦ સેકન્ડમાં ટ્રાફિક હળવો થઈ જાય, તો તરત ઓટોમેટિક સિગ્નલ બંધ થઈ જશે.

### ગરમીમાંથી મળશે રાહત!

# ગુજરાતમાં રવિવાર સુધી તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર નહીં જવાની આગાહી

### ગુજરાત સહિત રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને અન્ય કેટલાક રાજ્યોમાં આ મહિને ભારે વરસાદની સંભાવના

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

રાજ્યમાં છેલ્લા થોડા દિવસથી તાપમાનનો પારો થોડો નીચો રહેતા લોકોએ તાપમાંથી રાહત મેળવી છે. ત્યારે હવામાન વિભાગે ગુજરાતીઓ માટે સારા સમાચાર આપ્યા છે. હાલ કોઈપણ પ્રકારની વોર્નિંગની આગાહી આપવામાં આવી નથી.સોમવારે હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે કરેલી આગાહીમાં જણાવ્યુ હતુ કે, ‘આગામી પાંચ દિવસમાં ગુજરાતનું હવામાન શુષ્ક રહેશે. આ સાથે તેમણે જણાવ્યુ છે કે, મહત્તમ તાપમાનમાં મોટો ફેરફાર થવાની કોઈ શક્યતા નથી. આ સાથે તેમણે જણાવ્યુ હતુ કે, છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૩૯.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ છે જ્યારે ગાંધીનગરમાં ૩૯ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. આ સાથે તેમણે જણાવ્યુ કે, રાજ્યમાં સૌથી વધુ અમરેલીમાં ૩૮.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. ‘અભિમન્યુ ચૌહાણે જણાવ્યુ હતુ કે, ‘આ સપ્તાહના મહત્તમ



તાપમાનમાં કોઈ વધારે ફેરફારની સંભાવના નથી. તાપમાન ૪૦ ડિગ્રીથી નીચે રહેવાની સંભાવના છે. કોઈપણ પ્રકારની વોર્નિંગ આપવામાં નથી આવી. તો બીજી બાજુ તેમણે જણાવ્યુ છે કે, દરિયા કિનારે હવા ઉત્તર પશ્ચિમ દિશાથી ફૂંકાશે. દરિયાકાંઠે ૧૫થી ૨૦ માઈલ્સ પ્રતિ કલાકની ગતિ રહેશે. જમીન પર પણ ઉત્તર પશ્ચિમ દિશામાં હવા ફૂંકાઈ રહી છે. આખુ સપ્તાહ આ રીતે જ હવાઓ ફૂંકાશે જે બાદ પવનની દિશા બદલાશે. જેના કારણે તાપમાનમાં આગામી સપ્તાહથી થોડા વધારો જોવા મળશે.’તો આજે આપણે ભારતીય હવામાન વિભાગની આગાહી પણ જોઈએ. IMD ની આગાહીમાં જણાવ્યા પ્રમાણે, આકરી ગરમીની સાથે આ મહિને અનેક જગ્યાએ વરસાદ પણ પડશે. સામાન્ય રીતે એપ્રિલ મહિનામાં ઓછો વરસાદ પડે છે, પરંતુ આ વખતે આવું નહીં થાય. ગુજરાત સહિત રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને અન્ય કેટલાક રાજ્યોમાં આ મહિને ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલા અપડેટમાં કહેવામાં આવ્યું છે કે, ‘ઉત્તર-પશ્ચિમ ભારતના મોટાભાગના ભાગોમાં અને મધ્ય ભારતના ઘણા ભાગો, ઉત્તરી દ્વીપકલ્પ ભારત, પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતમાં સામાન્ય અથવા સામાન્યથી વધુ વરસાદની શક્યતા છે. એપ્રિલ મહિનામાં પૂર્વ અને પશ્ચિમી દરિયાકાંઠાના વિસ્તારોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડવાની ધારણા છે.હવામાન નિષ્ણાતે પોતાની આગાહીમાં જણાવ્યું છે કે, એપ્રિલ મહિનાની શરુઆતથી વાદળછાયુ વાતાવરણ રહેશે.

## અમદાવાદ શહેરની માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ૧૮ વર્ષથી ઉપરની વયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ અચૂક મતદાનના શપથ લીધા







। અમદાવાદ, તા.૨ ।

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અમદાવાદ શહેર દ્વારા માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરી ગયેલા ભૂતપૂર્વ ૧૮ વર્ષથી ઉપરની વયના હોય અને પહેલી વખત મતદાન કરવાના હોય તેવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને શાળા આચાર્યશ્રી દ્વારા બોલાવી શાળા કક્ષાએ સન્માન સમારંભ રાખી મતદાન જાગૃતિનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું તથા સામુહિક રીતે સૌને ફરજિયાત મતદાનન શપથ લેવડાવવામાં આવ્યા હતા. અમદાવાદ શહેરની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બધી શાળાઓ મળીને અંદાજિત ૩૫,૪૭૫ ભૂતપૂર્વ વિધાર્થીઓએ પોતાની શાળાઓમાં પધારીને અવશ્ય મતદાન કરવાના શપથ લીધા હતા અને અન્ય તેમની વયના મિત્રોને પણ મતદાન આપવા પ્રોત્સાહિત કરશે એવી પ્રતિજ્ઞા લીધી હતી.

### સૌરાષ્ટ્રની જનતાને મોંઘવારીનો વધુ એક ડોઝ

# સૌરાષ્ટ્રની ૫૦૦ જેટલી ખાનગી શાળા દ્વારા ફી વધારો કરવામાં આવ્યો

### સ્કૂલો દ્વારા જૂની ફીમાં એવરેજ રૂપિયા ૨ હજારથી લઈને ૧૦ હજાર સુધીનો વધારો કરવામાં આવ્યો છે

। (એજન્સી) રાજકોટ, તા.૨ ।

પહેલેથી જ મોંઘવારીનો માર ઝીલી રહેલી રાજ્યની જનતાને વધુ એક મોંઘવારીનો ડોઝ મળવા જઈ રહ્યો છે. મળતી માહિતી મુજબ, સૌરાષ્ટ્રની ૫૦૦ જેટલી ખાનગી શાળા દ્વારા ફી વધારો કરવામાં આવ્યો છે, જેમાં સ્કૂલો દ્વારા જૂની ફીમાં એવરેજ રૂપિયા ૨ હજારથી લઈને ૧૦ હજાર સુધીનો વધારો કરવામાં આવ્યો છે.

બીજી તરફ ૨ માસ બાદ નવું શૈક્ષણિક સત્ર શરૂ થવા જઈ રહ્યું છે, પરંતુ હજુ સુધી સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાની સ્કૂલોએ માંગેલા ફી વધારા મામલે ફી નિર્ધારણ કમિટી દ્વારા કોઈ જ નિર્ણય લેવાયો નથી. ત્યારે હવે સ્કૂલો દ્વારા જ ફી વધારો કરી દેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યની ખાનગી સ્કૂલોમાં ફીનું ધોરણ નક્કી કરવા માટે વર્ષ ૨૦૧૭માં ગુજરાત સરકાર દ્વારા ફી નિર્ધારણનો કાયદો લાવવામાં આવ્યો હતો, જે અંતર્ગત રાજ્યના ૪ ઝોનમાં ફી નિર્ધારણ કમિટીની રચના કરવામાં આવી હતી. હાલ આ કમિટીમાં ૫માંથી ૩ સભ્યોની નિમણૂક છેલ્લા ૫ માસથી થઈ ન હોવાથી ખાનગી સ્કૂલોની ફી નિર્ધારિત થઈ શકી નથી. રાજકોટમાં બેસતી સૌરાષ્ટ્ર ઝોનની કમિટીમાં પણ ૫માંથી માત્ર ૨ જ સભ્યો રહ્યા છે. રાજકોટ ફી નિર્ધારણ કમિટીના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, રાજકોટમાં સૌરાષ્ટ્ર ઝોનની ફી નિર્ધારણ કમિટી કાર્યરત છે.

### RTE અંતર્ગત એડમિશનની પ્રક્રિયા

# રાઇટ ટુ એજ્યુકેશન હેઠળ ૧૦ હજાર ફોર્મ રિજેક્ટ કરાયા

### અમદાવાદમાં અત્યાર સુધીમાં ૩૬ હજાર ફોર્મ ભરાયા છે, જેમાંથી ૧૦ હજાર ફોર્મ રિજેક્ટ થયા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

રાઈટ ટુ એજ્યુકેશન (RTE) અંતર્ગત રાજ્યભરમાં ગત ૧૪ માર્ચથી પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ છે, જોકે આવકના દાખલાની માથાકૂટને લઈને આ ફોર્મ ભરવાની તારીખ ૩૦ માર્ચ સુધી લંબાવવામાં આવી હતી. અમદાવાદમાં અત્યાર સુધીમાં ૩૬ હજાર ફોર્મ ભરાયા છે, જેમાંથી ૧૦ હજાર ફોર્મ રિજેક્ટ થયા છે. ત્યારે આ રિજેક્ટ થયેલા ફોર્મને સુધારણાની તક ત્રણ દિવસ માટે આપવામાં આવી છે. બીજી તરફ શાળા સંચાલક મંડળે રાજ્યભરમાં રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત સીટો વધારવાની માંગ કરી છે. રાજ્યભરમાં રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત એડમિશનની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે, ત્યારે અમદાવાદમાં જ ૩૬ હજારથી વધુ વિદ્યાથીઓએ ફોર્મ ભર્યા છે. ૩૦ મી માર્ચ સુધીમાં વિદ્યાથીઓને ફોર્મ ભરવાની છેલ્લી તારીખ હતી, જેમાં ૩૬૦૪૨ વાલીઓએ પોતાના બાળકોના પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભર્યા હતા. આ ફોર્મની સ્ક્રૂટીની થયા બાદ ૨૫૮૦૦ વિદ્યાથીઓના ફોર્મ એપ્રુવ કરવામાં આવ્યા છે, જ્યારે ૧૦,૦૬૦ વિદ્યાથીઓના ફોર્મ રિજેક્ટ કરવામાં આવ્યા છે. જે વિદ્યાથીઓના આ ફોર્મ રિજેક્ટ થયા છે, તેમને સુધારણા કરવા માટે ૩ દિવસ આપવામા આવ્યા છે. એટલે કે વાલીઓ તેમના ખુટતા ડોક્યુમેન્ટ આગામી ૩જી એપ્રીલ સુધીમાં અપલોડ કરી ફોર્મ સુધારી શકે છે. બીજી તરફ રાજ્ય શાળા સંચાલક મંડળ દ્વારા સરકારમાં સીટો વધારવા માટે રજૂઆત કરવામાં આવી છે. શાળા સંચાલક મંડળના પ્રમુખ ભાસ્કર પટેલે જણાવ્યુ હતુ કે, ધોરણ ૧માં પ્રવેશ માટે વિદ્યાથીઓની ઉંમર ૬ વર્ષની કરવામાં આવતા ગત વર્ષે વિદ્યાથીઓની સંખ્યમાં મોટો ઘટાડો નોંધાયો છે. જેને લઈને આ વર્ષે રાઈટ ટુ એજ્યુકેશન ની બેઠકો ૫૦ ટકા જેટલી ઘટી છે. જે મુજબ આ વર્ષે ૨૦૨૪-૨૫ માટે માત્ર ૪૩૮૯૬ જેટલી જ બેઠકો છે. જેની સામે ગત વર્ષે ૮૩ હજાર જેટલી બેઠકો હતી. રાઈટ ટુ એજ્યુકેશન પ્રવેશના હાલના નિયમ મુજબ ધોરણ ૧ ની વર્ગ દીઠ કુલ મંજુર જગ્યામાં ગત વર્ષે જે રાઈટ ટુ એજ્યુકેશનનો પ્રવેશ થયા હોય તેને બાદ કરતાં જેટલી બેઠકો રહે તેના ૨૫ ટકા મુજબ બીજા વર્ષે પ્રવેશ અપાય છે.

## રાજકોટના કુવાડવા પાસે માથામાં ધોકો ફટકારીને યુવકની ક્રૂર હત્યા

। (એજન્સી) રાજકોટ, તા.૨ ।

રાજકોટ-અમદાવાદ હાઈવે પર આવેલા કુવાડવા ગામ પાસે એક હોટેલ પાસેથી યુવકની લાશ મળતા ચકચાર મચી ગઈ હતી. આ યુવકની માથાના ભાગે બોથડ પદાર્થના ઘા ઝીંકી હત્યા કરાયાનું સામે આવ્યું હતું. મુળ મધ્યપ્રદેશનો યુવાન મઘરવાડામાં વાડીમાં મજૂરી કરતો હતો અને સેન્ટીંગ કામ પણ કરતો હતો. બે દિવસ અગાઉ વાડીએથી નીકળી ગયા બાદ આજે લાશ મળી આવી હતી. આ મામલે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. આ બનાવ અંગે મળતી માહિતી મુજબ, કુવાડવા ગામ પાસે વાંકાનેર ચોકડી નજીકની માધવ હોટેલ પાસે રોડ સાઈડમાં એક અજાણ્યા શખ્સની લાશ પડી હોવાની જાણ સરપંચ દ્વારા પોલીસને કરવામાં આવી હતી. આ માહિતી મળતાં જ કુવાડવા રોડ પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસે ઘટના સ્થળે જોતાં એક રેકડી પાસે યુવાનની લાશ પડેલી જોવા મળી હતી. નજીકમાં એક ધોકો પણ હતો. આ યુવાન કદાચ રેકડીમાં સુતો હશે ત્યારે કોઈએ ઝઘડો કરીને કે પછી ઉંઘમાં જ તેને ઢાળી દીધાની શક્યતા જણાઇ હતી. પોલીસે ઓળખ મેળવવા તપાસ કરતાં મૃતક યુવાનનું નામ પાકીયાભાઇ ઉર્ફે વિનોદભાઇ પાડવીભાઇ ગેદરીયા (ઉ.૩૬) હોવાનું અને તે મુળ મધ્યપ્રદેશની બોર્ડર પર આવેલા વાટા ગામનો વતની હોવાનું ખુલ્યું હતું. વધુ તપાસ થતાં હાલમાં આ યુવાન કુવાડવાના મઘરવાડા ગામે નથુભાઈની વાડીએ મજૂરી કરવો હતો. તે ખેત મજૂરી કરવા ઉપરાંત પચ્ચીસેક દિવસથી સેન્ટીંગ કામ પણ કરતો હતો, તેમજ ભંગારની ફેરી પણ કરી લેતો હતો. બે દિવસ અગાઉ તે વાડીએથી નીકળ્યા બાદ આજે તેની લાશ મળી હતી. તેને સંતાનમાં એક પુત્ર તથા બે પુત્રી છે. તેની પત્નિ અને સંતાનો વતન એમપીમાં રહે છે. પોલીસે આ હત્યા કેસનો ભેદ ઉકેલવા દોડધામ શરૂ કરી છે.

### નિવૃત્તિના ૧૮ વર્ષ બાદ કોર્ટે ફટકારી સજા

# નજીવી લાલચના કારણે ૧૨ સેવાકીય એવોર્ડ પર ફેરવ્યું પાણી!

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદના રામોલ વિસ્તારમાં રહેતા હિરાબહેનના નામે ૫ નવેમ્બર ૨૦૦૨ના રોજ તેમના દીકરાએ ૬૦ હજાર રૂપિયયાની ફિક્સ ડિપોઝીટ જનતાગર પોસ્ટ ઓફિસમાં કરી હતી. આ એફડી સબ પોસ્ટ માસ્ટર ભગવાનભાઈ મંડલી દ્વારા કરવામાં આવી. આ દરમિયાન થોડા જ સમયમાં બોગસ સહી અને સિક્કા મારફતે એફડી ભગવાનભાઈ મંડલીએ ઉપાડી લીધી હતી.

બીજી તરફ હિરાબહેનના દીકરાએ એફડી લેવા પ્રક્રિયા કરતા ચાર વર્ષ બાદ ઘટસ્ફોટ થયો હતો. જે અંગે પોસ્ટ ઓફિસને જાણ થતા વર્ષ ૨૦૦૬માં ફરજ પરના પોસ્ટ અધિકારી લક્ષ્મણભાઈ પંચાલે જુના સબ પોસ્ટ માસ્ટર ભગવાનભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જોકે આ દરમિયાન કેસ અમદાવાદ ગ્રામ્ય કોર્ટ ચાલ્યો હતો. જ્યાં સરકારી વકીલ ધીરુભાઈ જે પરમારે કેસને સંલગ્ન ૭ સાક્ષીઓ તપાસી અને ૧૩ દસ્તાવેજી પુરાવા રજૂ કરી કોર્ટ સમક્ષ મુક્યા હતા.

ગ્રામ્ય કોર્ટમાં સરકારી વકીલે રજૂઆત કરતા આરોપીએ એફડીના નાણાં સરકારી ઓફિસ ખાતેથી ઉપાડી લઈ અંગત ઉપયોગમાં વાપરી લીધા હોવાનું કોર્ટને કહ્યું જ્યાં આખોય કેસ નિઃશંકા પણે અને દસ્તાવેજી પુરાવા જોતા આરોપી સામે પ્રથમદર્શિય કેસ બનતો હોવાની દલીલ કરવામાં આવી. કોર્ટે સમક્ષ આ સિવાય પણ મુદ્દાઓ મુકવામાં આવ્યો કે હાલમાં આ પ્રકારના કિસ્સાઓ વધી રહ્યાં છે ત્યારે સમાજમાં દાખલો બેસે અને આવા આરોપીઓમાં કાયદાનો ભય રહે તે હેતુને ધ્યાને રાખી સખ્તમાં સખ્ત સજા કરવી જોઈએ. બીજી તરફ આરોપી તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે, તેઓ સિનિયર સીટીઝન છે અને હાલ તેમની ૭૮ વર્ષિય ઉંમર છે અને તેઓ કોઈ જ ગુનાહિત રેકોર્ડ ધરાવતા નથી.

## અમદાવાદના મેમનગરની સીબીએસઇ શાળા દિવ્યપથના ૧૦મા ધોરણના મન તેજવાણીનુ ઈસરોના યંગ વૈજ્ઞાનિક પ્રોગ્રામમાં સમાવેશ




। અમદાવાદ, તા.૨ ।

અમદાવાદ ના મેમનગર મા આવેલી સીબીએસઈ શાળા દિવ્યપથ માં ૧૦ મા ધોરણ મા ભણતા મન તેજવાણી નુ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO) ના પ્રતિષ્ઠિત યંગ સાયન્ટિસ્ટ પ્રોગ્રામ ૨૦૨૪ માટે પસંદ કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમ, જેણે સમગ્ર ભારતમાંથી ૩ લાખથી વધુ અરજદારોએ ભાગ લીધો તેમાંથી માત્ર ૩૫૦ અરજદારો પસંદગી પામ્યા છે. જે મન તેજવાણી ની સિદ્ધિને અને દિવ્યપથ શાળા ને ખરેખર ગૌરવ અપાવે એવી છે. દિવ્યપથ કેમ્પસના વિદ્યાર્થી, મન તેજવાની, તેના પ્રગતિશીલ શૈક્ષણિક રેકોર્ડ, અવકાશ સંશોધન માટેના જુસ્સા અને નવીન વિચારસરણી સાથે હજારો અરજદારોમાં અલગ હતા. તેની પસંદગી તેના સમર્પણ અને સખત મહેનતનું પરિણામ છે. દિવ્યપથ કેમ્પસ મન તેજવાનીને હૃદયપૂર્વક અભિનંદન પાઠવે છે અને તેમના ભાવિ પ્રયાસોમાં તેઓ સફળતાની સિધ્ધી પાર કરે તેવી શુભેચ્છા પાઠવે છે.



આઈસીજીના પ્રદૂષણ નિયંત્રણ વેસલ સમુદ્ર પહેરાદરે વિયેતનામમાં ASEAN દેશોમાં તેની વિદેશી જમાવટના ભાગરૂપે પોર્ટ કોલ કર્યો.

## અમદાવાદ ડિવિઝનના પરિચાલન વિભાગે વર્ષ ૨૦૨૩-૨૪માં મેળવી હતી નોંધપાત્ર સિદ્ધિઓ



। અમદાવાદ, તા.૨ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માના માર્ગદર્શન હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન મંડળના વિવિધ વિભાગો દ્વારા નોંધપાત્ર કામગીરી કરીને મહત્વપૂર્ણ સિદ્ધિઓ હાંસલ કરી છે. પરિચાલન વિભાગની નોંધપાત્ર સિદ્ધિઓ નીચે મુજબ છે.

**માલ લદાન**

અમદાવાદ મંડળમાં દરરોજ સરેરાશ ૨૬૩૭ વૈગનો ની સરેરાશ લોડિંગ સાથે ૪૮.૦૭૨ મિલિયન ટનનું લોડિંગ નોંધાયું હતું.

**કોમોડિટી મુજબ શ્રેષ્ઠ પ્રદર્શન**

● કન્ટેનર:

નાણાકીય વર્ષ ૨૩-૨૪માં ૨૦.૮૯૩ મિલિયન ટનનું કન્ટેનર લોડિંગ નોંધાયું, જે પાછલા વર્ષની સરખામણીમાં ૧૫% ની વધારે વૃદ્ધિ નોંધાવી છે.

● પેટ્રોલિયમ:

● નાણાકીય વર્ષ ૨૩-૨૪માં ૧.૩ મિલિયન ટનનું પેટ્રોલિયમ લોડિંગ નોંધાયું છે, જે પાછલા વર્ષની સરખામણીમાં ૧૫% ની નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી છે.

● ઓટો રેક:

● નાણાકીય વર્ષ ૨૩-૨૪માં ૧૧૯૩ રેકનો અત્યાર સુધીનો સર્વશ્રેષ્ઠ આંકડો, નાણાકીય વર્ષ ૨૨-૨૩માં ૬૫૪ રેકના અગાઉના શ્રેષ્ઠ આંકડાને પાર કર્યો.

● અન્ય:

● વસ્તુ ઓ ની અંતર્ગત જેમકે સામાન્ય માલસામાન, ખાદ્ય તેલ, ઔદ્યોગિક મીઠું સહિત મીઠું, ઓટોમોબાઈલ, પામ તેલ, બેન્ટોનાઈટ, બમ્બુ પલ્મ, બમ્બુ ચિપ્સ, જીપ્સમ, રેતી) ની સહિત મિલિયન ટન ૧૦.૧૪૧ મિલિયન ટન લોડિંગ થયું હતું, જે ગયા વર્ષની સરખામણીમાં ૯.૬૩ ની વધારે વૃદ્ધિ નોંધાવી.

**ટ્રેનોની ઇન્ટરચેન્જ**

નાણાકીય વર્ષ ૨૩-૨૪ એ ૧૯૮.૯ ના સરેરાશ ઈન્ટરચેન્જ ની સાથે અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ ડિવિઝનલ પ્રદર્શન નોંધ્યું છે. નાણાકીય વર્ષ ૨૨-૨૩માં રૂ. ૧૮૫.૨૧ ની સરેરાશથી ૭.૩૭% ની વૃદ્ધિ.

**મેજર યાર્ડનું NI કામ પૂર્ણ**

નાણાકીય વર્ષ ૨૩-૨૪માં તમામ સલામતીનાં પગલાં સાથે મુખ્ય યાર્ડના ૨૧ નોન-ઈન્ટરલોકિંગ કામો સફળતાપૂર્વક ચલાવવામાં આવ્યા હતા.

**કાર્ગો ગતિ શક્તિ ટર્મિનલ (GCT)**

અદાણી લોજિસ્ટિક્સ લિમિટેડ નું મિડ સેકશન ટેકઓફ ની સાથે ૦૭-૧૧-૨૩ ના રોજ સાથે શરૂ થયું, જે અમદાવાદ-વિરમગામ સેક્શન પરના વિરોચનનગર સ્ટેશન દ્વારા સંચાલિત છે, ડિવિઝનમાં ચોથું જીસીટી શરૂ થયું. નવકાર કોર્પોરેશન લિમિટેડ (NCLW) ને વધારવા દ્વારા વધારાની ત્રણ હેન્ડલિંગ લાઈનો દ્વારા વધારવામાં આવી છે, હવે કુલ ૬ હેન્ડલિંગ લાઈનો ઉપલબ્ધ છે.

**ડબલીંગ કામ (૩૨.૯૫૫ કિમી)**

● મહેસાણા-ભાંડુ ૮.૮૭ કિ.મી

● પાલનપુર-ધારેવાડા ૨૪.૦૮૫ કિ.મી

**નાણાકીયવર્ષ૨૩-૨૪માં વીજળીકરણ**

વીજળીકરણ માર્ગ રૂટ કિમી ૧૧૧૮.૬૭ (૧૦૮૦.૪૩૨ મુખ્ય લાઇન ૩૮.૨૩૮ સાઈડિંગ)

**યાતાયાત સુવિધા કાર્ય**

ચાર્જિંગ અને પાણીની સુવિધા સાથે ત્રણ સ્ટેબલિંગ લાઇન પૂરી પાડીને ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર કોચિંગ ટર્મિનલનું શરૂઆત. ગાંધીધામ યાર્ડ રિમોડેલિંગની કામગીરી પૂર્ણ.

**DFC કનેક્ટિવિટી**

આરટીઆર માધ્યમ થી મહેસાણા સ્ટેશનથી ડીએફસીની કનેક્ટિવિટી.

સાણંદ (દક્ષિણ) અને નવા મકરપુરા વચ્ચે ડીએફસી કનેક્ટિવિટી.

**ડિવિઝનની નૂર બાસ્કેટમાં નવી વસ્તુઓ ઉમેરવામાં આવી છે**

બમ્બુ ચિપ્સ: ૨૧ રેક લોડ કરવામાં આવ્યા જેના પરિણામે ૮.૬૫ કરોડની નૂર આવક થઈ હતી.

સ્ટીલ બિલેટ્સ: ૧૩ રેક લોડ કરવામાં આવ્યા હતા જેના પરિણામે ૪.૮૯ કરોડની માલ ઢુંલાઈ રાજસ્વ પ્રાપ્ત થયું.

બ્રિઝ કોક: ૩ રેક લોડ કરવામાં આવ્યા જેના પરિણામે ૨.૭૧ કરોડની માલ ઢુંલાઈ રાજસ્વ પ્રાપ્ત થયું.

**સમયની પાબંદી**

મેલ એક્સપ્રેસ ૮૬.૨૭%
પેસેન્જર ૮૭.૬૬%
કુલ ૮૬.૬૪%

**નવી ટ્રેનોની શરૂઆત**

૧ ૧૨૪૬૧/૧૨૪૬૨ જોધપુર-સાબરમતી વંદે ભારત એક્સપ્રેસ
૨ ૨૦૪૭૫/૨૦૪૭૬ બીકાનેર-પુણે સુપરફાસ્ટ એક્સપ્રેસ
૩ ૦૯૪૮૧/૦૯૪૮૨ મહેસાણા-પાટણ-ભીલડી પેસેન્જર
૪ ૧૯૨૭૧/૧૯૨૭૨ ભાવનગર-હરિદ્વાર સાપ્તાહિક
૫ ૧૨૯૪૫/૧૨૯૪૬ વેરાવળ-બનારસ સાપ્તાહિક
૬ ૨૨૯૨૫/૨૨૯૨૬ અમદાવાદ-જામનગર વંદે ભારત એક્સપ્રેસ
૭ ૧૯૨૦૩/૧૯૨૦૪ વેરાવળ-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક
૮ ૦૯૪૦૯/૧૯૦૧૦ અમદાવાદ - એકતાનગર હેરિટેજ સ્પેશિયલ
૯ ૧૨૯૯૭/૧૨૯૯૮ બાંદ્રા ટર્મિનસ- બાડમેર સાપ્તાહિક
૧૦ ૧૯૦૦૯/૧૯૦૧૦ બાંદ્રા ટર્મિનસ- બાડમેર સાપ્તાહિક
૧૧ ૨૨૯૬૧/૨૨૯૬૨ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ

**ટ્રેનોનું વિસ્તરણ**

ટ્રેન નં. ૦૯૫૪૩/૦૯૫૪૪ અસારવા-ડુંગરપુર એક્સપ્રેસ ચિત્તોડગઢ સુધી લંબાવવામાં આવી છે.

ટ્રેન નંબર ૨૨૯૨૫/૨૨૯૨૬ અમદાવાદ-જામનગર વંદે ભારત એક્સપ્રેસ ઓખા સુધી લંબાવવામાં આવી છે.

**ટ્રેનોના વધારાના સ્ટોપેજ**

૫ સ્ટેશન ચાંદલોડિયા, કલોલ, ભાભર, સિદ્ધપુર અને મહેસાણા પર વિવિધ ટ્રેનોને સ્ટોપેજ આપવામાં આવ્યા હતા.

**ટ્રેનોની ફ્રીક્વન્સીમાં વધારો**

ટ્રેન નં. ૦૯૪૮૩/૮૪ (મહેસાણા-પાટણ) ૫ દિવસ/અઠવાડિયાથી દરરોજ

ટ્રેન નં. ૦૯૫૪૩/૪૪ (અમદાવાદ-ડુંગરપુર) ૬ દિવસ/અઠવાડિયાથી દરરોજ

ટ્રેન નંબર ૦૯૪૦૯/૧૦ (અમદાવાદ-એકતાનગર હેરિટેજ સ્પેશિયલ) સાપ્તાહિકથી દ્વિ-સાપ્તાહિક.

**આસ્થા વિશેષ**

અમદાવાદ ડિવિઝન દ્વારા નવનિર્મિત રામજન્મ ભૂમિમંદિરના દર્શન માટે ભક્તોની સુવિધા માટે ૫૦ આસ્થા વિશેષ ટ્રેનો ચલાવવામાં આવી

**વધારાના કોચ સ્થાપિત**

વિવિધ ટ્રેનોમાંકુલ૧૧૧૩ વધારાના કોચ લગાવવામાં આવ્યા હતા.

**વધારાની કોચિંગ ટ્રેનો**

અગાઉના વર્ષ દરમિયાન ૧૦૨૭ તુલના માં નાણાકીય વર્ષ ૨૩-૨૪ દરમિયાન ૩૨૭૦ કોચિંગ સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવી હતી

### ઈરાનની કુદ્સ ફોર્સ માટે વધુ ઘાતકી હુમલો

# સીરિયાની રાજધાની દમાસ્કસમાં ઈરાની કોન્સ્યુલેટ પર હવાઈ હુમલો ઘાતકી બન્યો

### ઈરાને આ હુમલાને લઈને દાવો કર્યો છે કે ઈઝરાયેલ દ્વારા F-35 ફાઈટર પ્લેન વડે હુમલો કરાયો હતો જેમાં ૭ લોકોના મોત થયા

। (એજન્સી) ઈઝરાયેલ,તા.૨ ।

ઈઝરાયેલે ઈરાની કોન્સ્યુલેટ પર કરવામાં આવેલ હુમલો ઈરાનની કુદ્સ ફોર્સ માટે વધુ ઘાતકી બન્યો. કારણ કે આ હુમલામાં ઈરાનની સેના સાથે જોડાયેલા કુદ્સ ફોર્સના મોટા અધિકારી જનરલ મોહમ્મદ રેડા ઝાહેદીનું મોત થયું છે. ૬૫ વર્ષીય ઝાહિદીએ કુદ્સ ફોર્સ માટે કામ કર્યું હતું અને સીરિયા અને લેબનોનમાં ગુપ્ત કામગીરીની દેખરેખ રાખી હતી. ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે ચાલી રહેલ યુદ્ધ હવે સમગ્ર પશ્ચિમ એશિયાને લપેટમાં લઈ રહ્યું છે. ઈઝરાયેલ હજુ સુધી આ હુમલાની જવાબદારી લીધી નથી. જણાવી દઈએ કે ઈરાનની સેનાનું નામ રિવોલ્યુશનરી ગાર્ડ્સ છે, પરંતુ તેની વિદેશી પાંખ કુદ્સ ફોર્સ તરીકે ઓળખાય છે. આ રીતે ઈઝરાયેલના હુમલાને કારણે છેલ્લા એક વર્ષમાં સૌથી મોટું નુકસાન ઈરાનને થયું છે. હુમલામાં ઈરાનના કુદ્સ ફોર્સના બે ટોચના કમાન્ડર અને અન્ય



પાંચ અધિકારીઓના મોત થયા છે. આમાં સીરિયામાં ઈરાનના સૌથી વરિષ્ઠ અધિકારી મોહમ્મદ રેઝા ઝાહેદી અને તેમના ડેપ્યુટી કમાન્ડર મોહમ્મદ હજ રહીમીનો સમાવેશ થાય છે. સીરિયામાં ઈરાનના રાજદૂત હુસેન અકબરીને હવાઈ હુમલામાં કોઈ નુકસાન થયું નથી. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું, "અમારી પાસે આ હુમલાઓનો જવાબ આપવાનો સંપૂર્ણ અધિકાર છે. તે ક્યારે અને કેવી રીતે થશે તે અમે જાતે નક્કી કરીશું." જેરુસલેમ પોસ્ટે ઈરાની પ્રેસને ટાંકીને અહેવાલ આપ્યો છે કે હુમલાના સમયે ઈરાની કમાન્ડર ઝાહેદી ગાઝામાં ચાલી રહેલા યુદ્ધને લઈને પેલેસ્ટિનિયન ઈસ્લામિક જેહાદ (PIJ)ના નેતાઓ સાથે મુલાકાત કરી રહ્યા હતા. હુમલાને કારણે ઈમારત સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગઈ હતી. હુમલા બાદ ઘાયલોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. હુમલા બાદ ઈમારતના કાટમાળ નીચે દટાયેલા લોકોને બચાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઈઝરાયેલે સીરિયામાં ઈરાનના દૂતાવાસની નજીકની ઈમારતને નિશાન બનાવી હતી. ઈરાનનું કોન્સ્યુલેટ આ ઈમારતમાં હતું. આ પહેલા ઈઝરાયેલ દ્વારા ૨૮ માર્ચે સીરિયાના અલેપ્પો શહેરમાં પણ એર સ્ટ્રાઈક કરવામાં આવી હતી. આ દરમિયાન ઈઝરાયેલે ઈરાન સમર્થિત હિઝબુલ્લા સંગઠનના ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા. ન્યૂઝ એજન્સી રોયટર્સ અનુસાર, આ હુમલામાં ૩૮ લોકોના મોત થયા છે.

### ૧ જૂન ૨૦૨૪થી લાગૂ થશે નવો નિર્ણય

# વ્હોટ્સએપથી મેસેજ કરવા પર ચૂકવવો પડશે ૨.૩ રૂપિયા ચાર્જ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

મેટાની માલિકીનું મેસેજિંગ પ્લેટફોર્મ વ્હોટ્સએપએ ઈન્ટરનેશનલ વન ટાઈમ પાસવર્ડની એક નવી કેટેગરી શરૂ કરી છે. વ્હોટ્સએપના આ પગલાથી કંપનીની કમાણીમાં વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. વર્તમાનમાં કંપનીની પાસે ૨ અબજથી વધારે યૂઝર્સ છે. તેનો માત્ર મેસેજ જ નહીં, પરંતુ વોઈસ કોલિંગ, વીડિયો કોલિંગ, ડોક્યુમેન્ટ શેરિંગ જેવા કામો માટે પણ ઉપયોગ કરવામાં આવે છે. વ્હોટ્સએપમાં મેસેજ મોકલવા માટે ૨ રૂપિયાથી વધારે ચાર્જ લેવામાં આવશે.ઈન્ટરનેશનલ મેસેજની કિંમત પહેલાથી ૨૦ ગણી વધારે થઈ ગઈ છે. કહેવામાં આવી રહ્યું છે કે, હજુ પણ ઈન્ટરનેશનલ જીસ્જીના ભાવ બહુ ઓછા છે. જો કે, યૂઝર્સ પહેલાની જેમ ળી વ્હોટ્સએપ ઉપયોગ કરતા રહેશે. નવા નિર્ણયની અસર માત્ર બિઝનેસ SMS પર થશે. હાલ SMSનું બજાર ૯૦% જેટલું છે. કંપનીઓ મોટાભાગે ઓટીપી માટે મેસેજ મોકલે છે. ૧ જૂન ૨૦૨૪થી લાગૂ થશે નવો નિર્ણય-



મીડિયો રિપોર્ટ્સ પ્રમાણે, વ્હોટ્સએપની નવી ઈન્ટરનેશનલ મેસેજ કેટેગરી હેઠળ પ્રતિ મેસેજ ૨.૩ રૂપિયા ચાર્જ આપવો પડશે. આ નિયમ ૧ જૂન ૨૦૨૪થી લાગૂ થઈ જશે. તેની અસર ભારતીય અને ઈન્ડોનેશિયા બંને દેશોના કારોબાર પર જોવા મળી શકે છે. વ્હોટ્સએપના નવા નિર્ણયથી ઈન્ટરનેશનલ કંપનીઓ જેવી કે, એમેઝોન, ગૂગલ અને માઈક્રોસોફ્ટનું કમ્યુનિકેશન બજેટ વધી જશે. જાણકારી અનુસાર, નોર્મલ ઈન્ટરનેશનલ વેરિફિકેશન કરવું મોંઘુ પડે છે અને જો કોઈ યૂઝર વ્હોટ્સએપ દ્વારા વેરિફિકેશન કરે છે, તો ઓછો ચાર્જ ચૂકવવો પડે છે. પરંતુ હવે કંપનીએ વ્હોટ્સએપ વેરિફિકેશન પણ મોંઘુ કરી દીધું છે. ભારતમાં એન્ટરપ્રાઈસ મેસેજમાં ઝડપથી વૃદ્ધિ થઈ રહી છે.

## ટ્રાફિકનો ખોટો મેમો ભરવા જતાં ૫૦,૦૦૦નો ઝટકો લાગ્યા

। (એજન્સી) મુંબઈ,તા.૨ ।

મોબાઈલમાં ટ્રાફિક મેમોનો મેસેજ આવે તો ચેતી જવાની જરુર છે કારણ કે ખોટો પણ હોઈ શકે છે અને આ રીતે ભરવા જતાં ખાતું ખાલી પણ થઈ શકે છે. મુંબઈ નજીકના થાણેમાં આવો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ૪૧ વર્ષીય વ્યક્તિએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેના પિતાને તેના મોબાઈલ પર એક ટેક્સ્ટ મેસેજ આવ્યો હતો જેમાં તેને ટ્રાફિકના નિયમોનો ભંગ કરવા બદલ ઈ-ચલણ દંડ ભરવાનું કહેવામાં આવ્યું હતું. આ મેસેજમાં એક એપ્લિકેશનની લિંક સામેલ હતી, જે વ્યક્તિને પેમેન્ટ કરવાનું જણાવતી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આ કેસમાં ફરિયાદી એમ.આર.ભોસલે છે, જે થાણેના અંબરનાથનો રહેવાસી છે. તેના પિતા ઘાટકોપરમાં ઓટો રિક્ષા ચલાવે છે. ૧૨ માર્ચના રોજ, ફરિયાદીના પિતાએ તેને જણાવ્યું હતું કે તેને અજાણ્યા નંબર પરથી એક ટેક્સ્ટ મેસેજ મળ્યો છે જેમાં જાણ કરવામાં આવી છે કે તેમના વાહન સામે ટ્રાફિક ઉલ્લંઘનનું ચલણ જારી કરવામાં આવ્યું છે. પોતાના પિતાની ઓટો રિક્ષા પર દંડની રકમ કેટલી બાકી છે તે ચકાસવા માટે ફરિયાદીએ તેના પિતાના ફોનમાં લિંક દ્વારા ઉપરોક્ત એપ ડાઉનલોડ કરી. એપ્લિકેશન ડાઉનલોડ કર્યા પછી, પીડિતાને તેના ફોન પર ઓટીપી મળવાનું શરૂ થયું.

# છત્તીસગઢના બીજાપુરમાં સુરક્ષાદળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ

। (એજન્સી) છત્તીસગઢ,તા.૨ ।

છત્તીસગઢના બીજાપુરમાં સુરક્ષાદળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ છે. ગંગાલુર પોલીસ સ્ટેશન વિસ્તારના કોરચોલીના જંગલોમાં અથડામણમાં ચાર નક્સલવાદીઓ માર્યા ગયા હોવાના અહેવાલ સામે આવી રહ્યા છે. આ ઉપરાંત મોટી સંખ્યામાં નક્સલવાદીઓ ઘાયલ થયા હોવાની માહિતી મળી રહી છે. ઘટનાસ્થળેથી માર્યા ગયેલા નક્સલીઓ પાસેથી હથિયારો પણ મળી આવ્યા છે. સુરક્ષાદળોના જવાનો દ્વારા ચારે બાજુથી ઘેરીને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, બીજાપુર જિલ્લામાં નક્સલવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચેની અથડામણમાં ચાર નક્સલવાદીઓના મૃતદેહ અને એક એલએમજી, બીજીએલ લોન્ચર અને હથિયારો મળી આવ્યા છે. સર્ચ ઓપરેશન હજુ ચાલુ છે. ફાયરિંગમાં કોઈ સુરક્ષાકર્મી ઘાયલ થયાના અહેવાલ નથી. અધિકારીઓએ જણાવ્યું કે ગંગાલુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નક્સલવાદીઓની ગતિવિધિઓની માહિતી મળ્યા બાદ, સુરક્ષા દળોને સોમવારે નક્સલ વિરોધી અભિયાન માટે મોકલવામાં આવ્યા હતા. આ ટીમમાં ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (DRG), સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સની કોબ્રા બટાલિયનના જવાનો સામેલ છે. અધિકારીના જણાવ્યાનુસાર, જ્યારે ટીમ લેન્દ્રા ગામના જંગલમાં હતી ત્યારે નક્સલવાદીઓએ આજે સવારે લગભગ ૬ વાગ્યે સુરક્ષા દળો પર ગોળીબાર શરૂ કર્યો હતો. આ પછી જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. તેમણે જણાવ્યું કે બંને તરફથી થોડીવાર સુધી ગોળીબાર થયા બાદ નક્સલવાદીઓ આ સ્થળેથી ભાગી ગયા હતા. બાદમાં જ્યારે સ્થળની તપાસ કરવામાં આવી ત્યારે ચાર નક્સલવાદીઓના મૃતદેહ, એક ઓટોમેટિક લાઈટ મશીન ગન (LMG), 'બેરલ ગ્રેનેડ લોન્ચર' અને અન્ય હથિયારો મળી આવ્યા હતા. હાલ માર્યા ગયેલા નક્સલવાદીઓની ઓળખ કરવામાં આવી રહી છે અને વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

**ન્યૂઝ બ્રિફ**

## પુતિનના એકશનથી યુક્રેના શહેરમાં હાહાકાર : શસ્ત્રો દારૂગોળાની ખેંચ



। (એજન્સી) મોસ્કો, તા.૨ ।

રશિયા-યુક્રેન યુદ્ધ ત્રીજા વર્ષે પણ ચાલુ છે. યુક્રેનના શહેરોને તબાહ કર્યા પછી રશિયન સેના આગળ વધી રહી છે. એક તરફ યુક્રેન સેના પોતાના પશ્ચિમના સાથીઓ પાસેથી યુદ્ધ વિમાનો, શસ્ત્રો અને દારૂગોળાની આશા રાખીને બેઠું છે. તો બીજી તરફ રશિયાએ લીધેલા નવા પગલા યુક્રેનમાં હાહાકાર મચી ગયો છે. તેને અત્યારે દારૂગોળાની ભારે ખેંચ છે. રશિયાએ દાવો કર્યો છે કે તેણે એક જ દિવસમાં યુક્રેનના ૩ યુદ્ધવિમાનો, ૩ મિસાઈલ લોન્ચર્સ અને દારૂગોળાનો ભંડાર તબાહ કરી નાખ્યો છે.ક્રીમીયામાં એક યુદ્ધ વિમાનની ભીષણ દુર્ઘટનાનો ફુટેજ સોશ્યલ મીડીયા પર જોવા મળે છે. રશિયા કહે છે કે તેણે આ સમગ્ર ઓપરેશન એક જ દિવસમાં પુરું કર્યું છે. તેની સેનાએ મૂળ તો અખંડ સોવિયેત સંઘ સમયના યુક્રેનમાં રહેલા ૩ ફાઈટર જેટસ ઉડાડી દીધા છે. રશિયાના સંરક્ષણ વિભાગે કહ્યું હતું કે યુક્રેનના યુદ્ધ વિમાનો, એસ.યુ.-૨૫, ક્લોઝ એર-સપોર્ટ નિકોબાલ ક્ષેત્ર સ્થિત વૉઝનેંક્સહવાઈ ક્ષેત્રમાં તૈનાત હતો. રશિયન ક્ષેત્રએ વધુ માહિતી આપ્યા સિવાય કહ્યું હતું કે તેની સેનાએ વિમાનો, મિસાઈ-ફોર્સીઝ અને સૈનિકોની મદદથી આ ઓપરેશન ચલાવ્યું હતું.

## વિસ્તારાની અસંખ્ય ફ્લાઈટ્સ રદ થવા પર DGCA એક્શનમાં



। (એજન્સી) નવી દિલ્હી,તા.૨ ।

વિસ્તારા એરલાઈન્સની અસંખ્ય ફલાઈટ્સ રદ કરવા અને ફ્લાઈટમાં લાંબા વિલંબને લઈને લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો. જનતાના આક્રોશને પગલે સરકાર એક્શનમાં આવી ગઈ છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA)એ ફ્લાઈટ્સ રદ થવા અંગે નિવેદન આપ્યું છે. DGCA દ્વારા મંગળવારે જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે કે, "પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને એરલાઈન્સ પાસેથી ફ્લાઈટ રદ અને વિલંબની માહિતી અને વિગતો માંગવામાં આવી છે. DGCA અધિકારીઓ પણ આ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે." ગઈકાલે વિસ્તારા એરલાઇનની લગભગ ૫૦ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. લગભગ ૧૬૦ વિમાનોએ મોડી ઉડાન ભરી હતી. આજે લગભગ ૭૦ ફ્લાઈટ્સ રદ થવાની સંભાવના છે. જો આમ થશે તો વિસ્તારાના મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

## તંત્રી લેખ...

# આખી દુનિયામાં ૧૯ ટકા ભોજન વેડફવામાં આવે છે

ભારતીય જીવન દર્શનમાં અન્નને પ્રસાદ માનીને સન્માન આપવાની પરંપરામા ંતેને બ્રહ્મની સંજ્ઞા આપવામાં આવી છે. આજે પણ જવાબદાર પેઢીના લોકો ખાતાં પહેલાં ભોજનને પ્રણામ કરીને પહેલો કોળિયો ગાય માટે કાઢે છે. તેનો હેતુ અન્નના મહત્ત્વને ગરિમા આપવાનો અને તેના યોગ્ય ઉપયોગનો હોય છે. એવામાં સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ એટલ કે યુએનઈપીનો એક રિપોર્ટ કાળા સત્યને ઉજાગર કરે છે કે આખી દુનિયામાં ૧૯ ટકા ભોજન વેડફવામાં આવે છે. એક ભયાવહ સચ્ચાઈ એ પણ છે કે દુનિયામાં લગભગ ૭૮.૩ કરોડ લોકો લાંબા સમયથી ભૂખ સામે ઝઝૂમી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રના આ હાલનો રિપોર્ટ એક કઠોર હકીકતનો સામનો કરાવે છે કે પર્યાપ્ત સંસાધનો છતાં ખાદ્યાન્નનું ન્યાયસંગત વિતરણ નથી થઈ રહ્યું. બીજા શબ્દોમાં આ એક નૈતિક સંકટ પણ છે. અસલમાં ભોજનની બરબાદી એક રીતે આપણા પર્યાવરણને પણ અસ્થિર કરે છે. નિશ્ચિત રૂપે આ સંકટ ભારતમાં પણ છે. ખાદ્ય સુરક્ષાની દૃષ્ટિ ભોજનની બરબાદી એક મોટો પડકાર છે. ભારતીય ખાદ્ય સરક્ષા અને માનક પ્રાધિકરણ અનુસાર ભારતમાં કુલ ભોજનનો એક તૃતિયાંશ હિસ્સો ઉપભોગ પહેલાં જ ખરાબ થઈ જાય છે. એક અનુમાન અનુસાર ભોજનની આ બરબાદી એક વર્ષમાં પ્રતિ વ્યક્તિ પચાસ કિલો થવાની આશંકા છે. અસલમાં સંયુક્ત રાષ્ટ્રના એક અન્ય રિપોર્ટ ભારતમાં કુપોષણ સાથે જોડાયેલા સંકટને પણ ઉજાગર કરે છે. જેમાં કહેવાયું છે કે દેશની ૭૪ ટકા આબાદી સ્વસ્થ આહારનો ખર્ચ વહન નથી કરી શકતી. એવામાં ભોજનનો એક તૃતિયાંશ હિસ્સો બરબાદ થવો નૈતિક અપરાધ જ કહી શકાય. જ્યારે દુનિયાના અન્ય દેશોની જેમ ભારતમાં પણ ખાદ્ય ઉત્પાદન અને કચરા સાથે જોડાયેલા ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન પર્યાવરણ પર પ્રતિકૂળ અસર કરી રહ્યા છે. અસલમાં કચરાના ઢગલામાં ખરાબ ખાદ્યાન્નોના અંશ વિઘટિત થવાને કારણે ગ્લોબલ વોર્મિંગના વાહક મિથેન ગેસનું ઉત્સર્જન કરે છે. વૈશ્વિક સંગઠનોનો આગ્રહ છે કે દુનિયામાં ખાદ્ય પ્રણાલીઓમાં પૂર્ણ બદલાવ લાવો. સાથે જ સમાન વિતરણને પ્રાથમિકતા આપવાને પ્રેરિત કરવા જોઈએ. એવામાં જ્યારે દેશમાં લાખો લોકો રોટલી માટે સંઘર્ષ કરી રહ્યા હોય, ત્યારે ભોજનની બરબાદી નૈતિક દૃષ્ટિએ અપરાધ જ છે.

## લોકતાંત્રિક દેશોમાં રાજકીય પક્ષો પોતાની ગતિવિધિઓ ચલાવવા માટે ધન જોઈતું હોય છે



કોઈપણ દશની રાજનીતિ નાણાં વગર ન ચાલી શકે. એ વાત અલગ છે કે કેટલાક દેશોમાં આ ધન સરકારી ખજાનાથી રાજકીય પક્ષોને આપવામાં આવે છે અને કટલાકમાં રાજકીય પક્ષ લોકો પાસે ફંડ રૂપે એકત્ર કરે છે. લોકતાંત્રિક દેશોમાં રાજકીય પક્ષો પોતાની ગતિવિધિઓ ચલાવવા માટે ધન જોઈતું હોય છે, આ રીતે અને અહીંથી જ પક્ષપાત અને ભ્રષ્ટાચારના આરોપોનો સિલસિલો ચાલુ થાયછે. આ પ્રકારના આરોપોનો સામનો નાના-મોટા તમામ પક્ષોએ કરવો પડ ેછે. સત્તાધારી પક્ષોએ કંઈક વધારે જ કરવો પડે છે. તેને જોતાં જ મોદી સરકાર ચૂંટણી બોન્ડની યોજના લાવી હતી જેથી રાજકારણમાં કાળા ધનનો પ્રવેશ અટકે. આ યોજનામાં એ જોગવાઈ હતી કે દાનદાતાઓનું નામ તો જાહેર નહીં થાય, પંરતુ તેમના દ્વારા આપવામાં આવેલું ધન કાળું નાણું નહીં હોય, કારણ કે તે સ્ટેટ બેંકથી જારી થનારા ચૂંટણી બોન્ડો દ્વારા રાજકીય પક્ષોને મળશે. ગત દિવસોમાં ઉચ્ચતમ ન્યાયાલયે ચૂંટણી બોન્ડવાળા કાયદાને ગેરબંધારણીય જાહેર કરી દીધો અને સાથે જ સ્ટટ બેંકને તમામ વિગતો ચૂંટણી પંચને સોંપવાનું કહ્યું. ચૂંટણી પંચ જેવું જ આ વિવરણ જાહેર કર્યું, રાજકીય પક્ષોમાં આરોપ-પ્રત્યારોપનો દોર શરૂ થઈ ગયો. જોકે ભાજપ કેન્દ્ર સાથ કેટલાય રાજ્યોમાં સત્તામાં છે, તેથી તને ચૂંટણી બોન્ડો દ્વારા વધુ ફંડ મળ્યું. તૃણમૂલ કોંગ્રેસ અને ડીએમકેને પણ સારું એવું ધન મળ્યું, ખાસ કરીને લોકસભામાં તેમના સાંસદોન સંખ્યાને જોતાં. તેમ છતાં પણ ભાજપ વિપક્ષી દળોના નિશાના પર છે. વિપક્ષી દળોનો આરોપ છે કે ભાજપ કંપનીઓને કોન્ટ્રાક્ટ આપ્યા અને તેના બદલ તેણે ફંડ લીધું. કેટલીય કંપનીઓએ જ્યારે ભાજપને ફંડ આપ્યું, ત્યારે કે તેની આગળ-પાછળ તેને કોન્ટ્રાક્ટ મળ્યા તેથી વિપક્ષી દળોના આરોપ સાચા હોવાની શંકા બેવડાઈ. શંકા બવડાવાનું એક કારણ એ પણ છ કે જ કંપનીઓ વિરુદ્ઘ સીબીઆઇ, ઈડી કે આવકવેરા વિભાગની તપાસ ચાલુ હતી, તેમણ પણ ભાજપને ફંડ આપ્યું. એમ તો એવી કેટલીક કંપનીઓએ અનેય પક્ષોનપણ ફંડ આપેલું છે, પરંતુ આ પક્ષોના નિશાના પર ભાજપ જ છે. જેવા આરોપ ભાજપ પર લાગી રહ્યા છે, તેનાથી ગંભીર આમ આદમી પાર્ટી પર લાગી રહ્યા છે. તેના પર ચૂંટણી બોન્ડ દ્વારા નહીં, પરંતુ લાંચ રૂપ શરાબ બનાવતી કંપનીઓ પાસથી કરોડો રૂપિયા લેવાના આરોપ છે. ઈડીનું માનીએ તો નવી શરાબ નીતિ બનાવીને શરાબ કંપનીઓ પાસેથી સેંકડો કરોડ રૂપિયા લેવામાં આવ્યા અને એનાથી જ ગોવા, પંજાબ વગેરે રાજ્યોમાં ચૂંટણી લડવામાં આવી. ઈડીના આરોપ ગંભીર તો છે, પરંતુ તેની સત્યતાની પુષ્ટિ ન્યાયપાલિકા જ કરી શકશ. એક મુશ્કેલી જ છે કે જે અરવિંદ કેજરીવાલની રાજકીય સફર ભ્રષ્ટાચાર વિરોધી અન્ના આંદોલનથી શરૂ થઈ હતી, તે આજે ભ્રષ્ટાચારના ગંભીર આરોપોમાં ઘેરાયા છ. તે રાજનીતિ બદલવા આવ્યા હતા, પરંતુ લાગે છે કે રાજનીતિએ તેમને જ બદલી નાખ્યા છે. અરવિંદ કેજરીવાલની ધરપકડ પર જર્મની, અમેરિકા અને સંયુક્ત રાષ્ટ્રએ પણ પોતાની પ્રતિક્રિયા આપી. તે એટલા માટે હેરાન કરે છે, કારણ કે દેશમાં આના પહલાં પણ કેટલાય નેતાઓની ધરપકડ થઈ છે. હાલમાં જ ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનની ધરપકડ થઈ છે, પરંતુ કોઈ દેશના પ્રતિનિધિએ કોઈ સવાલ ન કર્યો. આખરે માત્ર કેજરીવાલ મામલે જ અમેરિકા, જર્મની વગેરે કેમ ચિંતા વ્યક્ત કરી રહ્યા છે? એ ઠીક નથી કે અમેરિકા અને જર્મનીના પ્રતિનિધિઓએ કેજરીવાલની ધરપકડ પર ત્યારે પ્રતિક્રિયા આપી, જ્યારે તેને લઈને તેમને સવાલ પૂછવામાં આવ્યા, પરંતુ તેના માટે એ સવાલોના જવાબ આપવાનું જરૂરી ન હતું.

**બંને સાથે જ કામ માટે જાય, ત્યાં પણ સાથે જ રહેવાનું, આમજ હસી ખુશીમાં ત્રણ વર્ષ વીતી ગયા**

# આપણે અભિનયમાં માસ્ટર થતાં જઈએ છીએ! જેનાથી આપણી મૌલિકતા ખત્મ થઈ ગઈ છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ત્રણ ચાર વરસની મૈત્રી બાદ તેઓ એ લગ્ન કરી લીધાં, અને દુનિયાનું સ્વર્ગ જાણે ધરતી પર હોય, તેવો અનુભવ શરૂઆતના વર્ષમાં બંનેને થતો હતો.**

ચિંતન હવેથી થોડું ટાઈમ ટ્રાવેલ કરે છે, એટલે ક્યારેક કોઈ ખાસ દિવસ પર લખવાનું રહી જાય! અને હમણાં ગયેલા રંગમંચ દિવસ પર કંઈ લખ્યું નથી. આમતો આપણે દરેક રંગમંચ પર ગયા વગર અભિનયમાં માસ્ટર થતાં જઈએ છીએ! અને જ્યાં જરૂર ન્હોય ત્યાં પણ આપણાં સારાં હોવાનો કે શ્રેષ્ઠ હોવાનો અભિનય કરીએ છીએ! તો કંઈ રીતે અભિનયનાં તાણાવાણા જીંદગીમાં વણાયેલા હોય છે, અને એનાથી કોઈની હસતી રમતી જીંદગી બરબાદ થઈ જાય છે એનો એક કિસ્સો આજે બુધવાર બોધકથા માં. હીના અને હેતવ બંને રંગભૂમિના કલાકાર હતા. ગુજરાતી નાટક એટલે કે થિયેટરના કલાકાર હતા. ત્રણ ચાર વરસની મૈત્રી બાદ તેઓ એ લગ્ન કરી લીધાં, અને દુનિયાનું સ્વર્ગ જાણે ધરતી પર હોય, તેવો અનુભવ શરૂઆતના વર્ષમાં બંનેને થતો હતો. બંને સાથે જ કામ માટે જાય, ત્યાં પણ સાથે જ રહેવાનું. આમજ હસી ખુશીમાં ત્રણ વર્ષ વીતી ગયા. હેતવના પપ્પા ઓચિંતાના હાર્ટ એટેકથી ગુજરી ગયા, અને તેઓ બંને અલગ પોતાના ગામમાં રહેતા હતા, ત્યાંથી તેના મમ્મી હવે અહીં રહેવા આવી ગયા. હીના આ રીતે હેતવ સાથે હજી પણ કામ કરવા જતી તે તેને પસંદ ન્હોતું. તે વારે ઘડીએ એ હેતવ ને કહેતા હતાં, બેટા જિંદગી કંઈ રંગમંચ નથી, તે તમે બંને આમ નિસ્ફીકર થઈને જીવો છો. લગ્નને ત્રણ વર્ષ થઈ ગયા છે, અને તમારા લોકોની ઉંમર પણ ૩૫ ઉપરની થઈ ગઈ છે. તો હવે હીના આ નાટકની દુનિયામાંથી બહાર આવી, અને અસલી જિંદગી જીવે તો સારું, અને હજી સમય છે ત્યાં એકાદ બાળક થઈ જાય તો તે પણ સારું. આ ચમક દમકની દુનિયાનો કોઈ ભરોસો નહીં, એટલે તું પણ સાથોસાથ કંઈ બીજું નાનું કામ શોધી લે તો, જ્યારે નાટક મળવાના બંધ થાય ત્યારે રૂપિયા પૈસાની તંગી ના રહે. હીનાની બહુ ઈચ્છા ન્હોતી છતાં હેતવ એ મમ્મીની વાત માની, અને હીનાનું કામ છોડાવી દીધું. રોજ આ રીતે જીવવા હીના ટેવાયેલી ન્હોતી, છતાં તેને એડજેસ્ટ કરી લીધું. હીનાને સારા દિવસ રહ્યા, એક રાજકુમારીની જેમ તેનું ધ્યાન રાખવામાં આવતું, અને મા અને હેતવ તેની પૂરતી કાળજી લેતા, એક વાર વાત વાતમાંથી મા ને ખબર પડી કે હીના દીકરી ઈચ્છે છે, તો તેમણે તરત જ કહ્યું કે, મને તો દીકરો જ ગમે. વંશ આગળ ચલાવે અને, આગળ જતા સહારો પણ બને. તેણે પૂજાપાઠ વગેરે પણ કરવાનું શરૂ કરી દીધું, અને જ્યોતિષ બ્રાહ્મણ વગેરે પાસે પૂજા પાઠ અને હવન ઈત્યાદિ કરાવવાનું શરૂ કરી દીધું કે, જેથી હીનાને ત્યાં દીકરાનો જન્મ થાય. અને એ ઘડી પણ આવી ગઈ, કુદરતનું કરવું અને હીનાને ત્યાં એક દીકરીનો જન્મ થયો. ખૂબ જ સુંદર જાણે કે હેતવની પ્રતિકૃતિ સમાન નાક નકશા વાળી ગુલાબી! ગુલાબી! અને માંજરી આંખોવાળી જાણે કે પરીનો જન્મ થયો. હીના તો ખૂબ જ ખુશ થઈ, હેતવ પણ ખૂબ જ ખુશ થયો, આ નાનકડી પરીને જોઈને, પણ તેના દાદી ખુશ થયા



નહીં. અને તેના મનમાં એક ડંખ રહી ગયો. રંગભૂમિના નાટકોથી પણ ભયંકર નાટક શરૂ થવાનું હતું, અને હીના તેનાથી બિલકુલ અજાણ હતી. રાજકુમારી માંથી તે ઓચિંતાની સામાન્ય સ્ત્રી બની ગઈ. હવે પહેલા જેવી તેની કોઈ દેખભાળ કરતું નહીં, આમ ને આમ ઢીંગલી છ મહિનાની થઈ ગઈ. એક નાટકના ડાયરેક્ટરે હીના ને ફરી એક ઓફર કરી. બિલકુલ અત્યારે જે નિભાવી રહી હતી તેવો જ રોલ હતો. પણ આ ગુડિયા ને મૂકીને કેમ જવું? એટલે હેતવ અને સાસુની વાત માની તેણે તે નકારી કાઢી.હા, હવે માલતી બેન એટલે હેતવના મમ્મી હવે સાસુ જ થઈ હતા. દિવસ ભર જુદો અભિનય અને સાંજ પછી દિકરાની હાજરીમાં જુદો. હીના આ બધું સમજી શકતી નહોતી, છતાં સહન કરતી હતી.તેણે તો ફક્ત રંગમંચ પર જ અભિનય કર્યો હતો. પણ અહીં તો કોઈ તેની રીયલ જિંદગીમાં તેનાથી પણ વધારે સારો અભિનય કોઈ કરી જાણતું હતું, અને હીના બિચારી સમજી નહોતી શકતી કે તે રંગભૂમિ છે કે આ!અને તે ભારે ડિપ્રેશનનો ભોગ બની. પણ પરંતુ તેની ખુશીનુ એક માત્ર કારણ હવે આ ઋતુ હતી. હીનાની કામના સમયે ગેરહાજરી ને કારણે હેતવ ગલત સંગતને કારણે થોડોક વ્યસની બની ગયો, અને રાત દિવસ બહાર રહેવા લાગ્યો.પણ માલતી બેન હજી સમજ્યા નહીં કે, આ તેના એક ખોટા નિર્ણયનું પરિણામ છે,અને હજી ઓછું હોય તેમ તેણે હેતવને હીના વિરુદ્ધ કાન ભંભેરવાનુ શરૂ કર્યું, કે તારી ગેરહાજરીમાં મને બહુ જ હેરાન કરે છે, અને બધું જ કામ મારી પાસે કરાવે છે, અને ઋતુ નેં પણ રમાડવા નથી દેતી. હીના એ લાખ સમજાવાની કોશિશ કરી કે મમ્મી ખોટું બોલે છે, પણ હેતવ માનવા તૈયાર ન્હતો. વાત આગળ વધી હીના એ ડીવોર્સની માંગણી કરી, અને એજ માલતી બેન ઈચ્છતા હતાં, કારણ એલી મની વગર જ હીનાથી તે હેતવને છુટકારો અપાવવા માંગતા હતા, એટલે આ રીતે તેને ઉશ્કેરી રહ્યાં હતાં. અંતે તેની આ ચાલ કામયાબ થઈ, અને બે પ્રેમી પંખીડા વગર કારણે છૂટા પડ્યા. હીના પોતાના પપ્પાના ઘરે આવી ગઈ, અને અહીં તેને રૂપિયા કમાવાની જરૂર નહોતી, કારણકે તેઓ ખાનદાની રહીશ હતા.પણ હીના એ નક્કી કર્યું હતું કે તે હેતવને બતાવીને રહેશે. ઋતુ નાના નાની પાસે ઉછેરવાં લાગી, અને હીનાએ ફરી રંગભૂમિની દુનિયામાં પ્રવેશ કર્યો, અને જોતા જોતામાં તો તેણે ફરી અભિનયની દુનિયામાં ડંકો વગાડી દીધો. જે કોઈ તેને ઓફર કરે તેની સાથે તે એક જ શરત કરતી કે હીરો તરીકે હેતવને લેવાનો નહીં, તો જ તે આ નાટકમાં કામ કરશે. હેતવને એક તો વ્યસનની આદત પડી ગઈ હતી, અને હવે કામ મળતું પણ બંધ થઈ ગયું હતું, એટલે તેણે ખુદખુશી કરવાની કોશિષ કરી.માલતી બેને તેને ફરી લગ્ન કરવા મનાવી લીધો, અને એક ખૂબ ધનવાન એવા વેપારીની દિકરી સાથે તેના લગ્ન કરાવી દીધા, પેલા વેપારી પાસે ઘણા રૂપિયા હતા, એટલે માલતી બેન એ અમુક શરતો કરી લીધી હતી. એનુ પણ એક કારણ હતું, કે એની દિકરી સાઈકો હતી. પણ આ મા દિકરો તે વાતથી અજાણ હતાં. તે મનોમન ખુશ થતા હતા, પણ તેમને ક્યાં ખબર હતી કે તે પોતાના માટે કબર ખોદી રહ્યા છે. અંતે ખાડો ખોદે એ જ પડે એ ન્યાયે હીરલ ને માલતી બેન જરા પણ પંસંદ નહતાં, એટલે તેણે હેતવને કહી તેને વૃદ્ધાશ્રમમાં મોકલી દીધા. પછી તો તેને ઘણો પસ્તાવો થયો પણ "અબ ચીડીયા ચુક ગઈ ખેત" એના જેવો ઘાટ થયો,અને તેને સાચે જ આંસુ સારવા પડ્યા. જયારે હીનાને ખોટા આંસુ સારવાના આ રંગભૂમિમાં સારા એવા રૂપિયા મળતા હતા. મિત્રો રંગભૂમિમાં થાય છે, તેની કરતાં વધારે અભિનય તો! આપણી અસલી જીંદગીમાં આ રીતે થતાં હોય છે. ડેઈલી શોપની ઢગલા બંધ સીરીયલો જોઈ અને આવા કંઈક કાવાદાવા ઘરમાં પોતાનું મહત્વ વધારવા ઘણા માલતીબેન કરતા હોય છે. રંગમંચ એ માત્ર આપણા મનોરંજન માટે અસ્તિત્વમાં આવ્યું છે! એટલે એને રોજીંદા જીવનનો હિસ્સો બનાવાની જરૂર નથી! નહીં તો સાચે જ ખોટેખોટા આંસુ સારીને કોઈ ને સતાવ્યા હોય એને રાતે પાણીએ રડવાના વારા આવે! એ યાદ રાખવું.

**પુષ્ટિ-સંપ્રદાયમાં બાલકૃષ્ણની સેવા કરવાની છે એમાં લાકડી એટલે કે અભિમાનનું સ્થાન નથી.**


# સત્કર્મ કર્યા પછી અંદરનું અભિમાન વધતું હોય તો એ સત્કર્મ શા કામનું??



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ભગવાન કહે છે કે, હું કૃપા કરુંતો જ સંઘાઉં ભક્તનો પ્રેમ જ મને બાંધી શકે, બીજું કોઈ નહીં, લૌકિક દોરીથી હું બંધાતો નથી, કેવળ પ્રેમની દોરીથી જ બંધાઉં છું.**

ભક્તિ ધર્માનુકૂલ હોવી જોઈએ. ભક્તિમાં અધર્મ આવે તો ભક્તિ બગડે. જેની જે ફરજ પરમાત્માએ નક્કી કરી છે તે બરાબર બજાવો. તમારો ધર્મ પાળ્યા વગર તમે ભક્તિ કરો તો તે સફળ થશે નહીં. બ્રાહ્મણ સંધ્યા છોડે અને શ્રીકૃષ્ણની સેવા કરવા જાય, તો ભગવાન તેની સેવા ગ્રહણ કરતા નથી.માંદા પતિને છોડી તેમની આજ્ઞા વગર સ્ત્રી મંદિરમાં દર્શન કરવા જશે તો આવી સ્ત્રીની એકેએક મર્યાદા પાળીને કરવી એક મહાત્મા કહે છે કે, મને કારણ જુદું લાગે છે. યશોદાના હાથમાં લાકડી હતી. લાલો કો- છે કે, લાકડી લઈ કોઈ મને પકડવા આવે તે મને ગમતું નથી. લાકડી એ અભિમાન છે. પુષ્ટિ- સંપ્રદાયમાં બાલકૃષ્ણની સેવા કરવાની છે એમાં લાકડી એટલે કે અભિમાનનું સ્થાન નથી. તેથી યશોદામા લાકડી લઈને શ્રીકૃષ્ણને પકડવા જાય તો શ્રીકૃષ્ણ કેમ કરી પકડાય! યશોદાજી લાકડી લઈને એટલે કે અભિમાનથી કનૈયાને પકડવા જાય છે, એટલે શ્રીકૃષ્ણ પકડાતા નથી. સત્કર્મ કર્યા પછી અંદરનું અભિમાન વધતું હોય તો એ સત્કર્મ શા કામનું'' ભગવાન સર્વ દોષની, અપરાધની ક્ષમા કરે છે, પણ અભિમાનની ક્ષમા કરતા નથી. અભિમાન થાય તો ભગવાન ઉપેક્ષા કરે છે. અભિમાન કરવા જેવું આપણી પાસે કશું નથી, છતાં માણસા અભિમાન કરે છે. અલ્યા, તું શાનું અભિમાન કરે છે? રાય રંક બને છે અને રંક રાય બને છે.લાખની રાખ થતાં વાર લાગતી નથી. આમાં તું શાનું અભિમાન કરે છે? યશોદા દોડતાં થાકી ગયાં. કનૈયો હાથમાં આવતો નથી. ખૂબ થાકી ગયાં એટલે લાકડી ભારરૂપ બની ગઈ. હવે યશોદાએ લાકડી ફેંકી દીધી. લાલાને એટલું જ જોઈતું હતું.માએ લાકડી ફેંકી દીધી એટલે કનૈયો ઊભો રહી ગયો અને સામો દોડતો આવ્યો. યશોદા શ્રીકૃષ્ણ સન્મુખ જુએ છે એટલે લાલો પકડાય છે. લાલાનું મુખ જોઈને દોડે તો જ લાલો પકડાય. કારણ કે લાલાના મુખમાં ધર્મ છે. યશોદાજીએ લાકડી ફેંકી દીધી. અભિમાન દૂર કર્યું. નિઃસાધન બન્યાં એટલે શ્રીકૃષ્ણ ભણી અન પકડાયા.તે બતાવે છે કે, ભક્તિમાં દૈન્યભાવ જોઈએ. જીવ અહંતા- મમતા ન છોડે ત્યાં સૂરિ મરણ અન મળતા નથી. જ્યાં સુધી 'હું' છે ત્યાં સુધી ભગવાન મળતા નથી. જ્યાં 'હું' છે ત્યાં હરિન જાણું ને જ્યાં હરિ છે ત્યાં 'હું' નથી. કનૈયો રડવા લાગે છે. માતાએ કહ્યું, તું ખોટું રડે છે. લાલાને રડતો જોઈ બધાં બાળકો યશોદા પાસે આવે છે અને કરગરે છે, મા, લાલાને મારશો નહીં. લાલાએ ચોરી કરી પોતે કાંઈ ખાધું નથી. બધું માખણ અમને જ ખવડાવ્યું છે. લાલાને મારશો નહીં યશોદાજી મનમાં કહે છે, શું કરું! લાલાને ચોરી કરવાની આદત પડી છે તે આદત છોડાવવી છે. એટલે યશોદાએ નિશ્ચય કર્યો, આજે તો લાલાને બાંધીશ. યશોદા કનૈયાને ખાંડણિયા પાસે લાવ્યાં. બાળકોએ ઘરે જઈ ગોપી ઓને ખબર આપી. ગોપીઓ દોડતી આવી. બોલી, મા, છોકરો ન હતો ત્યારે તું રડતી હતી અને આજે લાલાને બાંધવા-પીટવા તૈયાર થઈ છે? લાલો રોજ અમારા ઘરમાં ઘૂસી જાય છે, માખણ ખાય છે, ગોળી ફોડે છે અને અમે કંઈ તારા જેવા પૈસાદાર નથી, તોયે અમે એને કાંઈ બાંધતાં- પીટતાં નથી! અને તું આ શું કરે છે? એક ગોળી માટે તું એને બાંધે પીટે છે? જોઈએ તો અમે એવી દસ ગોળી



તને આપીએ. લાખ સાહ્યબી મળી તો યે છેવટે ગોવાલણ જ રહી.યશોદાએ ગોપી ઓને ઠપકો આપ્યો કે, છોકરો મારો છે. હું ગમે તે કરું! શ્રીકૃષ્ણ થરથર કંપે છે. યશોદાજી બાલકૃષ્ણને ખાંડણિયા સાથે દોરડાથી બાંધે છે. દોરી બે આંગળ ઓછી પડી. બીજી દોરી જોડી, તો તે પણ બે આંગળ ટૂંકી પડી, પછી ત્રીજી જોડી તો તે પણ બે આંગળ ટૂંકી પડી. આ પ્રમાણે જેમ દોરી લાવે અને જોડે તેમ ટૂંકી પડે. મહાત્માઓ કહે છે કે, દોરીને શ્રીકૃષ્ણનો સ્પર્શ થયો એટલે દોરીનો સ્વભાવ બદલાયો. ભાગવદ્‌સ્પર્શ વગર સ્વભાવ બદલાતો નથી તેનું આ દૃષ્ટાંત છે. યજ્ઞ કરવાથી સ્વભાવ સુધરતો નથી. તીર્થયાત્રા કરવાથી સ્વભાવ સુધરતો નથી, બ્રાહ્મણોને જમાડવા થી સ્વભાવ સુધરતો નથી. જે મન થી પ્રભુનું ધ્યાન કરે છે, જે મનથી પરમાત્માને મળે છે તેનો સ્વભાવ સુધરે છે. ભાગવદ્‌ સ્પર્શ વગર સ્વભાવ બદલાતો નથી. બ્રહ્મસ્પર્શ થયા પછી બંધન શાનું? દોરીએ બીજાને બાંધવાનો પોતાનો સ્વભાવ છોડી દીધો,એ જોઈ ગોપીઓ યશોદા જીને કહે છે,મા,ગમે તેમ કર. આ લાલાના ભાગ્યમાં બંધન લખ્યું નથી! નથી જ. લાલો તો સંસારના બંધનમાંથી આપણને સૌને છોડાવવા આવ્યો છે. ઐશ્વર્યશક્તિ પરમાત્માને સ્વામી માને છે પણ વાત્સલ્યશક્તિ કહે છે કે, હું પરમાત્માને બાંધીશ. ઐશ્વર્યશક્તિ કહે છે કે, હું મારા પતિને બાંધવા નહીં દઉં. ઐશ્વર્યશક્તિ અને વાત્સલ્યશક્તિ વચ્ચે આ મધર ઝઘડો છે. છેવટે પ્રભુએ ઐશ્વર્ય શક્તિને હુકમ કર્યો કે, ગોકુળમાં હું ઈશ્વર નથી,ગોકુળ માં હું યશોદાનો બાળ છું હું દ્વારકા આવીશ ત્યારે તારો ધણી થઈને આવીશ.માટે તું જા અહીંથી! મને બાંધવાની ઈચ્છા છે તો ભલે બાંધે. વ્રજમાં તારે આવવાની જરૂર નથી. ગોકુળલીલામાં વાત્સલ્ય ભાવ પ્રધાન છે. પૌગંડલીલામાં સંખ્ય ભાવ પ્રધાન છે. ગોપીઓ સાથેની લીલામાં માધુર્યભાવ પ્રધાન છે. શ્રીકૃષ્ણની આજ્ઞા થતાં ઐશ્વર્ય શક્તિએ દોરડામાંથી વિદાય લીધી ભગવાન કહે છે, મારા અને તમારા વચ્ચે બે જ આંગળનું અંતર છે. અહંતા અને મમતારૂપી બે આંગળ નું અંતર છે. જેનામાં અહંતા અને મમતા હોય તે મને કદી પણ બાંધી શકે નહીં. ભક્તમાં જો અહંતા-મમતા હોય તો ભગવાન કહે છે કે, તારા અને મારા વચ્ચે બે આંગણ અંતર રહેશે. મને તું બાંધી નહીં શકે. ત્રિગુણાત્મક માયાદોરી પરમાત્માને બાંધી શકતી નથી. ભગવાન તો પ્રેમલક્ષણા ભક્તિક્તપી દોરીથી બંધાય છે. જાતે-પોતાની મરજીથી બંધાય છે. જ્ઞાન કે યોગ પણ એમને બાંધી શકતા નથી.શ્રીકૃષ્ણે જોયું કે, માતાજી પરિશ્રમથી ખૂબ જ થાકી ગયાં છે અને પરસેવાથી રેબઝેબ થઈ ગયાં છે. એટલે પછી તો પોતે જાતે માતા નાં બંધનમાં ફસાઈ ગયાં. ભગવાન કહે છે કે, હું કૃપા કરુંતો જ સંઘાઉં ભક્તનો પ્રેમ જ મને બાંધી શકે, બીજું કોઈ નહીં. લૌકિક દોરીથી હું બંધાતો નથી, કેવળ પ્રેમની દોરીથી જ બંધાઉં છું. પુષ્ટિભક્તિનું આ રહસ્ય છે. ઈશ્વર કૃપા ન કરે ત્યાં સુધી જીવ ઈશ્વરને બાંધી શકે નહીં. જીવ તો સ્વાર્થને લીધે બંધનનો સ્વીકાર કરે છે. આજે પરમાત્મા નિઃસ્પૃહી હોવા છતાં બંધનનો સ્વીકાર કરે છે. ભગવાન જ્યારે બંધાય ત્યારે જીવ બંધનમાં છૂટે અને તેનો ઉદ્ધાર થાય દોરડા વડે ઉદર આગળથી બંધાયા એટલે શ્રીકૃષ્ણનું નામ પડ્યું દામોદર. બોલો,દામોદર ભગવાનની જય. આને દામોદર લીલા કહે છે. ઈશ્વરને બાંધશો તો તમે જન્મ મરણનાં બંધનમાંથી છૂટી જશો. ઈશ્વરને બાંધેએ બંધનમાંથી છૂટે. ઈશ્વર હઠાગ્રહી નથી. જીવ દુરા ગ્રહી છે. એ પોતાનો કક્કો છોડતો નથી, પણ ભગવાન તો અનાગ્રહી છે. નથી બંધાવું એમ કહે અને પ્રેમ જુએ તો બંધાઈ જાય ભગવાન ભક્તોના આગ્રહ આગળ પોતાનો આગ્રહ છોડે છે. ભક્તના આગ્રહને માન આપે છે, ત્યારે જીવ કદાપિ પોતાનો આગ્રહ છોડતો નથી. માતાનો પરિશ્રમ જોઈ કનૈયો જાતે બંધાયો આ રીતે શ્રીકૃષ્ણ પોતે ભક્તાધીન છે એમ સ્પષ્ટ બતાવ્યું. ભીષ્મપિતા મહની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા શ્રીકૃષ્ણે પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરી શસ્ત્ર ધારણ કર્યું હતું. આમ ભગવાન અનાગ્રહી છે અને એ જ એમનું ઐશ્વર્ય છે. પણ પૂર્ણ પ્રેમ વગર પરમાત્મા બંધાય નહીં. મનુષ્યનો પ્રેમ ઘર, ધન, પત્ની, સંતાન વગેરેમાં વહેંચાયેલો છે. એ ભેગો કરી, એક કરી, જો એ ઠાકોરજીને અર્પણ કરે તો ઠાકોરજી બંધાય છે. બાકી ઠાકોરજી બે આંગળનું અંતર રાખશે.અંતર બે આંગળનું, પણ લાખ જોજન ગયે પણ નહીં પુરાય. પરમાત્માને કોણ બાંધી શકે? જ્ઞાની પુરુષો અને ભક્તો ભગવાનને પ્રેમના બંધનમાં બાંધી શકે છે. બિલ્વમંગળ જેવા તેમને હૃદયમાં બાંધે છે.

## ફેંકવાની ભૂલ ન કરતા, સ્વાસ્થ્ય માટે છે ફાયદાકારક



તરબૂચના બીજમાં મોટા પ્રમાણમાં મોનોસેચ્યુરેટેડ અને પોલીઅનસેચ્યુરેટેડ ફેટી એસિડ હોય છે, જે હાર્ટ એટેકના ખતરાને ઘટાડવામાં ફાયદાકારક સાબિત થઈ શકે છે. ગરમીમાં લાગતી લૂના કારણે તમે જલદી થાક અનુભવ કરવા લાગો છો. એવામાં તરબૂચના બીજને ખાવાથી તમારા શરીરને ઈન્સ્ટન્ટ એનર્જી મળી શકે છે. આ બીજ હિમોગ્લોબિન માટે ખુબજ લાભદાયક હોય છે. (નોંધઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી અને સૂચનો સામાન્ય જાણકારી પર આધારિત છે. ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત તેની પુષ્ટિ કરતું નથી. અમલવારી કરતા પહેલા સંબંધિત નિષ્ણાતની સલાહ લો.) તરબૂચના બીજ મોઢામાં આવે તો ચાવી જજો! શું તરબૂચ ખાઈને તમે બીજ ફેંકી દો છો? તો તમે મોટી ભૂલ કરી રહ્યા છો. કારણ કે તરબૂચની સાથોસાથ તરબૂચના બીજ સ્વાસ્થ્ય માટે ઘણા ફાયદાકારક છે.તરબૂચના બીજમાં કેલ્શિયમ હોય છે, જે હાડકાંની મજબૂતી જાળવવામાં મદદ કરે છે. હાડકાં ઉપરાંત, તે સ્નાયુઓની કાર્યક્ષમતા વધારવા અને જ્ઞાનતંતુઓને સક્રિય રાખવામાં ખૂબ જ ઉપયોગી છે. તરબૂચના બીજમાં રહેલું લાયસિન ડાયાબિટીસને કંટ્રોલ કરવામાં મદદ કરે છે. આ તરબૂચના બીજ ડાયાબિટીસમાં આશ્ચર્યજનક પરિણામ આપી શકે છે. તરબૂચમાં રહેલી પોટેશિયમની માત્રા હૃદયને સ્વસ્થ રાખે છે. આ ઉપરાંત તેમાં ફાઈબર કે ડાયેટરી ફાઈબરનું પ્રમાણ પણ ઘણું વધારે હોય છે. તે હૃદયના રોગો અને વિવિધ શારીરિક સમસ્યાઓના નિરાકરણમાં કામ કરે છે. તરબૂચના બીજમાં પ્રોટીન, આયર્ન, મેગ્નેશિયમ, ઝિંક અને કોપર ભરપૂર હોય છે, જે વાળની ગુણવત્તામાં સુધારો કરે છે. આ બીજ વાળને મજબૂત કરવામાં મદદ કરે છે. આમ, તરબૂચ વાળના વિકાસને પ્રોત્સાહન આપે છે.

# દહીં સાથે આ વસ્તુઓનું સેવન ના કરો

**દહીં સાથે આ વસ્તુઓનું સેવન કરો છો તો હેલ્થને અનેક ઘણું નુકસાન થાય છે.**

ગરમીમાં દહીં ખાવાથી હેલ્થને અનેક ઘણો ફાયદો થાય છે. દહીં અનેક ગુણોથી ભરપૂર હોય છે. પરંતુ તમે દહીં સાથે આ વસ્તુઓનું સેવન કરો છો તો હેલ્થને અનેક ઘણું નુકસાન થાય છે. તો જાણો આ વિશે વધુમાં.. ગરમીમાં દહીં ખાવુ જોઈએ. દહીં ખાવાથી હેલ્થને અનેક ઘણો ફાયદો થાય છે. કેટલાક લોકો દહીં લંચમાં ખાતા હોય છે તો અનેક લોકો ડિનરમાં ખાતા હોય છે. પરંતુ દહીં ખાવાનો પણ એક સમય હોય છે. દહીંને તમે ડેઈલી ડાયટમાં ઉપયોગમાં લઇ શકો છો. દહીં વજન ઉતારવાથી લઈને બીજી અનેક રીતે ફાયદાકારક છે. પરંતુ શું તમે જાણો છો દહીં સાથે ક્યારેય આ વસ્તુઓનું સેવન ના કરવું જોઈએ? તો જાણો આ વિશે વધુમાં..જેથી કરીને તમે અનેક તકલીફોથી બચી શકો. ક્યારેય પણ તમે દહીં અને ડુંગળીનું સેવન એક સાથે કરશો નહીં. દહીં અને ડુંગળીનું સેવન તમે સાથે કરો છો તો હેલ્થને અનેક ઘણું નુકસાન થાય છે. દહીં અને ડુંગળીનું સેવન એક સાથે કરવાથી ખંજવાળ, ખરજવુ અને પેટ સંબંધતિ સમસ્યાઓ થઈ શકે છે. દહીંની સાથે માછલીનું સેવન પણ તમે કરો છો તો અનેક ગંભીર બીમારીઓની ઝપેટમાં આવી શકો છો. આ માટે દહીંની સાથે માછલીનું સેવન કરશો નહીં. આનાથી પેટમાં દુખાવો થવાની ફરિયાદ વધારે રહે છે. તમે નોન વેજિટેરીયન છો તો આ વાત જાણવી ખૂબ જરૂરી છે. દૂધ અને દહીં બન્નેનું સેવન તમે સાથે કરો છો તો સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થાય



છે. દૂધ અને દહીંનું સેવન તમે સાથે કરો છો તો બ્લોટિંગ, ગેસ અને ઉલટી જેવી સમસ્યા થઈ શકે છે. દૂધ અને દહીં આ બન્ને વસ્તુનું સેવન સાથે કરવાથી શરીર પર સફેદ ડાઘ પણ નીકળી શકે છે. તમે પહેલાંથી ગેસની સમસ્યા છે તો તમારે દહીં અને દૂધનું સેવન સાથે કરવુ જોઈએ નહીં. (નોંધઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી અને સૂચનો સામાન્ય જાણકારી પર આધારિત છે. ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત તેની પુષ્ટિ કરતું નથી. અમલવારી કરતા પહેલા સંબંધિત નિષ્ણાતની સલાહ લો.) હાલમાં ગરમીની શરૂઆત થઈ ગઈ છે. ગરમીમાં દહીં અને કેરી બન્ને વસ્તુઓ ખાવાનું મન વધારે થાય છે. આ બન્ને વસ્તુઓ હેલ્થ માટે હેલ્ધી છે, પરંતુ તમે સાથે સેવન કરો છો તો નુકસાન થઈ શકે છે. દહીં અને કેરીનું સેવન સાથે કરવાથી એસિડિટી, ડાયજેશન સિસ્ટમમાં સમસ્યા તેમજ બીજી અનેક નાની-મોટી તકલીફો થઈ શકે છે. દહીં અને માછલી- ટીઓઆઈના રિપોર્ટ અનુસાર, આયુર્વેદ કહે છે કે, દહીં અને માછલી વિરુદ્ધ આહાર છે. મેડિકલ સાયન્સ અનુસાર પણ બંનેમાં અલગ અલગ પ્રકારના પ્રોટીન હોય છે. બંને પ્રકારના પ્રોટીન એક સાથે ખાવાથી ડાયજેશનની સમસ્યા થઈ શકે છે. તેનાથી એસિડિટી અને ગેસની સમસ્યા થઈ શકે છે. આયુર્વેદના જણાવ્યા અનુસાર, ડાઈઝેશન યોગ્ય રીતે ન થવાના કારણે અગ્નિબંધ થઈ શકે છે, જેના કારણે બાદમાં સ્કિન પર રેશેઝ નીકળી શકે છે.

કેરી- દહીંની સાથે કેરી ખાવી પેટમાં ભારે તબાહી મચાવી શકે છે. દહીં અને કેરી સાથે ખાવાથી પેટ ફુલી શકે છે અને તેનાથી ખૂબ વધારે ગેસ બની શકે છે. કેમ કે કેરીની તાસીર ગરમ હોય છે અને દહીંની ઠંડી. એટલા માટે બંને વિરુદ્ધ આહાર થઈ ગયા. તેથી ડાઈઝેશનની તકલીફ થઈ શકે છે. તેનાથી સ્કિન પર રેશેઝ આવી શકે છે. બંને એક સાથે મળીને ખાવાથી ટોક્સિન પણ બની શકે છે. દહીંમાં વિટામિન, કેલ્શિયમ, પ્રોટીન, આયર્ન, ફોસ્ફરસ, મેગ્નેશિયમ અને ફોલિક એસિડ જેવા ઘણા પોષક તત્વો હોય છે. આ ઉપરાંત, દહીંમાં મોટી માત્રામાં પ્રોબાયોટીક્સ હોય છે, જે આંતરડામાં સારા બેક્ટેરિયાને વધારવામાં મદદ કરે છે, પરંતુ વ્યક્તિએ કેટલીક વસ્તુઓ સાથે આવા પોષક તત્વોથી ભરપૂર દહીં ખાવાનું ટાળવું જોઈએ. ખજૂર ખાધા પછી દહીં ખાવાનું ટાળવું જોઈએ. જો તમે તેનું એકસાથે સેવન કરો છો તો તમારું પેટ ખરાબ થઈ શકે છે. ખજૂર અને દહીંનું એકસાથે સેવન ન કરવાનો પ્રયાસ કરો. ઓછામાં ઓછા ૨ કલાકના અંતરાલ પછી ખજૂર ખાઓ.

## ચાને હેલ્ધી બનાવવા માટે આ વસ્તુઓ ઉમેરો, બીમારીઓ રહેશે દૂર



લગભગ દરેકના દિવસની શરૂઆત ચાથી થાય છે. આપણે બધાને સવારે ઉઠતાની સાથે જ ચા પીવી ગમે છે, કારણ કે તે આપણને તાજગી આપે છે. ઘણા લોકો ચાને તેમના માથાનો દુખાવોનો ઈલાજ પણ માને છે. તજને ચામાં ઉમેરીને પીવાના ઘણા ફાયદા છે. તેને ચામાં ભેળવીને પીવાથી ચાનો સ્વાદ વધે છે, તેની સાથે તજનો ઉપયોગ પણ શરીર માટે ફાયદાકારક છે. (નોંધઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી અને સૂચનો સામાન્ય જાણકારી પર આધારિત છે. ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત તેની પુષ્ટિ કરતું નથી. અમલવારી કરતા પહેલા સંબંધિત નિષ્ણાતની સલાહ લો.) તેમાં હાજર એન્ટીઓક્સીડેન્ટ્સ અને એન્ટીબેક્ટેરિયલ ગુણો શરીરને સુરક્ષિત કરવામાં મદદ કરે છે. તજ ખૂબ જ આરોગ્યપ્રદ છે, જેમ કે તે બ્લડપ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે અને ડાયાબિટીસને પણ નિયંત્રિત કરે છે. તેના નિયમિત સેવનથી પેટની સમસ્યાઓ પણ ઓછી કરી શકાય છે. લવિંગની ચા પીવાના ઘણા ફાયદા છે. લવિંગમાં ખાસ ઔષધીય ગુણ હોય છે, જે શરીર માટે ફાયદાકારક હોય છે. લવિંગનો ઉપયોગ ચેપ સામે લડવામાં મદદ કરે છે અને કીટાણુઓને મારી નાખે છે. તે પાચનને સુધારે છે અને પેટના રોગોથી પણ બચાવે છે. લવિંગ મસાલાની સુગંધ ચાના સ્વાદ અને ગુણોને વધારે છે. આ ઉપરાંત, લવિંગનો ઉપયોગ એકાગ્રતા વધારવામાં પણ મદદ કરે છે. લેમનગ્રાસ ચા પીવાના ઘણા ફાયદા છે. તેમાં મસાલાની મજબૂત સુગંધ તેમજ સ્વાસ્થ્યને લાભદાયી ગુણધર્મો છે. તેમાં એન્ટીઓક્સીડેન્ટ હોય છે જે કીટાણુઓ સામે લડે છે. તે પાચનમાં સુધારો કરે છે, ગેસની સમસ્યા ઘટાડે છે અને તાજગી અને ઉર્જાનું સ્તર વધારે છે. લેમનગ્રાસ ચાનું સેવન કરવાથી થાક દૂર થાય છે અને મગજને શાંતિ મળે છે. આ સિવાય તે શરીરના આંતરિક શુદ્ધિકરણમાં પણ મદદ કરે છે. રોઝમેરીની ચા પીવાના ફાયદા ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમાં વિશેષ ઔષધીય ગુણો છે જે સ્વાસ્થ્ય માટે ઉપયોગી છે.

## સ્વાસ્થ્ય માટે પણ બેસ્ટ, લાંબા સમય સુધી સ્ટોર કરવા અપનાવો આ ટીપ્સ



ફુદીનો સ્વાદ અને સ્વાસ્થ્ય બંનેની દ્રષ્ટિએ આપણો સાથી છે. ઉનાળાની ઋતુમાં તે શરીરને અંદરથી ઠંડક આપે છે. એક્સપર્ટ, પાસે જાણો નિયમિત આહારમાં ફુદીનાનો ઉપયોગ કેવી રીતે કરવો. ફુદીનાની સુગંધ જેટલી મનને ઠંડક આપનારી છે, તેટલા જ તેના સ્વાસ્થ્ય લાભો પણ છે. ચટણી હોય કે આમ પન્ના, રાયતા, પુલાવ જેવી અનેક રેસિપ ીમાં ફુદીનો સ્વાદમાં ચાર ચાંદ લગાવી દે છે. હવે ઉનાળાની શરૂઆત થઈ ચૂકી છે, ત્યારે શરીરને ઠંડુ રાખવા વિવિધ પીણાઓ પીવાનું મન થાય છે. કાળઝાળ ગરમીમાં ફુદીનો રામબાણ ઈલાજ છે. જે વિવિધ મિનરલ્સ અને વિટામીન-સીનો સારો સ્રોત છે. તો ચાલો જાણીએ તમારી કૂકિંગમાં તમે ફુદીનાને કઈ રીતે સામેલ કરી શકો છો અને તેના અગણિત સ્વાસ્થ્ય લાભો વિશે. ઉનાળામાં ફુદીનાવાળું શરબત અને ચટણી ખાવાથી ગેસની સમસ્યા દુર થાય છે. (નોંધઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી અને સૂચનો સામાન્ય જાણકારી પર આધારિત છે. ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત તેની પુષ્ટિ કરતું નથી. અમલવારી કરતા પહેલા સંબંધિત નિષ્ણાતની સલાહ લો.) શરદી- ઉધરસ થાય તો ફુદીનાની ચા પીવાથી કફ નીકળી જશે. ફુદીનાના પાંદડાના નાંખીને નાસ લેવાથી બંધ નાક ખુલી જશે. જો મોઢાનો સ્વાદ બગડી જાય તો ફુદીનાના તાજા પાન, ખજૂર, મરી, સુકી દ્રાક્ષ અને જીરાને પીસી લો અને તેમાં લીંબૂનો રસ નાંખીને ખાવાથી તમારા મોઢાનો સ્વાદ ઠીક થઈ જશે.- ઉધરસ થાય તો ફુદીનાના રસમાં મધ અને આદુનો રસ મિક્સ કરીને પીવો. ફુદીનો વજન ઘટાડવામાં પણ મહત્વની ભૂમિકા નિભાવે છે. આ રીતે કરો સ્ટોર ફુદીનાને સારી રીતે ધોઈને તેના પાનને અલગ કરીને કિચન ટાવલ પર પંખા નીચે રાખી દો. પાણી સૂકાઈ જાય એટલે પેપર નેપકિનમાં પેક કરીને કોઈ એરટાઈટ કન્ટેનરમાં રાખી દો. આમ ૧ સપ્તાહ સુધી આ ફુદીનો કાળો નહીં પડે. ફુદીનાને સૂકવીને ૬ મહીના સુધી પણ સ્ટોર કરી શકાય છે.

BOLLYWOOD NEWS FLASH





### સલમાન ખાન અને કરણ જોહર વચ્ચે ઓફ સ્ક્રિની મિત્રતા

## સલમાન-કરણની દોસ્તી જામી નહીં, શરૂઆત પહેલા જ ‘ધ બુલ’ અટવાઈ

સલમાન ખાન અને કરણ જોહરે છેલ્લે ૨૫ વર્ષ અગાઉ ‘કુછ કુછ હોતા હૈ’માં સાથે કામ કર્યુ હતું સલમાન ખાન અને કરણ જોહર વચ્ચે ઓફ સ્ક્રિન મિત્રતા જોવા મળે છે, પરંતુ ઓન સ્ક્રિન જોડી જમાવવાના તેમના પ્રયાસ ખાસ રંગ લાવતા નથી. કરણ જોહરે ડાયરેક્ટર તરીકે બનાવેલી પહેલી ફિલ્મ કુછ કુછ હોતા હૈમાં સલમાન ખાનનો સ્પેશિયલ રોલ હતો. તે પછી બંનેએ અનેક વખત સાથે ફિલ્મ કરવા તજવીજ હાથ ધરી છે. કરણ જોહરના પ્રોડક્શનમાં સલમાનના લીડ રોલમાં ‘ધ બુલ’ બનાવવાના પ્રયાસ શરૂ થયા હતા. જો કે આ ફિલ્મ ફ્લોર પર પહોંચે તે પહેલાં જ ખોરંભે ચડી હોવાના રિપોર્ટ્સ છે. સલમાન પાસે સંખ્યાબંધ ફિલ્મો છે અને તેના કારણે ખાલી સમય મળવાનું અઘરું છે. સલમાને ત્રણ વખત ‘ધ બુલ’ માટે ડેટ્સ આપી હતી, પરંતુ ત્રણેય વખત પ્રોડક્શનમાં મોડું થયું. હવે સલમાને જૂના કમિટમેન્ટ્સ પ્રમાણે સાજિદ નડિયાદવાલા પ્રોડક્શનની ફિલ્મનું શૂટિંગ શરૂ કરવાનું છે. બીજી તરફ, કરણે અનેક વખત ‘ધ બુલ’ના શૂટિંગની તારીખો બદલી હતી અને નિશ્ચિત તારીખ ફાઈનલ નહીં થતા સલમાને અન્ય પ્રોજેક્ટ પર ધ્યાન વધાર્યુ છે. સોસીસના જણાવ્યા મુજબ, સલમાન ખાને ‘ધ બુલ’થી છેડો ફાડી લીધો હોવાની વાત ખોટી છે. ડેટ્સ ખાલી હોય તેવા સમયે સલમાન ફરી આ ફિલ્મમાં જોડાશે. કરણ જોહરે એક વખત સલમાનને પૂછી શૂટિંગની તારીખ નક્કી કરવાની છે. કરણે પાછલા વર્ષે સલમાનના બર્થ ડે પર નોટ લકી હતી. કરણે ‘કુછ કુછ હોતા હૈ’ને યાદ કરી હતી. અન્ય કોઈ એક્ટર આ રોલ કરવા તૈયાર ન હતા ત્યારે સલમાને મદદ કરી હતી. ૨૫ વર્ષ બાદ અમે એક સ્ટોરી કહેવા ભેગા થઈ રહ્યા છીએ. કરણ અને સલમાનની આ ફિલ્મ ‘ધ બુલ’ હોવાનું કહેવાય છે, જેમાં સલમાને આમી ઓફિસરનો રોલ કરવાનો છે.



### અલગ-અલગ માપદંડો હોવાનો અનુભવ

## નીપોટિઝમના કારણે લાભ ન થયો, પણ મુશ્કેલી પડી હતી : અલાયા એફ

વીતેલા જમાનાની ચર્ચાસ્પદ એક્ટ્રેસ પૂજા બેદીની દીકરી અલાયા એફની કરિયરની સૌથી મોટી ફિલ્મ ‘બડે મિયાં છોટે મિયાં’ છે. આ ફિલ્મમાં અલાયાને અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ સાથે રોલ કરવા મળ્યો છે. કરિયરની સૌથી મોટી ફિલ્મની રિલીઝ પૂર્વે અલાયાએ નીપોટિઝમમાં પણ વ્હાલા-દવલાં ચાલતું હોવાનો ખુલાસો કર્યો હતો. આગામી ફિલ્મ બડે મિયાં છોટે મિયાંની રિલીઝ પૂર્વે અલાયાએ એક ઈન્ટરવ્યૂ દરમિયાન બોલિવૂડમાં ચાલી રહેલા નીપોટિઝમ અને તેના અલગ-અલગ આવરણો અંગે વાત કરી હતી. અલાયાએ જણાવ્યું હતું કે, નીપોટિઝમના કારણે તેને કોઈ લાભ ન હતો થયો, પરંતુ મુશ્કેલીઓ વધી હતી. ડાયરેક્ટર-પ્રોડ્યુસર્સ મળતા હતા અને સરસ વાતચીત કરતા હતા, પરંતુ ફિલ્મ આપતા ન હતા. પહેલી ફિલ્મ જવાની જાનેમન મળી હતી અને તેના માટે દોઢ વર્ષ રાહ જોવી પડી હતી. ઉલ્લેખનીય છે કે, સૈફ અલી ખાન અને તબુનો લીડ રોલ ધરાવતી ફિલ્મ ‘જવાની જાનેમન’ ૨૦૨૦માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મથી અલાયાએ કરિયરની શરૂઆત કરી હતી. ફિલ્મમાં તેણે સૈફની દીકરીનો રોલ કર્યો હતો. આ ફિલ્મમાં પરફોર્મન્સ બદલ અલાયાને બેસ્ટ ફીમેલ ડેબ્યુનો એવોર્ડ મળ્યો હતો.



## ૪૪ વર્ષની ઉંમરે રિદ્ધિમા બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહી છે



ઋષિ કપૂર અને નીતુ કપૂરની મોટી દીકરી રિદ્ધિમા કપૂરે તેના ભાઈ-બહેન સુપરસ્ટાર હોવા છતાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીથી દૂર રહેવાનો નિર્ણય લીધો હતો. આ જ કારણ છે કે દિલ્હીના પ્રખ્યાત બિઝનેસમેન ભરત સાહની સાથે લગ્ન કર્યા બાદ તે નાની ઉંમરમાં જ દિલ્હી શિફ્ટ થઈ ગઈ હતી. પરંતુ હવે ૪૪ વર્ષની ઉંમરે રિદ્ધિમા કપૂર બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહી છે. તે ટૂંક સમયમાં નેટફ્લિક્સ પર રિલીઝ થનારી રિયાલિટી સીરિઝ ‘ફેબ્યુલસ લાઈફ ઓફ બોલિવૂડ વાઈવ્સ’માં જોવા મળશે. ભાઈ રણબીર કપૂર અને માતા નીતુ કપૂર સાથે ‘ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો’માં રિદ્ધિમા કપૂરે એક રસપ્રદ ખુલાસો કર્યો હતો અને કહ્યું હતું કે કપિલના કારણે જ તેને આ બૉલીવુડ પ્રોજેક્ટ ઑફર કરવામાં આવ્યો હતો. ‘ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો’માં દર્શકો સામે રિદ્ધિમાના બોલિવૂડ ડેબ્યૂની જાહેરાત કરતી વખતે કપિલે કહ્યું, ‘રિદ્ધિમા બોલિવૂડની વાઈવ્સ’થી ડેબ્યૂ કરવા જઈ રહી છે. જો કે, તમે બધા જાણો છો કે ટેલેન્ટ કપૂર પરિવારના લોહીમાં છે. જેમ આપણે આપણું બ્લડ ટેસ્ટ કરાવીએ છીએ, અને તે કાં તો ‘છ’ પોઝિટિવ આવે છે અથવા ‘બી’ પોઝિટિવ આવે છે, તેવી જ રીતે તેમનું બ્લડ ટેસ્ટ એક્ટિંગ પોઝિટિવ આવે છે.’’ આ દરમિયાન કપિલે રિદ્ધિમાને પૂછ્યું કે તમે ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યૂ કરવા માટે આટલો સમય કેમ લીધો? કપિલના સવાલનો જવાબ આપતા રિદ્ધિમાએ કહ્યું, ‘‘મારી સાચી શરૂઆત ૪૨ વર્ષની ઉંમરે થઈ હતી. જ્યારે હું તમારા શોમાં આવી હતી, ત્યારે તમે મને ‘તિખી મિચી’ કહીને બોલાવી હતી. આ નામ સાંભળીને જ મને આ ઑફર મળી. કારણ કે તેમને તેમના શોમાં મિર્ચ મસાલા પણ જોઈતા હતા. અને તેણે તમારા મોએ મારી પ્રશંસા સાંભળી. ટૂંક સમયમાં તમે મને આ ફન શોમાં જોવાના છો. પરંતુ હું આનો સંપૂર્ણ ક્રેડિટ કપિલ જીને આપવા માંગુ છું. નીતુ કપૂરે પણ રિદ્ધિમાના નિવેદનને યોગ્ય ઠેરવ્યું અને કહ્યું કે કપિલે જ રિદ્ધિમાનો ટેલેન્ટ શોધી કાઢ્યો હતો.

## ‘પઠાણ-૨’માં શાહરૂખ ખાન અને દીપિકા પાદુકોણ ફરી ભેગા થશે ડાયરેક્ટરનું પત્તું કપાયું





યશરાજ ફિલ્મ્સના સ્પાય યુનિવર્સનો વ્યાપ સતત વધી રહ્યો છે. ‘પઠાણ’ની સફળતા પછી તેની સીક્વલ લાવવા માટે આદિત્ય ચોપરાએ તૈયારી શરૂ કરી છે. રો ના બહાદુર એજન્ટના રોલમાં શાહરૂખ અને તેને સાથ આપવા માટે દીપિકા પાદુકોણ નક્કી છે. તેઓ નવી ટીમ સાથે આતંકવાદના નવા ખતરાને નાબૂદ કરવા મોરચો માંડશે. ફિલ્મમાં લીડ સ્ટાર્સને યથાવત રખાયા છે, પરંતુ ડાયરેક્ટરને બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ‘પઠાણ’ના ડાયરેક્ટર સિદ્ધાર્થ આનંદને યથાવત રાખવાના બદલે અન્ય કોઈને આ જવાબદારી સોંપવામાં આવશે. ‘પઠાણ’ની સ્ટોરીમાં તાજગી રાખવા અને નવા દૃષ્ટિકોણ ઉમેરવા માટે નવી ટેલેન્ટની જરૂર હોવાનું આદિત્ય ચોપરા માને છે અને તેથી તેઓ ડાયરેક્શનની જવાબદારી અન્ય કોઈને સોંપવા માગે છે. ‘પઠાણ’ના દમ સાથે જાસૂસીનો રોમાંચ જળવાઈ.

## અક્ષય કુમાર અને ફરદીન ખાન ૧૭ વર્ષ બાદ ‘ખેલ ખેલ મૈં’ ફિલ્મમાં સાથે કામ કરશે

**સ્ટોરીમાં જૂના મિત્રો વર્ષો બાદ ડિનર માટે ભેગા થયા હતા, એક ગેમ દરમિયાન તેમના રહસ્યો ઉજાગર થવા માંડે છે**

અક્ષય કુમારે પોતાની કરિયરની નવેસરથી શરૂઆત કરી હોય તેમ કોમેડી ફિલ્મોની પસંદગી વધારી છે. અક્ષયની આગામી કોમેડી ફિલ્મ ‘ખેલ ખેલ મૈં’ લાંબા સમયથી ચર્ચામાં છે. આ ફિલ્મમાં વાણી કપૂર, એમી વિર્ક, ફરદીન ખાન, આદિત્ય સીલ અને પ્રજ્ઞા જયસ્વાલ પણ મહત્ત્વના રોલમાં છે. ફિલ્મની સ્ટોરીમાં એવા દોસ્તોની વાત છે, જેઓ વર્ષો બાદ ભેગા થાય છે અને ધમાલ મચાવે છે. અક્ષય કુમારના





મહત્ત્વના પ્રોજેક્ટમાં આ ફિલ્મનો સમાવેશ થાય છે. એકબીજાને મળવા અને જૂના દિવસો યાદ કરવા ભેગા થયેલા મિત્રોની ધમાચકડી આ ફિલ્મમાં જોવા મળશે. આ ફિલ્મનું શૂટિંગ ઉદેપુરથી માંડી લંડન સુધી વિવિધ લોકેશન્સ પર થયું છે. ફિલ્મની રિલીઝ ડેટ હજુ જાહેર થઈ નથી. અક્ષય કુમાર અને ફરદીન ખાને છેલ્લે ૨૦૦૭ના વર્ષમાં ‘હે બેબી’માં સાથે કામ કર્યું હતું. ૧૭ વર્ષ બાદ તેઓ ‘ખેલ ખેલ મૈં’માં સાથે જોવા મળશે. ફિલ્મની સ્ટોરીમાં જૂના મિત્રો વર્ષો બાદ ડિનર માટે ભેગા થયા હતા. એક ગેમ દરમિયાન તેમના રહસ્યો ઉજાગર થવા માંડે છે અન તેના કારણે અણધારી ધમાલ ઊભી થાય છે. ફિલ્મમાં કોમેડીની સાથે ભરપૂર ડ્રામા છે. ફિલ્મમાં અક્ષય કુમારના મિત્રનો રોલ ફરદીન ખાને કર્યો છે. અક્ષય કુમાર હાલ પોતાની ફિલ્મ બડે મિયાં છોટે મિયાંના પ્રમોશનમાં વ્યસ્ત છે. ટાઈગર શ્રોફ સાથેની આ ફિલ્મ ૧૦ એપ્રિલે રિલીઝ થઈ રહી છે.

# ચાકલીયા પોલીસે ૧૪૦૭૨૦ ના વિદેશી દારૂના મુદ્દામાલ સાથે એક વ્યક્તિને ઝડપી પાડયો




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

હાલ નગરમાં લગ્નસરા તેમજ લોકસભાની ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે. તેને લઈ કેટલાક ઈસમો ગેરકાયદેસર રીતે વિદેશી દારૂનો જથ્થાની હેરફેરના પ્રયાસો કરી રહેલ હોય છે.

ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા તેમજ ગુનાખોરીને ડામવા ચાકલીયા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ જે.કે.રાઠોડ સતત પેટ્રોલીંગ કરી અસામાજિક કામગીરી કરતા લોકો પર વોચ રાખી રહેલ છે. તે અન્વયે ચાકલીયા પોલીસના પી.એસ.આઈ જે.કે.રાઠોડને બાતમી મળેલ હતી કે વિદેશી દારૂનો જથ્થો લઈ કચલઘરા અનાશ નદી પાસેથી વાહન પસાર થનાર છે. પી.એસ. આઈ જે.કે.રાઠોડ કચલઘરા અનાસ નદી પર બાતમી વાળા વાહનની રાહ દેખી રહેલ હતા તે દરમ્યાન બાતમી વાળી બે મોટરસાયકલ આવતા તેને રોકવામાં આવેલ હતી. આ વાહન સાથે મેંદાલ હુકા ડામોર (બાલવાસા ફળિયું, થાંદલા, મધ્યપ્રદેશ) ની અટકાયત કરી તેની પાસેથી ઈંગ્લિશ દારૂ બિયરની કુલ બોટલો ૬૯૬ જેની કિંમત ૯૦૭૨૦ તેમજ અટકાયત કરેલ બે મોટરસાયકલ જેની કિંમત ૫૦૦૦૦ થઈ કુલ ૧૪૦૭૨૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# સંજેલી તાલુકાની પીછોડા નાળ ફળિયા વર્ગ પ્રા.શાળાનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

સંજેલી તાલુકામાં આવેલ નાળ ફળિયા વર્ગ પીછોડાની શાળામાં ધોરણ -૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માંથી બારીયા નિખિલભાઈ યોગેશભાઈ એ નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષામાં ઉતીર્ણ થવા બદલ શાળાના સમસ્ત પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આમ શાળાનું, સમાજનું, માતાપિતાનું નામ રોશન કર્યું હતું છે ત્યારે ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીમાં નવોદય પ્રવેશ પરીક્ષા માટેની તાલીમ લીધી હતી તો તાલીમ વર્ગનું ગૌરવ વધારવા બદલ તાલીમ



વર્ગના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણાએ પણ ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી અને ઉતરોતર પ્રગતિના શિખરો સર કરો એવી આશા વ્યક્ત કરી હતી.

# થરા જલારામ મંદિર તથા શ્રી કૃષ્ણ ગૌસેવા ટ્રસ્ટ દ્વારા આનંદ વાડી ખાતે મોતીયાના ઓપરેશન નો કેમ્પ યોજાયો ૩૦૦થી વધારે લોકોએ લાભ લીધો હતો



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૨ ।

શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ, રાજકોટ તથા શ્રી વાદળી ગૌ હોસ્પિટલ શિહોરી, શ્રી શિહોરી વેપારી વિકાસ મહામંડળ અને શ્રી જલારામ મંદિર-થરા તથા શ્રી કૃષ્ણ ગૌસેવા ટ્રસ્ટ-થરા ગૌસેવા માનવ સેવા મંડળ, થરા સંયુક્ત ઉપક્રમે આયોજીત આધુનિક ફેકો મશીન દ્વારા આંખના મોતીયાનો વિનામૂલ્યે નિદાન તથા ઓપરેશન કેમ્પ આનંદવાડી, એચ પી. ગેસની બાજુમાં, થરા રોડ શિહોરી ખાતે યોજાઈ ગયો. આ કેમ્પમાં ૩૦૦થી વધારે લોકોએ લાભ લીધો હતો. આ પ્રસંગે ભારતસિંહ ભટેસરિયા, રાજેશભાઈ એ. ઠક્કર મહેન્દ્રભાઈ જોષી, સુરેશભાઈ જોષી, ઈશ્રવરભાઈ પટેલ, ભરતભાઈ હાલાણી, નિરંજનભાઈ ઠક્કર, ભરતસિંહ ડાભી, વિજયભાઈ સોની, પંકજ ભાઈ સાયતા, લાલાભાઈ ઠકકર, તરુણ ભાઈ ઠકકર, પ્રકાશ ભાઈ જોષી, વિજયભાઈ ઠકકર, અણદાભાઈ પ્રજાપતિ, જયેશ ભાઈ ગૌસ્વામી, દેવાભાઈ પુરોહિત હર્ષદભાઈ ઠકકર વિગેરે સુંદર આયોજન કરી સેવા કરવાનો લાભ લીધો હતો.

# ઝાલોદ નફીશ મટનશોપની દુકાને થી પોલીસને એક કતલ કરેલું ગૌ વંશ મળી આવ્યું : ત્રણ ઈસમોની અટકાયત કરાઈ

## એક જીવિત ગૌ વંશ ક્રૂરતા વડે બાંધેલું જીવિત મળી આવ્યું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

ઝાલોદ પોલીસને તારીખ ૦૧-૦૪-૨૦૨૪ ના રોજ નાઈટ પેટ્રોલીંગ કરી રહેલ હતી ત્યારે તેમને બાતમી મળેલ હતી કે પડી મહુડી રોડ પર મૌલાના આઝાદ સ્કૂલ પાસે દારૂલુમની સામે નફીશ મટન શોપ નામની દુકાન /મકાનમા અંદરના ભાગે ઈરફાન મહંમદ સાઠીયા સફેદ કલરની વગર નંબરની પીકઅપ ગાડીમા ગૌ વંશ લાવી તેનું કતલ કરી વહેંચવાની તૈયારીમાં છે. જે આધારે ઝાલોદ પોલીસ સ્ટેશનના સે.પો.સ.ઈ સી.કે.સીસોદીયા દ્વારા પોલીસ સ્ટાફને સાથે રાખી બાતમી વાળી જગ્યાએ જઈ તપાસ આદરી હતી.

બાતમી વાળા મટન શોપની અંદર જઈ તપાસ કરતા ત્રણ ઈસમો (૧) ઈરફાન મહંમદ સાઠીયા (૨) રીઝવાન રજાક ટીમીવાળા (૩) મુસ્તાક ઈસુફ શેખ હાથમાં પશુઓ કાપવાના સાધનો લઈ ઉભા હતા. પોલીસ દ્વારા ત્રણે ઈસમોને સ્થળ પરથી ઝડપી પાડી પોલીસ સ્ટેશનમાં વધુ તપાસ અર્થે લાવવામાં આવેલ હતા. પોલીસ દ્વારા મટન શોપની દુકાન/મકાનની તલાશી લેતાં એક ગૌ વંશનુ માથું કાપેલું હતું અને ત્યાં સ્થળ પર મૃત ગૌ વંશનુ લોહી વેરાયેલું હતું તેમજ ગૌ વંશને ક્રૂરતા પૂર્વક બાંધેલું જોવા મળેલ હતું. ત્યાં જ પાસે એક બીજું જીવિત ગૌ વંશ ઘાસ ચારાની સગવડ વિના ક્રૂરતા પૂર્વક બાંધેલું જોવા મળેલ હતું. પોલીસ દ્વારા સ્થળ પરથી ગૌ વંશ કાપવાના સાધનો કબજે કર્યા હતા તેમજ મૃત થયેલ ગૌ વંશનુ સેમ્પલ લઈ તેને એફ.. એસ.એલ મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી ,તેમજ મૃત ગૌ વંશને જમીનમાં ખાડો ખોદી દાટી દેવામાં આવ્યું હતું અને જીવિત ગૌ વંશને પાંજરાપોળ મોકલવા માટેની તજવીજ હાથ ધરવામાં આવેલ હતી.

# અમદાવાદ લોકસભા બેઠક વિસ્તારોમાં સભા/સરઘસ/રેલીની પરવાનગી માટે સિંગલ વિન્ડો સિસ્ટમ કાર્યરત

## રાજકીય પક્ષોને પ્રચાર ઝુંબેશ માટે વાહનોના ઉપયોગ કરવાની પરવાનગી પૂરી પાડશે સિંગલ વિન્ડો સિસ્ટમ

। અમદાવાદ, તા.૨ ।

દેશમાં લોકસભા ચૂંટણીનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે ગુજરાત રાજ્યમાં શાંતિપૂર્ણ રીતે અને નિષ્પક્ષ વાતાવરણમાં મતદાન પૂર્ણ થાય તે માટે રાજ્ય ચૂંટણી પંચ અને જિલ્લા કક્ષાએ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આયોજન પૂર્વક કામગીરી કરવામાં આવી રહી છે. અમદાવાદ જિલ્લાના લોકસભા બેઠક વિસ્તારોમાં રાજકીય પક્ષોને જાહેર સભા/સરઘસ/રેલીઓનું આયોજન, લાઉડસ્પીકરના ઉપયોગ અંગે પરવાનગી આપવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સિંગલ વિન્ડો સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. સિંગલ વિન્ડો સિસ્ટમમાંથી જ રાજકીય પક્ષોને પ્રચાર ઝુંબેશ માટે વાહનોના ઉપયોગ કરવાની તથા બિન-વાણિજિયક/દૂરસ્થ/અનિયંત્રિત એરપોર્ટ/હેલિપેડનો ઉપયોગ પરવાનગી પણ પૂરી પાડવામાં આવશે.

સિંગલ વિન્ડો સિસ્ટમ અંગે મીડિયાના માધ્યમથી વિગતો રજૂ કરતાં ડેપ્યૂટી કલેક્ટર સુશ્રી રિદ્ધિ શુક્લે જણાવ્યું કે, અત્યાર સુધી સિંગલ વિન્ડો સિસ્ટમ દ્વારા જિલ્લામાં સભા/સરઘસ/રેલી માટે કુલ ૧૮ અરજીઓ, ચૂંટણી પ્રચારમાં વાહનોના ઉપયોગ અંગેની ૦૪ અરજીઓ, ચૂંટણી પ્રચાર અંગેના હોર્ડિંગ્સની ૪૩ અરજીઓ પ્રોસેસ કરીને પરવાનગી આપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પરવાનગી મેળવવા માંગતા રાજકીય પક્ષો/ઉમેદવારોએ કાર્યક્રમના ઓછામાં ઓછા ૪૮ કલાક પહેલા અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સ્થાપવામાં આવેલા સિંગલ વિન્ડો સિસ્ટમની કચેરી ખાતે નિયત નમૂનામાં અરજી કરવાની રહે છે. એકથી વધુ કાર્યક્રમ (EVENT) માટે અલગ અલગ અરજી કરવાની રહેશે તેમજ તે અરજીની કુલ-૩ (ત્રણ) નકલ આપવાની રહેશે.

# ઝિંદગી એપ્રિલના મહિનામાં તમારાં સ્ક્રીન્સ પર ભાવનાઓનું કેલિડોસ્કોપ લાવે છે

। અમદાવાદ, તા.૨ ।

ભારતીય દર્શકોને સીમાપાર વાર્તાઓની દુનિયામાં લઈ જતી અને તેની હૃદયસ્પર્શી વાર્તાઓ માટે ઓળખાતી અવ્વલ ચેનલ ઝિંદગી દર્શકોને આ એપ્રિલમાં ભાવનાઓના અવિસ્મરણીય પ્રવાસે લઈ જવા માટે સુસજ્જ છે. તમારી આંખોમાંથી પાણી લાવી દે તેવી પળોથી લઈને તમને પેટ પકડાવીને હસાવતાં દ્રશ્યો સુધી અને પ્રેમની હૃદયસ્પર્શી વાર્તાથી તમને અટકળો લગાવવા માટે પ્રેરિત કરતી રોચક વાર્તાઓ સુધી ઝિંદગીના કાર્યક્રમો ભાવનાઓનો ખજાનો છે.

હાનિયા આમિર, ફરહાન સઈદ, સજલ અલી, બિલાલ અબ્બાસ ખાન, સબા કમર, સામી ખાન જેવા પ્રતિભાશાળી કલાકારો સાથે આ મહિનાના શો નિશ્ચિત જ કાયમી પ્રભાવ પાડશે. #KuchAchaDikhaoના જોશને અંગીકાર કરતાં ઝિંદગીનું લક્ષ્ય અપેક્ષાઓની પાર જવાનું અને દરેક સાથે સુમેળ સાધે તેવું ઉત્તમ મનોરંજન પૂરું પાડવાનું છે. તો ઝિંદગી રોચક વાર્તાઓ અને અદભુત અભિનય સાથે આગળ વધી રહી છે ત્યારે ભાવનાઓની આ દુનિયામાં ગળાડૂબ થવા માટે સુસજ્જ રહો.

**આ એપ્રિલમાં તમારે ચૂકવા નહીં જોઈએ તેવા શોની યાદી નીચે મુજબ છે**

**મેરે હમસફર** - "મેરે હમસફર" ૧૦મી એપ્રિલથી પ્રસારિત થશે, જે સઘન ડ્રામા અને રોમાન્સની વાર્તામાં હાનિયા આમિર અને ફરહાન સઈદ છે. બ્રિટિશ- પાકિસ્તાની મહિલા હાલા તેના પિતાએ તરછોડ્યા પછી પાકિસ્તાનમાં તેના જીવનમાં ઊથલપાથલ મચી જાય છે. પરિવાર દ્વારા ખરાબ વ્યવહાર છતાં હમઝા સાથે તેના સંબંધો ત્યાં સુધી ખીલે છે જ્યાં સુધી ગોપનીયતા અને ગેરસમજૂતીથી તેમના સંબંધમાં તણાવ નહીં આવે. પરિવાર થકી મુશ્કેલીઓ, પ્રેમમાં દગાબાજી અને અણધાર્યા જોડાણો સાથે આ સિરીઝ તેઓ એકબીજામાં પામે ચે તે રિડેમ્પશન, માફી અને શક્તિના તેમના પ્રવાસમાં લઈ જાય છે.

**સુનો ચંદા** - "સુનો ચંદા" ૧૯મી એપ્રિલથી શરૂ થશે. આ પેટ પકડાવીને હસાવનારી કોમેડીમાં ઈકરા અઝીઝ, ફરહાન સઈદ, મશાલ ખાન, નબીલ ઝુબેરી, સમીના અહમદ, નાદિયા અફઘાન અને ફરહાન અલી આગા છે. વાર્તા કઝિન્સ અર્સલ અને અજિયા ફરતે વીંટળાયેલી છે, જેઓ તેમના પરિવારમાં રોમાંચ વચ્ચે તેમના બાકી લગ્ન સ્વાગત સમારંભ પડતો મૂકવા માટે ગોપનીય રીતે કાવતરું ઘડે છે. જોકે તેમની યોજના બહાર આવે તેમ અણદેખીતી સંજોગો ધાંધલ અને હાસ્ય લાવે છે, જે દર્શકોનું ભરપૂર મનોરંજન કરશે અને તેમને જકડી રાખશે. હાસ્ય અને ડ્રામાના સંમિશ્રણ સાથે આ શો જોવાની મજા આવશે અને તમે સતત વધુ માટે માગણી કરતા રહેશે.

**કુછ અનકહી** - પહેલી વાર ૧૬મી એપ્રિલે પ્રસારિત થનારી આ સોશિયલ રોમાન્સ કોમેડી વિવિધ પાર્શ્વભૂના પરિવારની ગતિશીલતા, મહિલાની સામાજિક પ્રગતિ અને પાત્રો આલેખિત કરે છે. વાર્તા આલિયા ફરતે વીંટળાયેલી છે, જે રિયલ એસ્ટેટમાં મધ્યમ વર્ગની મહિલા પડકારોનો સામનો કરે છે, કારણ કે તેના પિતા આગા જાન મિલકતનો કેસ લડી રહ્યો છે. વ્યાવસાયિક દુશ્મની અને અંગત સંઘર્ષ વચ્ચે આલિયાનું જીવન સલમાન સાથે આંતરગૂંથાય છે, જે અણધાર્યા વળાંકો અને ભાવનાત્મક ઊંડાણ લાવે છે. સજલ અલી, બિલાલ અબ્બાસ ખાન, શેહરયાર મુનાવર, સૈયદ મહંમદ અહમદ, મીરા સેઠી, કુદસિયા અલી અને વનીઝા અહમદ સહિતના કલાકારો સાથે આ શો પ્રેમ, મહત્ત્વાકાંક્ષા અને આધુનિક સંબંધોની ગૂંચની રોચક વાર્તા છે.

**સરાબ** - "સરાબ" સાથે મંત્રમુગ્ધ કરનારા પ્રવાસ પર નીકળી પડો. શો ૩જી એપ્રિલથી પહેલી વાર પ્રસારિત થવાનો છે. આ રોચક ડ્રામા અને સાઈકોલોજિકલ ફિકશનમાં સામી ખાન, સોનિયા હુસૈન, નઝીશ જહાંગીર અને ઘના અલી છે, જેની વાર્તા અણધારી હોવા સાથે મંત્રમુગ્ધ કરનારી છે. વાર્તામાં હુરૈનનો ભૂતકાળ સ્કિઝોફેનિયા સાથેનો સંઘર્ષ અણધારી રીતે બહાર આવે છે. કઝિન અસ્ફના મજબૂત ટેકા સાથે તેમની પ્રેમકથા માનસિક સ્વાસ્થ્યની ગૂંચ વચ્ચે આકાર કેન્દ્રમાં આવે છે. શું પ્રેમ બધા પર જીત મેળવી શકે? શું માનસિક સ્વાસ્થ્યને પણ હરાવી શકે? આ રહસ્ય જાણવા માટે સરાબ જુઓ અને વાસ્તવિકતા અને કલ્પનાને અત્યંત રોચક રીતે આકાર લેતા જુઓ.

ભાંગી પડેલાં સપનાં અને નકામી સ્થિતિસ્થાપકતાની રોચક વાર્તા બાઘી કહે છે, ૧૮મી એપ્રિલથી પ્રસારિત થનારી આ સિરીઝમાં સબા કમર, ઉસ્માન ખાલીદ બટ, ખાલીદ મલિક, અલી કાઝમી, સરમદ ખૂસત, યાસીર હુસૈન અને નિમરા ખાન છે. ફૌઝિયા મોડેલિંગમાં કારકિર્દી બનાવવા માગે છે, પરંતુ દગાબાજીને લીધે તે શોષણ અને કઠિણાઈઓનો ભોગ બને છે. તે મુશ્કેલીઓ સાથે સંઘર્ષ કરે છે ત્યારે એક બળબળતો પ્રશ્ન ઉપસ્થિત થાય છેઃ શું ફૌઝિયા માઠી સ્થિતિઓમાંથી ઊભરીને પોતાનાં સપનાં સાકાર કરી શકશે? કટિબદ્ધતા અને જીતનો સઘન ડ્રામા જોતા રહો, જ્યાં દરેક વળાંક બાઘીના નાટકીય પ્રવાસને નવી ઊંચાઈએ લઈ જાય છે.

## ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના પ્રજ્ઞાચક્ષુ યુવાનોએ લીધા અચૂક મતદાનના શપથ

# ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના પ્રજ્ઞાચક્ષુ યુવાનોએ લીધા અચૂક મતદાનના શપથ

। અમદાવાદ, તા.૨ ।

યુવાનોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા તથા પ્રથમ વાર મતદાન કરનાર યુવા મતદારો અચૂક મતદાન કરે તેવા હેતુથી અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત યુનિવર્સિટી-ઓ તથા શૈક્ષણિક સંસ્થાઓમાં 'મતદાન જાગૃતિ' અંગેના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ ઉપરાંત ચૂંટણી તંત્ર દ્વારા દિવ્યાંગ મતદારોની સુવિધા પર વિશેષ કાળજી લેવામાં આવી રહી છે.



જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ અંતર્ગત વિવિધ કાર્યક્રમો થકી યુવાનોને લોકશાહીના મહાપર્વના સહભાગી થવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

જે અંતર્ગત પ્રજ્ઞાચક્ષુ અને દિવ્યાંગ મતદારો પણ મતદાન કરે તેવા હેતુથી અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તેમને લગતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ત્યારે ગુજરાત યુનિવર્સિટી-ના સમાજશાસ્ત્ર વિભાગના પ્રજ્ઞાચક્ષુ મતદારો માટે ચૂંટણી તંત્ર દ્વારા 'મતદાન જાગૃતિ' અંગેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રજ્ઞાચક્ષુ મતદારોને મતદાન માટેની સક્ષમ એપ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત સક્ષમ એપના વિવિધ ફીચર્સ વિશે પણ જાણકારી આપવામાં આવી હતી. એપ્લિકેશનનો ઉપયોગ કેવી રીતે કરવો તેના વિશે પણ માહિતી આપવામાં આવી હતી. પ્રજ્ઞાચક્ષુ મતદારો સાથે તેમની જ ભાષામાં સંવાદ કરી તમામ જાણકારી આપવામાં આવી હતી. સૌ પ્રજ્ઞાચક્ષુ મતદારોએ અચૂક મતદાન કરી લોકશાહીના મહાપર્વમાં સહભાગી થવાના શપથ લીધા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતીય ચૂંટણી પંચની નિર્દેશિકા અનુસાર દિવ્યાંગતા ધરાવતા મતદારો માટે ઘરેથી મતદાનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત મતદાન મથકો પર સ્વયંસેવકો તથા વ્હીલચેરની સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. વધુમાં દિવ્યાંગ મતદારો સક્ષમ એપ્લિકેશનની મદદથી મતદાન મથકો પર જરૂરી સુવિધાઓ મેળવી શકશે. અમદાવાદ શહેર તથા જિલ્લાના દિવ્યાંગ મતદારો સુગમતાથી મતદાન કરી શકે તે માટેની વ્યવસ્થાઓ સુનિશ્રિત કરવા જિલ્લા ચૂંટણી તંત્ર કટિબદ્ધ છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. તમારા પરિવારના સભ્યો પ્રત્યે તમારો પ્રભુત્વભર્યા અભિગમને કારણે વિના કારણ દલીલો શરૂ થશે તથા ટીકાઓ પણ સર્જાઈ શકે છે. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે ? તમારૂં જીવન આઈજે તમને આવો જ સ્વાદ આપશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. પ્રેમ હકારાત્મક કંપનો દેખાડશે. કામના સ્થળે આજે બધા જ તમને પ્રેમ કરશે તથા ટેકો આપશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. તમારા ઘરનું દ્દશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે. પારિવારિક જવાબદારીઓનો ડુંગર ખડકાશે-તેના કારણે તમારા મગજ પર તાણ વધશે. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. બિનજરૂરી શંકા સંબંધો ને બગાડવા નું કામ કરે છે. તમારે તમારા પ્રેમી પર શંકા ન કરવી જોઈએ.

**તુલા (ર,ત) :**
આજના દિવસે માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. તમારા બાળકોની સમસ્યાઓ સાથે કામ લેવા માટે થોડોક સમય કાઢો. તમારા પ્રેમની બિનજરૂરી માગણીઓ સામે ઝૂકતા નહીં.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારા મગજમાં હકારાત્મક વિચારો લાવો. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. આજે તમારા મધુર પ્રેમ જીવનમાં તમને અદભુતતાનો સ્વાદ માણવા મળશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે. પ્રેમની ઊર્જા તમને પ્રેમ કરવાનું કારણ આપે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે પિતા તમને સંપત્તિના વારસામાંથી બેદખલ કરી શકે છે.પણ હિંમત હારતા નહીં. ઐશ્વર્ય મનને લાડ લડાવે છે જ્યારે અછત તેને મજબૂત બનાવે છે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો.

## ન્યૂઝ બ્રિફ

### આઈપીએલમાં બે મેચના કાર્યક્રમમાં ફેરફાર થયો



**। (એજન્સી) નવી દિલ્હી,તા.૨ ।**

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૭મી સીઝનનો માહોલ જામી ગયો છે. દરેક ટીમોએ ત્રણ-ત્રણ મેચ રમી લીધી છે, પરંતુ આ વચ્ચે બીસીસીઆઈએ આઈપીએલ ૨૦૨૪ના કાર્યક્રમમાં ફેરફારની જાહેરાત કરી છે. પરંતુ બોર્ડે માત્ર બે લીગ મેચની તારીખોમાં ફેરફાર કર્યો છે. કાર્યક્રમમાં ફેરફારનું કારણ આ મહિને યોજાનાર લોકસભા ચૂંટણી છે. ચૂંટણીને કારણે સુરક્ષા સ્વવસ્થાને ધ્યાનમાં રાખતા બે મેચની તારીખને આગળ-પાછળ કરવામાં આવી છે. કાર્યક્રમમાં કરવામાં આવેલો પ્રથમ ફેરફાર કોલકત્તા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સની મેચનો છે. બંને ટીમો વચ્ચે આ મુકાબલો પહેલા ૧૭ એપ્રિલે રમાવાનો હતો. મેચનું આયોજન ઈડન ગાર્ડન્સ કોલકત્તામાં થવાનું હતું, પરંતુ હવે આ મેચ એક દિવસ પહેલા એટલે કે ૧૬ એપ્રિલે રમાશે.

### કચ્ચાતિવુ ટાપુના મુદ્દાને કેમ ચગવી રહ્યો છે ભાજપ?



**। (એજન્સી) તમિલનાડુ,તા.૨ ।**

લોકસભા ચૂંટણીમાં ૪૦૦પારના ભાજપના લક્ષ્યાંકમાં તમિલનાડુનું જે ગણિત છે તે પાર્ટી સામે જે મોટા પડકારો છે તેમાંનો એક ગણી શકાય. હાલ ભાજપ કચ્ચાતિવુ ટાપુને લઈને ખુબ આક્રમક તેવરમાં જોવા મળી રહ્યો છે. લાગે છે કે આ મુદ્દો ચૂંટણી પ્રચારમાં છવાયેલો રહેશે. તમિલનાડુમાં લગભગ ૧૦૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો છે. જેની આજુબાજુ ૬૦૦ જેટલા ગામડા એવા છે જ્યાં માછીમારો વસેલા છે. આ દરિયાકિનારે લગભગ ૧૦ લાખ જેટલા માછીમારો રહે છે. તમને પણ એમ થતું હશે કે આખરે ભાજપ આ ટાપુનો મુદ્દો હાલ કેમ આટલો ચગવી રહ્યો છે. જાણકારો કહે છે કે માછીમારોનો સમુદાય અનેક વિધાનસભા વિસ્તારો અને લોકસભા મતવિસ્તારોમાં અસર ધરાવે છે. તેમના મતથી ચૂંટણીનું પરિણામ નિર્ણાયક સ્તરે પહોંચી શકે છે. રાજ્યમાં હાલ જેની સરકાર છે.

IPL વચ્ચે અચાનક આવ્યા એક ખરાબ સમાચાર

# કેરળ ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન પલિયાથ રવિ અચાનનું નિધન

**। (એજન્સી) નવી દિલ્હી,તા.૨ ।**



હાલ આઈપીએલ ચાલી રહી છે. ટી-૨૦ ક્રિકેટનું આ ફોર્મેટ રોજ નવા નવા રેકોર્ડ કાયમ કરી રહ્યું છે. સાથે જ નવા નવા ખેલાડીઓને મોકો આપી રહ્યું છે. એટલું જ નહીં ક્રિકેટના આ ફોર્મેટને કારણે સિનિયર ખેલાડીઓને પણ બેટિંગ કોચ, બોલિંગ કોચ, બિલ્ડિંગ કોચ, હેડ કોચ અને મેન્ટોર જેવા સન્માનજનક હોદ્દા પર સારા પગારે કામ મળી રહી છે. કરોડો ચાહકો પણ ક્રિકેટના આ ફોર્મેટને ખુબ પસંદ કરે છે. જોકે, આઈપીએલની વચ્ચે આવ્યાં છે એક દુઃખદ અને માઠા સમાચાર. જેને કારણે ક્રિકેટ જગતમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. વધુ એક દિગ્ગજ ક્રિકેટરનું નિધન. પૂર્વ ભારતીય ક્રિકેટર રવિ અચાન હવે આપણી વચ્ચે નથી રહ્યાં. કેરળ ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન પલિયાથ રવિ અચાનનું વૃદ્ધાવસ્થા સંબંધિત લાંબી માંદગીઓને કારણે નિધન થયું છે. તેઓ ૯૬ વર્ષના હતા. અચન ઓલરાઉન્ડર હતા. તેમણે ૧૯૫૨ થી ૧૯૭૦ દરમિયાન કેરળ માટે ૫૫ ફર્સ્ટ ક્લાસ મેચ રમી જેમાં તેમણે ૧૧૦૭ રન બનાવ્યા અને ૧૨૫ વિકેટ લીધી હતી. તેમના પરિવારમાં તેમના પુત્ર કે. આ રામ મોહન છે. રવિ અચાન કેરળ ક્રિકેટ ટીમનો પ્રથમ ખેલાડી હતો જેણે ૧૦૦૦ રન બનાવવા અને ૧૦૦ વિકેટ લેવાની સિદ્ધિ હાંસલ કરી હતી. પલિયાથ રવિ અચાનનું સોમવારે રાત્રે લગભગ ૯ વાગ્યે શ્રીપુનિથુરામાં તેમના પુત્રના ઘરે અવસાન થયું. તેઓ ૯૬ વર્ષના હતા. ઉંમર સંબંધિત બિમારીઓને કારણે છેલ્લા કેટલાક મહિનાઓથી તેમની તબિયત સારી ન હતી. રવિ અચાનનો જન્મ ૧૯૨૮માં પાલિયમ શાહી પરિવારના સભ્ય અનિયંકુટ્ટન થમ્પુરાન અને કોચુકુટ્ટી કુંજમ્માને ત્યાં થયો હતો.

પરાજય છતાં ધોનીના ધમાકાથી નેટ રનરેટમાં ફરક પડ્યો

# ધોનીની બેટિંગ અમારા માટે એકમાત્ર હકારાત્મક બાબત હતી : ફ્લેમિંગ

**। (એજન્સી) ચેન્નાઈ, તા.૨ ।**



ક્રિકેટની રમત પ્રત્યેની જાગૃતિ અને આ રમતના રોમાંચની વાત છે ત્યાં સુધી મહેન્દ્રસિંહ ધોની કરતાં કદાચ અન્ય કોઈ બેટ્સમેન નથી જે ક્રિઝ પર આવતાંની સાથે જ છવાઈ જાય છે અને રવિવારે તે દિલ્હી કેપિટલ્સ સામેની મેચમાં બેટિંગમાં આવ્યો ત્યારે આ વાત પુરવાર થઈ ગઈ હતી તેમ ધોનીની ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમના ચીફ કોચ સ્ટિફન ફ્લેમિંગે જણાવ્યું હતું. ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપ ીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં રવિવારે ચેન્નાઈ અને દિલ્હી વચ્ચે મેચ રમાઈ ત્યારે ધોનીના આગમન બાદ રમતનો રોમાંચ બદલાઈ ગયો હતો. જોકે ચેન્નાઈની ટીમ ટારગેટ સુધી પહોંચી શકી ન હતી પરંતુ ધોનીએ તેની આક્રમક શૈલીથી બેટિંગ કરીને સારું મનોરંજન પૂરૂ પાડ્યું હતું.વર્તમાન આઈપીએલમાં પહેલી વાર પરાજયનો સામનો કરનારી ચેન્નાઈની ટીમના પરાજયનું અંતર ૨૦ રનનું હતું પરંતુ ધોનીએ ૧૬ બોલમાં ૩૭ રન ફટકાર્યા ન હોત તો આ અંતર ઘણું વધારે રહ્યું હોત. આમ પરાજયનું અંતર ઘટાડવાના ધોનીના પ્રયાસથી ચેન્નાઈના નેટ રનરેટમાં ફરક પડી ગયો હતો જે આગળ જતાં તેને કામ લાગી શકે તેમ છે. ધોનીએ દિલ્હીના એનરિક નોર્કિયાની બોલિંગમાં છેલ્લી ઓવરમાં ધૂમ મચાવી હતી અને એક્સ્ટ્રા કવર પર એક સિક્સર ફટકાર્યા બાદ બીજી વાર બોલને મિડ વિકેટ પરથી કૂદાવીને બહાર મોકલી દીધો હતો. ૪૨ વર્ષીય ધોની છેલ્લે ૨૦૧૯માં ભારત માટે રમ્યો હતો પરંતુ ત્યાર પછી પણ આઈપીએલને કારણે તે આજેય આકર્ષણનું કેન્દ્ર રહ્યો છે. ગયા વર્ષે તેણે ઢીંચણની સર્જરી કરાવી હતી.

# જિલ્લાકક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ પસંદગી પ્રક્રિયા અંતર્ગત અમદાવાદ જિલ્લાકક્ષા બેટરી ટેસ્ટ યોજાઈ

**। અમદાવાદ, તા.૨ ।**

જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત આગામી શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૪-૨૫ ના સમયગાળા દરમ્યાન યોજનામાં સમાવવા યોગ્યતા ધરાવતા ખેલાડીઓની પસંદગી કરવા માટે અમદાવાદ જિલ્લાકક્ષાની બેટરી ટેસ્ટનું આયોજન જિલ્લા રમત વિકાસ અધિકારી અમદાવાદની કચેરી દ્વારા તા.૨૯/૦૩/૨૦૨૪ (અં-૯ બહેનો) અને તા.૩૦/૦૩/૨૦૨૪ (અં-૯ ભાઈઓ) તેમજ તા.૦૧/૦૪/૨૦૨૪ (અં-૧૧ ભાઈઓ) અને તા.૦૨/૦૪/૨૦૨૪ (અં-૧૧ ભાઈઓ) દરમ્યાન એથ્લેટીક્સ ટ્રેક નિકોલ રમત સંકુલ, નિકોલ, અમદાવાદ ખાતે કરવામાં આવેલ હતું.

જેમાં કુલ ૧૩૧૪ ખેલાડીઓએ જિલ્લાકક્ષા બેટરી ટેસ્ટમાં ભાગ લીધેલ. જેમાં પસંદગી પામેલ ખેલાડીઓ ઝોનકક્ષાએ બેટરી ટેસ્ટમાં ભાગ લેશે. પસંદગી પામેલ ખેલાડીઓને જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કૂલમાં પ્રવેશ આપવામાં આવશે. જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલમાં પસંદગી પામેલ ખેલાડીઓને ઉચ્ચત્તરનું શિક્ષણ, નિવાસ, ભોજન, અદ્યતન રમતની ઘનિષ્ઠ તાલીમ તથા જે તે રમતના સાધનો જેવી જરૂરી સુવિધાઓ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવશે.





ભારતમાં ૨૦૧૪થી ચાઈનીઝ લસણ પર પ્રતિબંધ છે

# નેપાળમાંથી ચાઈનીઝ લસણની દાણચોરી કરવામાં આવી રહી છે

### ઉત્તર-પૂર્વના રાજ્યોમાં નેપાળ દ્વારા ચાઇનીઝ લસણની દાણચોરીએ કસ્ટમ અધિકારીઓને ચિંતામાં મૂક્યા છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।**

ચીની લસણએ ભારતીય કસ્ટમ અધિકારીઓને એલર્ટ કરી દીધા છે. તાજેતરમાં મોટા પ્રમાણમાં ચાઈનીઝ લસણ ભારતમાં દાણચોરી કરતા પકડાયા બાદ સત્તાવાળાઓએ કસ્ટમ પોસ્ટ પર દેખરેખ વધારી છે. ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલમાં આ બાબત સાથે સંકળાયેલા લોકોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે કસ્ટમ અધિકારીઓએ સ્નિફર ડોગ્સ તૈનાત કર્યા છે અને હોલસેલર્સ અને વેરહાઉસમાં તેમની સ્થાનિક ગુપ્તચરોને ચેતવણી આપી છે. આ તમામ કવાયત નેપાળ અને બાંગ્લાદેશની સરહદેથી ચાઈનીઝ લસણની દાણચોરી રોકવા માટે કરવામાં આવી રહી છે. ચાઈનીઝ લસણમાં ફૂગની શક્યતા છે. વધુમાં, તેમાં જંતુનાશકોનું પ્રમાણ વધુ હોય છે. આ જ કારણ હતું કે વર્ષ ૨૦૧૪માં ભારત સરકારે આ લસણ પર પ્રતિબંધ મૂક્યો હતો. રિપોર્ટમાં કસ્ટમ અધિકારીના હવાલાથી કહેવામાં આવ્યું છે કે ખાસ કરીને બિહાર, ઉત્તર પ્રદેશ અને ઉત્તર-પૂર્વના રાજ્યોમાં ચાઈનીઝ લસણની દાણચોરીના કેસમાં વધારો થયો છે. જેમાં નેપાળ થઈને લસણ લાવવામાં આવે છે. ભારતે ૨૦૧૪માં ચીની લસણની આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો. લસણમાં મોલ્ડ હોવાના અહેવાલો બાદ આ પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. દાણચોરી કરાયેલા લસણમાં જંતુનાશકોનું પ્રમાણ વધુ હોવાની પણ આશંકા છે. ગયા મહિને, કસ્ટમ અધિકારીઓએ સિક્તા લેન્ડ કસ્ટમ પોસ્ટ પર રૂ. ૧.૩૫ કરોડની કિંમતના ૬૪,૦૦૦ કિલો ચાઈનીઝ લસણના શિપમેન્ટને અટકાવ્યું હતું. સ્થાનિક બજારમાં લસણના ભાવમાં વધારો અને નિકાસમાં તીવ્ર વધારાને કારણે દાણચોરીમાં વધારો થયો છે. ઉદ્યોગના આંતરિક સૂત્રોના અંદાજ મુજબ દેશમાં ચાઈનીઝ લસણનો સ્ટોક ૧,૦૦૦ થી ૧,૨૦૦ ટન છે. ગયા વર્ષે નવેમ્બરથી કિંમતો લગભગ બમણી થઈને ૪૫૦-૫૦૦ પ્રતિ કિલો થઈ ગઈ છે.

# રાજસ્થાનમાં CM ભજનલાલ શર્માનો દાવો ‘ભાજપ જ જીતશે

### એક જાહેર સભામાં શર્માએ સતત ત્રીજી વખત રાજ્યની તમામ બેઠકો પર ભાજપની જીતનો દાવો કર્યો છે ભાજપ નિશ્ચિત જીતનો દાવો કરી રહ્યું છે

**। (એજન્સી) રાજસ્થાન,તા.૨ ।**



રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા દાવા સાથે કહ્યું કે આ ચૂંટણીમાં ભાજપની જ જીત થશે. એક જાહેર સભામાં શર્માએ સતત ત્રીજી વખત રાજ્યની તમામ બેઠકો પર ભાજપની જીતનો દાવો કર્યો છે. ભાજપ નિશ્ચિત જીતનો દાવો કરી રહ્યું છે ત્યારે રાજસ્થાનમાં લોકસભાની ચૂંટણી લડવા માટે કોંગ્રેસના નેતાઓની અનિચ્છા સતત સામે આવી રહી છે. કોંગ્રેસ તમામ ૨૫ સીટો પર ઉમેદવારો જાહેર કરવામાં વધુ સમય થઈ રહ્યો છે. ચૂંટણી લડવામાં કોંગ્રેસના ઉમેદવારો પીછેહઠ કરી રહ્યા છે. ઉમેદવારોની અનિચ્છાને લઈને કહેવાય છે કે ૨૦૧૪ અને ૨૦૧૯માં રાજ્યની તમામ ૨૫ લોકસભા બેઠકો પર કોંગ્રેસની મળેલ કારમી હાર બાદ રાજ્યના વરિષ્ઠ નેતાઓ ચૂંટણી લડવાનું ટાળી રહ્યા છે. દેશમાં ૧૮મી લોકસભાની ચૂંટણીની જોરદાર તૈયારીઓ ચાલુ થઈ ગઈ છે. તમામ પક્ષો પોતાની જીત સુનિશ્ચિત કરવા પ્રચારમાં વ્યસ્ત છે. મધ્યપ્રદેશમાં પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહ અને છત્તીસગઢમાં પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ જેવા દિગ્ગજ નેતાઓ કોંગ્રેસ પાર્ટી તરફથી ચૂંટણી લડી રહ્યા છે, પરંતુ રાજસ્થાનમાંથી કોઈ વરિષ્ઠ નેતા ચૂંટણી લડ્યા નથી. કોંગ્રેસ હાઈકમાન્ડની ઈચ્છા છતાં પૂર્વ સીએમ અશોક ગેહલોત, કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ સચિન પાયલોટ, જીતેન્દ્ર સિંહ અને પ્રદેશ અધ્યક્ષ ગોવિંદ સિંહ દોતાસરાએ ચૂંટણી લડવાનો ઈક્રાર કરી દીધો છે. ગેહલોતે જાલોર-સિરોહી બેઠક પરથી તેમના પુત્ર વૈભવ ગેહલોતને ટિકિટ આપી છે. છેલ્લી બે ચૂંટણીમાં મળેલી હાર બાદ કોંગ્રેસના નેતાઓમાં અજાણ્યાનો ભય જોવા મળી રહ્યો છે. આ જ કારણ છે કે ટિકિટ જાહેર થયા બાદ એક ઉમેદવારે ચૂંટણી લડવાનો ઈનકાર કર્યો હતો અને બે ઉમેદવારોએ જાહેરમાં કહ્યું હતું કે તેઓ ચૂંટણી લડવા માંગતા નથી, પરંતુ પક્ષ સંકટમાં છે અને ઉપરથી દબાણને કારણે તેઓ મેદાનમાં ઉતર્યા છે. પક્ષના નેતાઓએ ચૂંટણી લડવાની અનિચ્છા દર્શાવ્યા પછી, કોંગ્રેસ નેતૃત્વને નાગૌર બેઠક પર રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટી (RLP) અને સીકરમાં CPI(M) સાથે સમાધાન કરવાની ફરજ પડી હતી.

## વિશેષ

ભારત કરતા અલગ પ્રકારના વાતાવરણમાં તેનો ગ્રોથ થશે

# અમેરિકા, કેનેડા, UK સહિતના દેશોમાં ભારતીય સ્ટુડન્ટ્સ માટે કપરો સમય

ભારતીય સ્ટુડન્ટ કેનેડા જવાનો વિચાર કરે ત્યારે તેમણે કેનેડા વિશે કેવી કલ્પના કરી હશે? ત્યાં તેઓ સારી કોલેજમાં ભણશે, ભારત કરતા અલગ પ્રકારના વાતાવરણમાં તેનો ગ્રોથ થશે, પાર્ટ ટાઈમ જોબ કરીને સારી એવી કમાણી કરશે અને પછી કેનેડામાં લાઈફ સેટલ થઈ જશે. પરંતુ કેનેડામાં ઘર શોધવાના ફાંફા પડી જાય, જમવાનો ખર્ચ ન પોસાય અને પેટ ભરવા માટે ફૂડ બેંકની લાઈનમાં ઉભા રહેવું પડે તો કેવું લાગે? ઓન્ટારિયોમાં જરૂરિયાદમંદ લોકો માટે કેટલીક ફૂડ બેંક ચાલે છે જેમાં ઘણી વાર સ્ટુડન્ટ પણ જતા હોય છે. તાજેતરમાં આવી એક ફૂડ બેંક પર એટલા બધા વિદેશી સ્ટુડન્ટ આવી ગયા કે તેમણે સ્ટુડન્ટને સર્વ કરવાની ના પાડવી પડી હતી. આ ફૂડ બેંક ચલાવતી મહિલાએ કહ્યું કે એટલા બધા વિદ્યાર્થીઓ તેની પાસે ભોજન માટે આવે છે કે તેને પહોંચી વળાતું નથી. તેના કારણે તેમણે બધાને પાછા મોકલવા પડે છે. ફૂડ બેંકની સંચાલકે કહ્યું કે અગાઉ રોજના માંડ એક કે બે સ્ટુડન્ટ મફતમાં જમવા આવતા હતા. ત્યાર પછી સંખ્યા વધીને ત્રણથી ચાર થઈ ગઈ. હવે તો રોજના પાંચથી ૧૦ સ્ટુડન્ટના ગ્રૂપ જમવા આવે છે જેને પહોંચી વળાતું નથી. આવી જ હાલત બીજી ઘણી ફૂડ બેંક પર છે. હવે તો ચર્ચમાં પણ સ્ટુડન્ટ જમવા માટે આવે છે અને ત્યાં પણ ભોજનનો સપ્લાય ખતમ થઈ ગયો છે. ભારતીય સ્ટુડન્ટમાં વિદેશ ભણવા જવાનો ટ્રેન્ડ એવો જામી ગયો છે કે દુનિયાની દરેક ટોચની યુનિવર્સિટીઓમાં હવે ભારતીયો જોવા મળે છે. ખાસ કરીને અમેરિકા, કેનેડા, યુકે અને ઓસ્ટ્રેલિયા ભારતીયોમાં ફેવરિટ છે. અમુક દેશોમાં તો એજ્યુકેશન સેક્ટર જ ભારતીય સ્ટુડન્ટ પર આધારિત છે. જોકે, છેલ્લા એક વર્ષમાં સ્થિતિ બદલાઈ રહી છે.







ભારતીયો જે સપના જોઈને વિદેશ ગયા હોય તે સાકાર થતા નથી. કેટલીક વખત તો તેમણે કલ્પના પણ ન કરી હોય તેવા ખરાબ અનુભવો થાય છે. ૨૦૧૨થી અત્યાર સુધીમાં વિદેશમાં ભારતીય સ્ટુડન્ટની સંખ્યા આઠ ગણી વધીને લગભગ ૧૫ લાખ થઈ છે. જોકે વિદેશમાં તેમણે જ પ્રોગ્રેસની અપેક્ષા રાખી હતી તે જોવા નથી મળી. ઘણા દેશોમાં ઈમિગ્રેશન વિરોધી પગલાં લેવાઈ રહ્યા છે, રહેવા-જમવાનો ખર્ચ વધી ગયો છે અને ભારતીય સ્ટુડન્ટ્સને તે પરવડતો નથી. મોટા ભાગના ભારતીયો એવું માનીને વિદેશ જાય છે કે ત્યાં થોડા ટાઈમમાં લાઈફ સેટલ થઈ જશે. પરંતુ કેનેડામાં ગયા વર્ષે ઓન્ટારિયોની કેનાડોર કોલેજમાં લગભગ ૧૦૦ ભારતીય સ્ટુડન્ટ હોમલેસ થઈ ગયા હતા કારણ કે તેમને મકાન ભાડે રાખવા પોસાતા ન હતા. તેમણે પોતાની કોલેજની બહાર રસ્તાની સાઈડમાં તંબૂ તાણીને સુવાની ફરજ પડી હતી. કેનેડામાં કોસ્ટ ઓફ લિવિંગ એટલું બધું વધી ગયું છે કે ઘણા વિદ્યાર્થીઓ પરત ઘરે જઈ રહ્યા છે જેમાં ભારતીયો પણ સામેલ છે. આ ઉપરાંત અહીં ઈમિગ્રેશનની સંખ્યા ઘટાડવા પણ પગલાં લેવાય છે. નવા લોકો માટે અહીં આવીને સેટલ થવું એકદમ મુશ્કેલ બની ગયું છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ કહ્યું હતું કે કેનેડામાં લોકો વૃદ્ધ થઈ રહ્યા છે અને જન્મદર નીચો છે, તેને પહોંચી વળવા માટે ઈમિગ્રેશન પર જ આધાર રાખવો પડશે. પરંતુ ઈમિગ્રેશનને ખુલ્લો દોર અપાયો તેનાથી વસતીવધારાનો દર રેકોર્ડ લેવલે પહોંચી ગયો છે. હવે તે ટ્રેન્ડ ધીમે ધીમે રિવર્સ થઈ રહ્યો છે. ઓફિશિયલ ડેટા પ્રમાણે ૨૦૨૩ના પ્રથમ છ મહિનામાં લગભગ ૪૨૦૦૦ લોકો કેનેડા છોડી ગયા હતા. ૨૦૨૨માં ૯૩,૪૦૦ લોકોએ કેનેડા છોડ્યું હતું અને ૨૦૨૧માં ૮૬,૦૦૦ લોકો કેનેડા છોડી ગયા હતા. ઓસ્ટ્રેલિયા અત્યાર સુધી વિદેશી સ્ટુડન્ટ્સને ખુલ્લા મને આવકારતો દેશ હતો, પરંતુ ત્યાં પણ સ્થિતિ બદલાઈ રહી છે. ઓસ્ટ્રેલિયામાં પણ જીવનધોરણનો ખર્ચ બહુ ઉંચો આવે છે, મકાનના ભાડા પોસાય નહીં એટલી હદે વધી ગયા છે અને જે સ્ટુડન્ટ અહીં ભણવા કરતા જોબના ઈરાદાથી આવતા હતા તેમના માટે સ્થિતિ બહુ ટફ છે. એક રિસર્ચ પ્રમાણે ઓસ્ટ્રેલિયામાં શેરિંગ આધારિત રુમ અથવા ડોર્મેટરીના ભાડામાં ૧૫ ટકા વધારો થયો છે. ઓસ્ટ્રેલિયામાં લગભગ ૧.૨૦ લાખ ભારતીય સ્ટુડન્ટ છે અને કુલ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટમાં ભારતીયો બીજા સ્થાને છે. ઓસ્ટ્રેલિયા ભણવા આવવું હોય તો હવે તમારે હવે વધારે ડોલરની બચત બતાવવી પડે છે. છેલ્લા એક વર્ષમાં રૂમનું ભાડું સપ્તાહના ૩૩૦ ડોલર સુધી પહોંચી ગયું છે જે બહુ વધારે કહેવાય કારણ કે એક ઓસ્ટ્રેલિયન ડોલર લગભગ ૫૪ રૂપિયાની આસપાસ થાય છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ઓસ્ટ્રેલિયામાં ૫.૧૦ લાખ નેટ ઈમિગ્રેશન થયું હતું. પરંતુ હવે આ સંખ્યા ઘટાડીને ૨.૫૦ લાખ કરવામાં આવશે. યુકે, ન્યૂઝિલેન્ડ અને અમેરિકામાં પણ વિદેશી સ્ટુડન્ટ માટે હાઉસિંગની આવી જ તકલીફો છે તેમ એજ્યુકેશન સેક્ટરના નિષ્ણાતોનું કહેવું છે. ભારતીય સ્ટુડન્ટમાં UK પણ ફેવરિટ દેશ રહ્યો છે, પરંતુ અહીં ધીમે ધીમે સ્થિતિ બદલાઈ રહી છે. બ્રેક્ઝિટ પછી UKની ઈકોનોમી પહેલા જેવી મજબૂત નથી રહી. અહીં પણ માઈગ્રન્ટ વિરોધી વાતાવરણ જામી રહ્યું છે. UKની સરકારે તાજેતરમાં વિદેશી સ્ટુડન્ટની સંખ્યા ઘટાડવા માટે ઘણા પગલાં લીધા છે. તેના કારણે અહીં જોબની સંભાવના ઘટી ગઈ છે અને ભારતથી ડિપેન્ડન્ટ કે જીવનસાથીને યુકે લઈ જવાનું પણ મુશ્કેલ બન્યું છે.

## ન્યૂઝ બ્રિફ

### ખેડામાં ચૂંટણી પહેલા સેવાલિયા ચેકપોસ્ટ પર હથિયાર ઝડપાયા

। (એજન્સી) સેવાલિયા,તા.૨ ।

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે. ૧૯ એપ્રિલથી પ્રથમ તબક્કાનું મતદાન શરુ થવાનું છે. ચૂંટણીની તારીખ જાહેર થતાની સાથે જ આચારસંહિતા પણ લાગુ પડી ગઈ છે. જો કે આચારસંહિતા ભંગ પણ જોવા મળી રહ્યુ છે. ખેડામાં ચૂંટણી પહેલા સેવાલિયા ચેકપોસ્ટ પર હથિયાર ઝડપાયા છે. લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે. ૧૯ એપ્રિલથી પ્રથમ તબક્કાનું મતદાન શરુ થવાનું છે. ચૂંટણીની તારીખ જાહેર થતાની સાથે જ આચારસંહિતા પણ લાગુ પડી ગઈ છે. જો કે આચારસંહિતા ભંગ પણ જોવા મળી રહ્યુ છે. ખેડામાં ચૂંટણી પહેલા સેવાલિયા ચેકપોસ્ટ પર હથિયાર ઝડપાયા છે. ખેડા જિલ્લાના સેવાલિયા ચેકપોસ્ટ પર ચેકિંગ ચાલી રહ્યુ હતુ. તે દરમિયાન મધ્યપ્રદેશથી જામનગર જતી બસમાં તપાસ કરવામાં આવી રહી હતી. તપાસ દરમિયાન બસમાં ૩ શખ્સો હથિયાર સાથે પકડાયા હતા. તેમની પાસેથી ૨ દેશી પિસ્તોલ, એક તમંચો અને ૯ જીવતા કારતૂસ જપ્ત કરવામાં આવ્યા છે.

### ગીરના ૧૬ થી વધુ ગામના લોકોએ ઉચ્ચારી ચૂંટણી બહિષ્કારની ચીમકી

। (એજન્સી) જુનાગઢ,તા.૨ ।

દેશમાં લોકસભા ચૂંટણીના પડઘમ વાગી ચુક્યા છે અને તમામ રાજકીય પાર્ટીઓ પ્રચારમાં તાકાત લગાવી રહી છે. ત્યારે જુનાગઢ લોકસભા મતવિસ્તારમાં આવતા ગીરના ૧૬થી વધુ ગામના લોકોએ ઈકોઝોનની અમલવારીના વિરોધમાં ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે. લોકસભાની ચૂંટણીનો એકદમ માહોલ જામી ચૂક્યો છે. રાજકીય પક્ષોના ઉમેદવારો ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત બન્યા છે. આવા સમયે જુનાગઢ લોકસભામાં આવતા ગીર વિસ્તારના ૧૬ કરતાં વધુ ગામના લોકોએ ઈકોઝોનની અમલવારીને લઈને પોતાનો વિરોધ દર્શાવ્યો છે. આગામી થોડા જ દિવસોમાં જો ઈકોઝોનને લઈને કોઈ નિર્ણય નહીં આવે તે લોકસભા ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે. ઉલ્લેખનિય છે કે. ઈકોઝોનની અમલવારીને લઈને છેલ્લા એક દશકાથી ગીર જંગલ વિસ્તારના ખેડૂતોને ખૂબ મુશ્કેલી વેઠવી પડે છે. ખેતરમાં કોઈ બાંધકામથી લઈને વિજ લાઈન નાખવા સુધી વનવિભાગની મંજૂરી લેવી પડે છે.

### ભાજપના પ્રદેશ અધ્યક્ષ પરસોત્તમ રૂપાલાનો મુદ્દો

# રાજપૂતોના આક્રોશ વચ્ચે પાટીલનું મોટું નિવેદન, રાજકોટમાં રૂપાલા નહિ જ બદલાય

## કોઈ પણ સમાજનો રોષ હોય એ સ્વભાવિક છે પરંતુ હવે માફી માંગી લીધી છે તેથી ક્ષત્રિય સમાજે મોટું મન રાખીને માફ કરે

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

રાજપૂતોના વિરોધ વચ્ચે રાજકોટમાં રૂપાલા નહિ જ બદલાય તેવુ આખરે ભાજપના પ્રદેશ અધ્યક્ષ પરસોત્તમ રૂપાલાએ કહી દીધું છે. ડેમેજ કન્ટ્રોલ કરવાનો પ્રયાસ કરી રહેલા ગુજરાત ભાજપે હાલ ગાંધીનગરમાં રાજપૂત આગેવાનો સાથે બેઠક યોજી હતી. જેના બાદ પ્રેસ કોન્ફરન્સ સંબોધીને સીઆર પાટીલે કહ્યું કે, ક્ષત્રિય સમાજે મોટું મન રાખીને રૂપાલાને માફ કરી દેવા જોઈએ. તેમણે ત્રણેકવાર માફી માંગી છે. તેમજ પાટીલે અંતે એમ પણ કહ્યું કે, રાજકોટમાં ઉમેદવાર તરીકે પરસોત્તમ રૂપાલાને બદલવાની કોઈ જરૂરિયાત નથી. પ્રેસ કોન્ફરન્સમાં સીઆર પાટીલે કહ્યુ હતું કે, છેલ્લા કેટલાક દિવસથી રાજકોટ બેઠક પર પરસોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજ માટે એક ટિપ્પણીને કારણે સમાજ રોષ ફેલાયો હતો. જેમાં રૂપાલાજીએ ત્રણેક વખત માફી માંગી હતી. હજી પણ સમાજનો રોષ ઓછો થતો નથી.



આજે ભાજપે રાજપૂતના સમાજના આગેવાનોની હાજરીમાં, મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં અમે બેઠક કરી હતી. કોઈ પણ સમાજનો રોષ હોય એ સ્વભાવિક છે. પરંતુ હવે માફી માંગી લીધી છે. તેથી ક્ષત્રિય સમાજે મોટું મન રાખીને માફ કરે.આ સાથે તેમણે કહ્યું કે, ક્ષત્રિય સમાજના સંકલન સમિતિનો સંપર્ક કરવામાં આવશે. ક્ષત્રિય સમાજની સંકલન સમિતિને આવતીકાલે ત્રણ વાગ્યે મળશે. ધીમે ધીમે વાતાવરણ થાળે પડે એ માટેના પ્રયત્ન કરવામાં આવશે. ક્ષત્રિય સમાજને મારી પણ વિનંતી છે કે ભૂલ માટે માફી પણ માંગવામાં આવી છે તો પાર્ટીની સાથે જોડાઈ એવી વિનંતી. અમદાવાદ ગોતા વિસ્તારમાં આવતીકાલે સંકલન સમિતિની ત્રણ વાગે બેઠક મળશે. પાટીલે કહ્યું કે, રાજકોટમાં રૂપાલાને બદલવાની કોઈ જરૂરિયાત નથી. અમે સમાજના રોષ વિશે સાંભળીશું. વાતાવરણ સરળ બને તેવા પ્રયાસ કરીશું. અમારી આજે અઢી ત્રણ કલાક જેટલી મીટિંગ ચાલી હતી. જવાબદારી નક્કી કરાઈ છે. જલ્દીથી આ વિવાદનો નિવેડો આવે તેવો પ્રયાસ કરીશું. સમાજને વિનંતી છે કે, ભૂલ થઈ છે, માફી મંગાઈ છે, પણ સમાજ પોતાનો રોષ શાંત કરીને પાર્ટીની સાથે જોડાય. ક્ષત્રિય સમાજ વર્ષોથી પાર્ટી સાથે રહ્યો છે. ગમે તમે કરીને રૂપાલાનો વિવાદ શાંત થઈ જ નથી રહ્યો, ઉપરથી વધી રહ્યો છે, ત્યારે સી આર પાટીલના નિવાસસ્થાને આ મુદ્દે મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં ભાજપના ક્ષત્રિય આગેવાનો હાજર રહ્યા હતા. આ બેઠકમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપુત, પૂર્વ કેબિનેટ મંત્રી અને ભાજપના વરિષ્ઠ આગેવાન ભુપેન્દ્રસિંહ ચુડાસમા, આઈ કે જાડેજા, પ્રદિપ સિંહ જાડેજા, કીરીટસિહ રાણા સહિતના આગેવાનો હાજર રહ્યાં હતા. તેમજ ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર પણ જોડાયા હતા.

### અમદાવાદ મંડળ પર મુસાફરોમાં યુટીએસ ઓન

# મોબાઈલ એપ અને એટીવીએમના વ્યાપક ઉપયોગ અને લોકપ્રિયતા માટે ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી



। અમદાવાદ, તા.૨ ।

અમદાવાદ ડિવિઝનના વિવિધ સ્ટેશનો પર ખાસ ઝુંબેશ ચલાવીને રેલ્વે વપરાશકર્તાઓમાં યુટીએસ ઓન મોબાઈલ એપ અને એટીવીએમ (ઓટોમેટિક ટિકિટ વેન્ડિંગ મશીન) ના ઉપયોગને પ્રોત્સાહન આપવા, તેનાથી થતા વિવિધ લાભો અને તેને લોકપ્રિય બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

યુટીએસ ઓન મોબાઈલ એપનો ઉપયોગ થી રેલ્વે મુસાફરો સરળતાથી તેમની બિનઆરક્ષિત ટિકિટ મેળવી શકે છે. હવે મુસાફરો કોઈપણ ભીડ વગર અથવા કતારમાં ઉભા ના રહીને ઘરે બેસીને અથવા સ્ટેશનની ૫૦ કિમીની દાયરામાં રહેતા, તેમના મોબાઈલથી મોબાઈલ એપ પર યુટીએસ ઓન મોબાઈલ એપ દ્વારા અનારક્ષિત (સામાન્ય) ટિકિટ, પ્લેટફોર્મ અને સીઝન ટિકિટ મેળવી શકશે. આ એપ એન્ડ્રોઈડ, વિન્ડોઝ અને આઈઓએસ મોબાઈલ પર ઉપલબ્ધ છે. આ એપ દ્વારા ટિકિટની ચુકવણી ઓનલાઈન માધ્યમ થી કરવામાં આવે છે અને તમે R-Wall[a] રિચાર્જ પર ૩ ટકા વધારાનું બોનસ મેળવી શકો છો. આ પદ્ધતિ દ્વારા પેપરલેસ અને ફિઝિકલ ટિકિટ પણ મેળવી શકાશે. ફિઝિકલ ટિકિટ સ્ટેશનની બુકિંગ ઓફિસ અથવા એટીવીએમ મશીનમાંથી મેળવી શકાય છે.અમદાવાદ ડિવિઝન પર ૧૦ રેલ્વે સ્ટેશનો અમદાવાદ, સાબરમતી, મણિનગર, વિરમગામ, કલોલ, પાટણ, મહેસાણા, પાલનપુર, ગાંધીધામ અને ભુજ, પર એટીવીએમ સુવિધા ઉપલબ્ધ છે જ્યાંથી રેલ્વે મુસાફરો પોતાની જાતને બિનઆરક્ષિત મુસાફરીની ટિકિટ, પ્લેટફોર્મ અને સીઝન ટિકિટ મેળવી શકે છે. ટિકિટની ચુકવણી કરવા માટે, ઊઈ કોડ અને રેલવે સ્માર્ટ કાર્ડ દ્વારા ચુકવણી કરી શકાય છે. રેલવે સ્માર્ટ કાર્ડના રિચાર્જ પર ૩ ટકા વધારાનું બોનસ પણ આપવામાં આવી રહ્યુ છે.

મોબાઈલ એપ અને એટીવીએમ પર યુટીએસ દ્વારા જારી કરાયેલી ટિકિટ પર રેલવે કોઈ વધારાનો ચાર્જ વસૂલતી નથી. અમદાવાદ ડિવિઝન દ્વારા ચલાવવામાં આવેલા જાગૃતિ અભિયાનને કારણે મોબાઈલ એપ પર UTS દ્વારા ટિકિટના વેચાણમાં ૩.૪૬ ટકાથી ૫.૫૯ ટકાનો વધારો થયો છે.

# આતરસુંબા અને કોસમ શક્તિકેન્દ્રની બેઠક યોજાઈ



તસ્વીર : રાજેશ શર્મા, આતરસુંબા

। (પ્રતિનિધી) આતરસુંબા, તા.૨ ।

આજ રોજ કોસમ અને આતરસુંબા શક્તિકેન્દ્રના બુથ પ્રમુખો, શક્તિકેન્દ્ર યુવા સંયોજક, મોદી પ્રચારક અને આગેવાનોની બેઠક કોસમ સરપંચશ્રી કિશનસિંહ ઝાલા સરપંચશ્રીના ફાર્મ ખાતે મળી હતી.

જેમાં ખેડા જિલ્લા સહકારી સંઘના ચેરમેન અને વિસ્તારના સિનિયર આગેવાન શ્રી જયેશભાઈ પટેલ નવાગામ, ખેડા જિલ્લા ભાજપ પૂર્વ મંત્રી શ્રી વિવેકભાઈ પટેલ ( ગોપીભાઈ), કપડવંજ એપીએમસી પૂર્વ ચેરમેન શ્રી અને પૂર્વ જિલ્લા મંત્રી શ્રી નિલેશભાઈ પટેલ, કપડવંજ વિધાનસભાના વિસ્તારક શ્રી દેવરાજભાઈ ગાંધી સહિતના મહાનુભાવો અને આગેવાનોએ આગામી કાર્યક્રમો વિશે માર્ગદર્શન આપ્યું હતુ. કપડવંજ તાલુકા પૂર્વ પ્રમુખ શ્રી મૂળરાજસિંહ સોલંકી, કપડવંજ તાલુકા પૂર્વ પ્રમુખ શ્રી પી.ટી.ઝાલા, કપડવંજ એપીએમસી પૂર્વ ઉપ પ્રમુખ શ્રી જયદીપસિંહ ઝાલા, ધોળાકુવા સરપંચ શ્રી રણજીતસિંહ ઝાલા, કોસમ સરપંચશ્રી કિશનસિંહ ઝાલા, ખેડા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોર્ચા કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા સહિત શક્તિ કેન્દ્રના મોદી પ્રચારકો, બુથ પ્રમુખો, યુવા સંયોજકો સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કોસમ - આતરસુંબા શક્તિકેન્દ્ર તાલુકા પંચાયત સીટમાં કોસમ, ધોળાકુવા-આતરસુંબા-વાઘાવત-કાભઈના મુવાડા-જીતપુરા એમ કુલ આઠ બુથ તથા પાંચ ગ્રામ પંચાયત વિસ્તારનો સમાવેશ થાય છે.

### રાજકોટમાં રખડતી ગાયના કારણે યુવાનનું મોત થતા પરિવાર કોર્ટમાં ગયો

। (એજન્સી) રાજકોટ, તા.૨ ।

ગુજરાતમાં રખડતા ઢોરનો ત્રાસ એટલો વધી ગયો છે કે કેટલાય લોકોના હાડકા ભાંગ્યા છે અને કેટલાકના મોત પણ નિપજ્યા છે. રસ્તા પર રખડતી ગાય કે આખલાના કારણે કોઈને ઈજા થાય અથવા મોત થાય ત્યારે મોટા ભાગે લોકો તંત્રનો વાંક કાઢીને બેસી રહે છે. જોકે, આવા મામલે તંત્ર સામે કેસ પણ થયા છે અને વળતર પણ મળે છે. રાજકોટમાં રખડતી ગાયના કારણે એક યુવાનનું મોત થતા તેનો પરિવાર રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સામે કોર્ટમાં ગયો હતો.

# ઝઘડામાં પતિએ પત્નીને ગળે દોરડા વડે ટૂંપો દઈ મોતને ઘાટ ઉતારી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે ચાંદલા વિધિના રૂપિયા બાબતે દંપત્તિ વચ્ચે થયેલ ઉગ્ર બોલાચાલી દરમિયાન ઉસ્કેરાયેલા પતિએ ૨૫ વર્ષીય પત્નીને ગળામાં દોરડું વિટાળી ગળે ટૂંપો દઈ મોતને ઘાટ ઉતાર્યાના મતલબની પોલીસમાં ફરિયાદ નોંધાતા લીમડી પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

ઝાલોદ તાલુકાના કચુંબર ગામના આમલા ફળિયાની ૨૫ વર્ષીય નીતાબેન કલાસવાના લગ્ન ઝાલોદ તાલુકાના ડુંગરી ગામના ઘાટી ફળિયામાં રહેતા સંજયભાઈ નુરજીભાઈ વગીલા સાથે સમાજના રીત રિવાજ મુજબ થયા હતા. પરમદિવસ તારીખ ૩૦ -૩ - ૨૦૨૪ ને શનિવારના રોજ નીતાબેન સાથે તેના પતિ સંજયભાઈને ચાંદલા વિધિના રૂપિયા ૫૦૦૦ બાબતે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થયા હતા. તે દરમિયાન સંજયભાઈએ એકદમ ગુસ્સામાં આવી નજીકમાં પડેલ દોરડું ઉઠાવી પત્ની નીતાબેનના ગળામાં તે દોરડું વીંટાળી ગળે ટૂંપો દઈ પત્ની નીતાબેનને મોતને ઘાટ ઉતારી દીધી હતી. આ સંબંધે મરણ જનાર નીતાબેનના કચુંબર ગામે રહેતા મોટાભાઈ વિરેશભાઈ જોખનાભાઈ કલાસવાએ નોંધાવેલ ફરિયાદને આધારે લીમડી પોલીસે ડુંગરી ગામના સંજયભાઈ નૂરજીભાઈ વગીલા વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેની ધરપકડના ચક્રો પોલીસે ગતિમાન કર્યા છે.

# માર્ક ઝુકરબર્ગ રિલાયન્સના કેમ્પસમાં ખોલશે ભારતમાં પહેલું Metaડેટા સેન્ટર

। (એજન્સી) જામનગર,તા.૨ ।

તાજેતરમાં ગુજરાતનું જામનગર સમગ્ર વિશ્વમાં ચર્ચાઈ રહ્યું હતું. એશિયાના સૌથી ધનાઢ્ય વ્યક્તિ મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રી-વેડિંગ ઈવેન્ટમાં હાજરી આપવા માટે ભારત અને વિદેશની જાણીતી હસ્તીઓ એકત્ર થઈ હતી. જેમાં બિલ ગેટ્સથી લઈને માર્ક ઝુકરબર્ગ સુધીના દરેકનો સમાવેશ થતો હતો. અહીંની મીટિંગ પછી હવે એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઝુકરબર્ગની આગેવાની હેઠળ ફેસબુકની પેરેન્ટ કંપની મેટા ભારતમાં તેનું પહેલું ડેટા સેન્ટર ચેન્નાઈના રિલાયન્સ કેમ્પસમાં ખોલી શકે છે. રિપોર્ટ અનુસાર, Facebook, Instagram અને WhatsAppની પેરેન્ટ કંપની માર્ક ઝકરબર્ગની મેટા, ચેન્નાઈ, તમિલનાડુમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ખાતે ભારતમાં તેનું પ્રથમ ડેટા સેન્ટર સ્થાપી રહી છે. કેમ્પસમાં ઈન્સ્ટોલ કરી શકાય છે. આ નિર્ણય બંને કંપનીઓ વચ્ચે ચર્ચા બાદ લેવામાં આવ્યો છે અને આ પગલું મેટા માટે ભારતીય બજારના મહત્વને દર્શાવે છે. રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે ચેન્નાઈમાં ડેટા સેન્ટર સ્થાપવાનો નિર્ણય તાજેતરના એક કાર્યક્રમમાં યોજાયેલી ચર્ચા બાદ લેવામાં આવ્યો છે.રિલાયન્સનું ચેન્નાઈ કેમ્પસ બ્રુકફિલ્ડ એસેટ મેનેજમેન્ટ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને ડિજિટલ રિયલ્ટીનું સંયુક્ત કેમ્પસ છે. જે ૧૦ એકરમાં ફેલાયેલું છે અને 100-MW IT લોડ ક્ષમતાને ટેકો આપવા માટે રચાયેલ છે. જામનગરમાં ૧ થી ૩ માર્ચ દરમિયાન અનંત અંબાણી-રાધિકા મર્ચન્ટની પ્રી-વેડિંગ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં હાજરી આપવા માટે માર્ક ઝુકરબર્ગ તેમની પત્ની સાથે પહોંચ્યા હતા. અહીં ઝુકરબર્ગ સંપૂર્ણપણે ભારતીય રંગના પોશાક પહેરેલા જોવા મળ્યા હતા અને તેમણે તેમના રોકાણ દરમિયાન અંબાણીના વંતરાની મુલાકાત પણ લીધી હતી. જોકે મેટાના રોકાણ અંગે કોઈ માહિતી શેર કરવામાં આવી નથી, માર્ચની શરૂઆતમાં એક અહેવાલ અનુસાર, કંપની એક નાનું ડેટા સેન્ટર સ્થાપવાનું મૂલ્યાંકન કરી રહી છે. જે ૧૦-૨૦ મેગાવોટનું હોઈ શકે છે. એવો અંદાજ હતો કે મેટા ભારતમાં આ ક્ષમતાનું તેનું પ્રથમ ડેટા સેન્ટર સ્થાપવા માટે રૂ. ૫૦૦ થી રૂ. ૧,૨૦૦ કરોડનું રોકાણ કરી શકે છે. ભારતમાં મેટાનો યુઝર બેઝ તેના યુએસ યુઝર બેઝ કરતા નોંધપાત્ર રીતે મોટો છે અને કંપનીએ તેના છેલ્લા ત્રિમાસિક કમાણી કોલ દરમિયાન ભારતમાંથી જાહેરાતની આવકમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી છે. નોંધનીય છે કે ફેસબુકના માર્ક ઝુકરબર્ગ વિશ્વના ટોપ-૧૦ અબજોપતિઓની યાદીમાં સામેલ છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, તેઓ ઈ૧૭૫ બિલિયનની નેટવર્થ સાથે વિશ્વના ચોથા સૌથી ધનિક વ્યક્તિ છે.






માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨